केळवणीप्रकार.

કિંમત ૫ આના.

The Department of Public Instruction, Bombay.

केळवणीप्रकार.

METHODS OF TEACHING

AND

SCHOOL MANAGEMENT.

રચનાર.
રાવ સાહેબ મહીપતરામ રૂપરામ નીલકંઠ, સી. આઇ. ઈ.
માજી ગુજરાતી ટ્રાન્સલેટર, એ. ડિપાર્ટમેન્ટ.

FOURTH EDITION

Published by
Karsandas Narandas & Sons.
SURAT.

1919.

Price Five annas. કિંમત ૫ આના.

સુરત, ચૌટાના પૂલ ઉપર આવેલા **"સુરત સીટી"** પ્રિન્ટિંગ
પ્રેસમાં **ઠાકોરદાસ માનસિંહે** છાપી.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, નાણાવટ—**સુરત.**

प्रस्तावना.

હરેક ધંધો કરવા માંડવા પહેલાં તે શીખવો પડે છે. ખેડુત, સુતાર, લુહાર, સલાટ, સોની, કડીઆ, વણકરાદિ કારીગરોના છોકરા પોતપોતાના હુન્નર પ્રથમ શીખ્યા પછી કરી શકે છે. વેપારી અને તેમના વાણોતરો પ્રથમ નામાં લખતાં શીખે છે અને અનુભવ મેળવે છે, ત્યારે પોતાના કામને યોગ્ય થાય છે. વકીલોને કાયદા ભણી પરીક્ષા આપવી પડે છે ત્યારે વકીલાત કરવાની સનદ મળે છે. સરકારી કામદારો અને રાજકારભારીઓ ભણી ગણી અનુભવ મેળવે ત્યારે પોતાનાં કામ ઘટતી રીતે કરી શકે. જેમને વિદ્યાગુરુ થવું હોય તેમણે પણ પ્રથમ ભણવું અને પછી ભણાવતાં શીખવું જોઈએ. આપણા દેશમાં સરકારે નિશાળો સ્થાપવા માંડી ત્યારથી આ બાબત પર લક્ષ આપવા માંડયું છે. આરંભમાં મહેતાજી થનારને મુંબઈમાં ભણાવી નોકરી આપતા. પછી સુરતમાં નોર્મલ કલાસ કર્યો. તથાપિ નિશાળોની સંખ્યા ઉતાવળે વધવાથી એ કલાસથી મહેતાજી પુરા પડયા નહિ, ને ટ્રેન્ડ નહિ થએલા એવા ઘણા માણસો મહેતાજી થયા. પછી અમદાવાદમાં ટ્રેનિંગ કૉલેજ અને સુરતમાં ટ્રેનિંગ સ્કૂલ સ્થાપન થયાં. થોડાં વરસ પછી સુરતની સ્કૂલ ને અમદાવાદની કૉલેજ જોડે ભેળી દીધી અને રાજકોટમાં ટ્રેનિંગ કૉલેજ સ્થાપી. જેઓ મહેતાજી થવાની ઉમેદ રાખે છે તેઓને આ કૉલેજમાં, નિશાળમાં શીખેલા તે ઉપરાંત, વધારે વિદ્યા શીખવે છે તથા ભણવાની કળા શીખવે છે. એ કળા વિષે હોપસાહેબનાં ભાષણો વગેરે પરથી નિશાળપદ્ધતિ નામે પોથી મેં રચી. તેની બે આવૃત્તિ ખપ્યા પછી શિક્ષાપદ્ધતિ નામે બીજું પુસ્તક કેળવણી ખાતાના ડિરેકટર સાહેબના હુકમથી પ્રગટ કર્યું. શિક્ષકોને જણાવવા જોગ કેટલીક બાબતો તેમાં નહિ હોવાથી આ ગ્રંથ રચ્યો છે. એ શીખ્યા કેડે વિદ્યાગુરુ થનારે નિશાળપદ્ધતિનો તથા શિક્ષાપદ્ધતિનો અભ્યાસ અવશ્ય કરવો. નિશાળીઆને ભણાવવા અને કેળવવા એ બેમાં જે

મોટા ભેદ રહેલો છે તે પુરો સમજાય ત્યારેજ મહેતાજીનું કામ બરોબર થઈ શકે.

આ ચોપડી છપાયા પહેલાં ઇન્સ્પેકટર સાહેબે તથા કેટલાક ડેપ્યુટિ ઇન્સ્પેકટરોએ વાંચી કેટલીક સૂચના કરી તેમાંની ઘણીક એમાં દાખલ કરી છે. આ આવૃત્તિ વાંચી એમાં સુધારો વધારો કરવાનો જેઓ પ્રબોધ કરશે તેઓનો આભાર માનવામાં આવશે.

અનુક્રમણિકા.

કેળવણીપ્રકાર.

પ્રકરણ ૧લું—બુદ્ધિની કેળવણી.

પ્રકરણ ૨જું.

પ્રત્યેક વિષય શીખવવાના વિશેષ નિયમો.

પ્રકરણ ૩જુ

શરીરની કેળવણી.

પ્રકરણ ૪થું.

નીતિની કેળવણી.

પ્રકરણ ૫મું.

શિક્ષકનાં લક્ષણ.

પ્રકરણ ૬ઠું.

નિશાળનો વહીવટ.

પ્રકરણ ૭મું.

કન્યાશાળાને માટે સૂચના.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૩	૨૭	ને	તે
૧૩	૪	પ્રશ્ર	પ્રશ્ન
૧૪	૨૮	પહેલી જે	પહેલી
૧૫	૨૩	पहेलथीज	पहेलेथीज
૨૦	૨૦ (અને બીજે ઠેકાણે)	રુઢિ	રૂઢિ
૩૧	૧૦	પસંગોપાત	પ્રસંગોપાત્ત
,,	,,	દેશોનો	દેશોના
૩૫	૧૦	સંભળાવી	સંભળાવવી
૪૪	૬	દેખેક કે	દેખે કે
૪૫	૮	તેને	તેનો
,,	૧૧	પાડી	પડી
૪૮	૧૬	पूर्व	पूर्वे
૫૧	૧૨	પહેલાં	પહેલા
૭૩	૪	અપ્રમાણિક	અપ્રામાણિક

केळवणीप्रकार.

प्रकरण १लुं.

बुद्धिनी केळवणी.

१. सामान्य विचारः—બાળકનું મન અને તન બંનેને ઉછેરવાં જોઈએ. એ બેઉને ઉછેરવાના નિયમ જગત્કર્ત્તાએ કર્યા છે. મનની કેળવણીના બે ભાગ છે–બુદ્ધિની અને સુનીતિની. બુદ્ધિ એટલે મનની શક્તિઓ. એ સ્વભાવથી કોઈનામાં વધારે હોય છે ને કોઈનામાં ઓછી હોય છે. બાળપણમાં એને ઉછેરવાનું સાધન ભણતર છે. ભણતરથી મનની શક્તિઓ પોષાય છે, અને પોતપોતાના જાતિબળના પ્રમાણમાં વધી મોટી થાય છે. વિદ્યા એ બુદ્ધિનું ભોજન છે, અને ભણવાને મન પંડે મહેનત કરે તે બુદ્ધિની કસરત છે. બુદ્ધિની કેળવણીનો બીજો મોટો હેતુ એ છે કે ધંધા રોજગાર કરવાને માણસને શક્તિવાન કરવો.

૨. નિશાળમાં ભણવાનો આરંભ આંકડા અને અક્ષરથી થાય છે. સંસારમાં બધાં માણસને–પુરુષ અને સ્ત્રી, રાજા અને રંક, ખેડૂત, કારીગર, અને મજુર સર્વને–થોડા આંક, છેક સહેલા હિસાબ, તથા લખતાં અને વાંચતાં આવડવાની જરૂર છે. એટલું નહિ શીખ્યાથી વહેવારમાં અવઘડ પડે છે, અને લેણદેણમાં નુકસાન થઈ માઠાં ફળ નીપજે છે. એટલું જાણવાની ફરજ પાડવાનો કાયદો રાજ તરફથી થાય તો ઠીક. એટલું ભણનાર ગરીબ ચાહે તો ધંધે લાગ્યા પછી નવરાશની વેળાએ વધારે ભણી શકે.

૩. જે બાળકને એથી વધારે વર્ષ નિશાળે આવવામાં તેમનાં માબાપ તરફથી હરકત નથી તેમને એથી વધારે ભણાવવાં. એ મુદત સુધી છોકરાનો ખાવાનો, લુગડાંનો, તથા ચોપડી વગેરેનો ખર્ચ કરવા જેટલી જેમની કમાઈ છે, તેમના પુત્ર વીસે આંક, લેખાં, નામું, કાગળ

લખવાની રીત, વધારે વાચન, વધારે અંકગણિત, ભૂગોળવિદ્યા, વ્યાકરણ, અને ઇતિહાસ શીખી શકે. હલકા વ્યાપારી, દુકાનદાર, કારીગરો, વગેરેને એટલું આવડવું જોઈએ. એમાંનું કંઇક ઓછું કરી તેને ઠામે પુત્રીઓને સીવતાં ને વેતરતાં શીખવવું. રાંધવાના વગેરે ઘરધંધા તેમને પોતપોતાના ઘરમાં શીખવવા, કેમકે તે નિશાળમાં ચલાવી શીખવી શકાતા નથી. જે ગૃહસ્થો સારી સ્થિતિમાં છે, તેમણે તેમનાં દીકરા દીકરીને એથી ઉંચા દરજાની કેળવણી આપવી. બની શકે તો તેમણે તેમને ઇંગ્રેજી ભણાવવું. જેમને સરકારી નોકરી કરવી હોય તેમણેજ ઇંગ્રેજી ભણવું, કે ગુજરાતીમાં ભૂગોળ વ્યાકરણાદિ વિદ્યા શીખવી એમ ઘણાક માણસ માને છે, પણ એ તેમની મોટી ભૂલ છે. મનને ઉછેરવાને અને યોગ્ય માણસ થવાને વિદ્યા ભણવાની અને વિદ્યા વડે કેળવણી પામવાની જરૂર સર્વેને છે. એવી ઉંચી કેળવણી પોતાના સંતાનને આપવાને જોઈએ એટલું ધન ન હોય તો લાચાર, પણ હોય તો આપવી અવસ્ય છે. ઇંગ્રેજી શાળામાં મોકલી ન શકાય તો ગુજરાતી નિશાળમાં ઉંચામાં ઉંચાં ધોરણ ભણાવવાં.

૪. **શીખવવાની રીતો**:—૧. જાણીતા ઉપરથી અજાણ્યા ઉપર જવું. ૨. અજાણ્યું પ્રથમ કહીને તેમાં સમજણ પાડવી. ૩. પ્રશ્નોત્તર. ૪. પ્રદર્શન. ૫. ઉદાહરણ. ૬. પાઠ સાથે શબ્દાર્થજ્ઞાન. ૭. શીખેલી બાબત લખાવી જોવી. ૮. મનોયત્ન.

૧. નાના છોકરાને નવી બીના શીખવતી વેળા તે બીનાને લગતી જાણીતી વાતથી શરૂ કરવું, ને ધીમે ધીમે અજાણી બીના ઉપર લાવી મૂકવું. એક જાણીતી વાત ઉપરથી બીજી જાણીતી વાત પર, તે પરથી ત્રીજી પર, એમ કરવાથી જે અજાણી હતી તે પણ છેલ્લે જાણીતી થાય છે. એક બે ઉદાહરણ લઈએ. જાણે છોકરાને કાચ તથા બીજી કેટલીક વસ્તુ પારદર્શક છે, તથા સ્લેટ, લાકડું, ચામડું, વગેરે ઘણીક અપારદર્શક છે એ શીખવવું છે; તો છોકરાના હાથમાં કાચ આપવો, ને તેને પોતાની આંખ આગળ રાખી સામેનો પદાર્થ જોવાને કહેવું, એટલે તેનાથી તે દેખાશે. પછી મોઢા આગળ સ્લેટ રાખીને જોવડાવવો, એટલે તે દેખાશે નહિ. વળતી

બારીમાંથી જોવડાવવું ને પછી બારી બંધ કરીને; ત્યારકેડે એક વાસણમાં પૈસો મૂકી તેમાં નીતર્યું પાણી રેડવું ને તે પૈસો તેમાં દેખાડવો; પછી પાણી ઢોળી નાંખી તે પૈસા પર રેતીનો ઢગલો કરવો, એટલે નહિ જણાય. હવે તેમને પૂછવું કે કાચ ને સ્લેટમાં થઈને જોતાં, પાટીઆમાં થઈને તથા પાણી અને રેતીમાં થઈને જોતાં શો ફેર જણાય છે? એટલે તેમનાં મનમાં ઉતરશે કે કેટલીક ચીજોમાં એવો ગુણ છે કે તેમની આરપાર જણાય છે, ને કેટલીકમાં થઈને આરપાર જણાતું નથી. એવું જ્ઞાન થયું એટલે તેમને પારદર્શક અને અપારદર્શક શબ્દો શીખવવા. એમ નાની નાની જાણીતી વાતો પરથી અજાણી સામાન્ય વાત શીખવવી. બાળકની બુદ્ધિને કસરત આપવાને આ રીત અતિ ઉપયોગી છે. જાણીતા વિષય ઉપરથી અજાણ્યા સાધારણ ઉપર ભણનારના મનને દોરવું એ સર્વોત્તમ રીત છે, માટે બને ત્યાંસુધી એનો ઉપયોગ કરવો. ઉદાહરણ, એક રૂપીએ મણ તો અઢી દોકડે શેર એમ ગણતાં આવડે, એટલે પછી બે રૂપીએ મણ તો પાંચ દોકડે શેર, ત્રણ રૂપીએ મણ તો સાડાસાત દોકડે શેર એ દેખાડી સાધારણ રીત કઢાવવી કે જેટલે રૂપીએ મણ તેથી અઢીગણે દોકડે શેર. ભાગને એકઠા કરી આખું બનાવવું તેવી આ રીત છે. જાણીતા પરથી અજાણ્યું નિશાળીઆ પોતાની મેળે શોધે, તેઓ અનુમાન કરે, એને **संयोजन** કે **एकीकरण रीत** કહે છે.

૨. જે શીખવવાનું હોય તે કોઈ વાર આરંભમાં કહેવું પડે છે, અને પછી તે સમજાવવું વધારે સહેલું પડે છે. એવો પ્રસંગ હોય તો એમ કરવું. એમાં આખું પ્રથમ લઈ તેના ભાગ કરીએ છીએ. અજાણ્યું કે સાધારણ પહેલું આવે છે. એમ કરવું પડે ત્યારે વિષયને જેમ બને તેમ જાણીતા અથવા લક્ષમાં ઉતરે તેવા દાખલાથી સમજાવવો. પ્રયોગ વિષે પાઠ આ રીતે આપવો હોય તો કહેવું કે હેમ્પકૃત વ્યાકરણમાં ત્રણ પ્રયોગ કહ્યા છે. ૧ કર્ત્તરિ, ૨ કર્મણિ, ૩ ભાવે. જે ક્રિયાપદને કર્ત્તાનાં જાતિ, વચન, અને પુરુષ લાગે તે કર્ત્તરિ, જેને કર્મનાં લાગે ને કર્મણિ, ને જેને બેમાંથી એકેનાં ના લાગે તે ભાવે. ઉદાહરણ, હું ચોપડી વાંચીશ,

હું ચોપડો વાંચીશ, અમે ચોપડો વાંચીશું. શાસ્ત્રી ચોપડી વાંચશે. એમાં ક્રિયાપદના રૂપનો આધાર કર્ત્તા ઉપર છે. મેં ચોપડી વાંચી, મેં ચોપડો વાંચ્યો, એમાં ક્રિયાનાથ કર્મ છે, ઇત્યાદિ. પહેલી રીતે પણ પ્રયોગ શીખવી શકાય. આને **પૃથક્કરણરીત** કહે છે.

૩. **પ્રશ્ન**—એ મનનું જાણે હળ છે. હળ જેમ જમીનનું વિત્ત બહાર આણે છે અને વળી તેને ફળવાન કરે છે, તેમ પ્રશ્ન મનને કરે છે. છોકરાંના મનમાં કેટલું જ્ઞાન છે તેથી આપણને જાણીતા કરે છે, અને વધારે જ્ઞાન લેવાને મનને ખેડી લાયક કરે છે. વળી તે પોતાની અણી છોકરાંને ભોંકીને તેમને જાગૃત કરે છે. સવાલ બુદ્ધિને શરાણે ચડાવી તીક્ષ્ણ કરે છે. નિશાળીઆથી પ્રશ્ન સમજાય તો આ લાભ થાય. (૧) સવાલ જેમ ટુંકામાં એટલે થોડા શબ્દમાં હોય તેમ સારૂં. (૨) સવાલનો અર્થ જેમ સાફ, ને તુરત સમજાય એવો હોય તેમ સારૂં. (૩) સવાલ પાયરીબંધ જોઈએ, એટલે પહેલા સહેલા, ને આગળ ધીમે ધીમે અઘરા થતા જાય. (૪) કોઈ વાર ઉંધા ચતા ને જુદા જુદા આકારમાં પૂછવા, કેમકે કોઈ વાર છોકરા ખરા જવાબ દે છે, એટલે આપણે જે શીખવ્યું હોય તે આપણા બોલેલા બોલ પ્રમાણે બોલી જાય છે; પરંતુ તેનો ખરો અર્થ તેમનાં મનમાં ઉતર્યો હોતો નથી. તેઓ સમજ્યા છે કે નહિ તે વર્ત્તવાને આપણાથી જેટલી તદબીર થાય તેટલી કરવી. (૫) જો કોઈ સવાલનો જવાબ વર્ગમાંના કોઈથી ન દેવાઈ શકે તો તેને ફેરવીને સહેલા રૂપમાં મૂકવો કે તેના વિભાગ કરવા. એમ કર્યા છતાં પણ આખા વર્ગથી તેનો જવાબ ન દેવાય તો આ ચાર કારણમાંનું એક કે તેથી વધારે કારણ હશે એમ જાણવું:—પહેલું, પ્રશ્ન સમજાય તેવો પૂછ્યો નહિ હોય; બીજું, તેનો વિષય છોકરાના જાણ્યામાં નહિ હોય; ત્રીજું, તે વિષય શીખવ્યો હશે ત્યારે બરાબર સમજાયો નહિ હોય; ચોથું, તે છોકરાંની શક્તિ કરતાં વધારે અઘરો હશે. અંતે તેનો જવાબ મહેતાજીએ કહેવો. કોઈ નિશાળીઆને ઉત્તર ન આવડે ને તે બીજો નિશાળીઓ કે શિક્ષક કહે તો પછી જેમને ન આવડ્યો હોય તેમને ફરીને પૂછી આવડ્યો એ નક્કી કરવું.

સવાલ બે જાતના છેઃ (૧) સૂચક એટલે છોકરાને જવાબ સૂઝી આવે એવા. એ પાઠ શીખવવાના પ્રશ્ન છે. (૨) પરીક્ષક. કહેલી બાબત કે શીખવેલો પાઠ આવડ્યો તેની ખાતરી કરવાના એ પ્રશ્નો છે. પહેલી જાતના પાયરીબંધ યથાયોગ્ય હોય તો મન બહુ કેળવાય. પહેલી રીતે પાઠ આપવામાં એજ કામના છે. બીજી રીતે શીખવવામાં એટલે ઇતિહાસ, ભૂગોળવિદ્યાદિમાં અજાણી બીના કે નિયમ વગેરે કહેવાં પડે ત્યારે જોડે પરીક્ષક પ્રશ્નનો ઉપયોગ કરવો. સૂચક પ્રશ્ન પૂછવાની રીત એવી છે કે એક પછી એક એવા ચઢતા ચઢતા પૂછવા કે છોકરાને ઉત્તર સૂઝે, તેઓ અનુમાન કરી શકે, ને તેમના જ્ઞાનમાં વધારો થાય; કેમકે એમાં જાણીતી બાબતથી શરૂ કરી અજાણી પર લઈ જઈએ છીએ. એમાંના કોઈ પ્રશ્નનો જવાબ ન દેવાય, ત્યારે નક્કી સમજવું કે આગલા સવાલ સારા નહિ હોય, કે સમજ્યા નહિ હોય, માટે તે ફરીથી પૂછી જવા. છોકરામાં કેટલું જ્ઞાન છે, અથવા કેટલું શીખ્યા ને શું યાદ રહ્યું, તે જાણવાને પરીક્ષક સવાલ કામના છે. બંને પ્રકારના સવાલ પૂછવાની રીત એવી રાખવી કે એક સવાલ પહેલાને, તો એક આઠમાને; એક પાંચમાને, તો એક પંદરમાને; એમ વગર નિયમે પણ પૂછતા જવું. એથી ભેગા બેસાડેલા છોકરાનું ચિત્ત પાઠમાં રહે છે. નિશાળીઆનું ધ્યાન પાઠ પર લગાડવાનો આ ઉત્તમ ઉપાય છે. તેઓ તરતજ ચિત્ત દઈ સાંભળવા મંડી જાય છે, ને તેઓને કેટલું આવડ્યું તથા તેઓ કેવું સમજ્યા તે આપણા જાણવામાં આવે છે.

સૂચક સવાલ પૂછવાની રીત એ છે કે તે આખા વર્ગને પૂછવો. પ્રશ્ન પૂછતી વખત બધા છોકરા તરફ નજર કરી કહેવું કે જેઓ જાણતા હોય તેઓ પોતાની આંગળી ઉંચી કરે. જેમણે એવી રીતે આંગળી ઉંચી કરી હોય તેમાંના એકની કને તેનો જવાબ કહેવડાવવો. બીજા જવાબ દેવાના હોય તો પછી કહેવું કે જેને એના જેવો જવાબ કહેવાનો હોય તેમણે પોતાની આંગળી લઈ લેવી. પછી બાકી રહ્યા હોય તેમનામાંથી એજ રીતે જવાબ લેવા. જવાબ ખરો હોય તો બીજાઓને પૂછવું કે એણે શું કહ્યું? એમ પૂછી તે પાકું કરાવવું.

ઉત્તર શુદ્ધ ઉચ્ચાર અને શુદ્ધ વાકયમાં સ્વીકારવો. શબ્દનો ઉચ્ચાર અશુદ્ધ બોલે તો તે સુધરાવવો અને વાકય ખોટું બોલે તો તે પણ સુધરાવવું. ઉત્તરનો કંઈક ભાગ ખરો હોય તો તેટલો કબુલ રાખી બાકીનો કઢાવવો. સૂચક પ્રશ્નમાં આ બહુ ઉપયોગી છે. જે રૂપમાં પ્રશ્ન હોય તેને અનુસરતા રૂપમાં તેનો ઉત્તર જોઈએ.

૪. **પ્રદર્શન**—જે વસ્તુ વિષે પાઠ હોય તે વસ્તુ છોકરાને પાઠ આપતી વખતે મળી શકે તો દેખાડવી. એ રીતનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં છે, કેમકે એ બહુ ઉપયોગી છે. સારી પેઠે શીખવવાનું એ એક મોટું સાધન છે. એને જયાં વાપરીએ ત્યાં સારીજ અસર કરે છે, અને કેટલીક જગાએ એને કામમાં ન લઈએ તો પુરૂં શીખવી શકતા નથી, અને શીખનાર અને શીખવનારની મહેનત અને વખત મિથ્યા જાય છે. જ્યારે તે વસ્તુ ન મળે ત્યારે તેના જેવી બીજી ચીજ દેખાડી અને તેટલી સમજણ પાડવી, અથવા ચિત્ર પાડી દેખાડવું કે મીણનો કે લાકડાનો અથવા બીજા કશાનો નમુનો કરીને દેખાડવો. જનાવર વિષે શીખવતા હોઈએ તો તે કોના જેવું છે તે કહેવું ને તેનું ચિત્ર પાડી દેખાડવું. પાઠ આપતી વેળા તેમાં આવેલી વસ્તુ વર્ગને દેખાડીએ તો છોકરાંનું ચિત્ત તુરત તે ઉપર લાગશે, ને શિક્ષક કહેશે તે તેમના મન ઉપર ચોંટશે. આ વાત અનુભવથી જણાઈ છે તેમ કારણથી સાબીત થાય છે. વસ્તુ જોયા વિના તેનું રૂપ મનમાં આણવાની બાળક છોકરાંમાં શક્તિ હોતી નથી; તે શક્તિ મોટાં થયાથી ખૂલે છે, તેથી એ રીત નિશાળમાં વાપરવાની વિશેષ જરૂર છે. બધી વસ્તુ ગામમાં મળી શકતી નથી, ને મળે તો લવાતી નથી. માટે જેટલી લવાય તેટલી લાવવી, ને બાકીનીને વાસ્તે ઉપર જે તદબીરો કહી છે તે કરવી. ભૂગોળવિદ્યા તથા ઇતિહાસ શીખવતી વેળા નકશા પાસે રાખવા, ને શહેર, સાગર, નદી, પર્વતાદિ જે પાઠમાં આવે તે તેમાં દેખાડવાં. લખ્યાં ન હોય તો તેની જગ્યા દેખાડવી. વાચનમાં ભૂગોળવિદ્યાનો પાઠ હોય કે ઇતિહાસનો હોય તો એમ કરવું. નદી, ડુંગરાદિ પાસે હોય તો પ્રત્યક્ષ દેખાડવાં.

૫. **ઉદાહરણ**—નિશાળમાં ઘણી બાબતો પર પાઠ આપવામાં આવે છે, જેવા કે, વ્યાકરણ, અંકગણિત, જેના પદાર્થો કે ચિત્ર કે નમુના કે નકશા કામમાં નથી આવતા; તેવે ઠેકાણે ઉદાહરણ બહુ કામમાં આવે છે શિક્ષકે ઘણાંક ઉદાહરણ કહેવાં એટલુંજ નહિ, પણ નિશાળીઆ પાસે તે ઉપરાંત બીજાં કહેવડાવવાં. તેમને બરાબર સમજણ પડી હશે તોજ પોતાની ગાંઠનાં ખરાં ઉદાહરણ આપી શકશે. છોકરાં કનેથી ઉદાહરણ લેવાથી શીખવેલા વિષયનું જ્ઞાન પાકું થાય છે, ને વળી મનને સારી કસરત મળે છે.

૬. **પાઠ સાથે શબ્દાર્થજ્ઞાન**—જે શબ્દોના અર્થ છોકરા સમજતા નથી, તે પાઠ શીખવવામાં વાપરવાથી શિક્ષકની તથા છોકરાની મહેનત તથા વેળા ફોગટ જાય છે. મહેતાજીના મનમાં જે વિચાર છે તે છોકરાનાં મનમાં લેઈ જવાનું સાધન શબ્દ છે. મહેતાજીએ કહેલા શબ્દો નિશાળીઆ મોઢે કરે, કેમકે નિરર્થક ઉચ્ચાર પાઠ કરવાની શક્તિ છે, પણ પાઠ કરેથી અર્થ સમજાતો નથી. એક મહેતાજીએ છોકરાને વ્યાકરણનો પાઠ આપ્યો, તે સ્વર અને વ્યંજન સંબંધી હતો. વ્યાકરણનું પાનું ઉઘાડી મહેતાજી વાંચી ગયા ને કહ્યું કે કાલે ગોખી લાવજો. એમાં આવેલા શબ્દો છોકરાં સમજે છે કે નહિ તેની કાંઈ તજવીજ કરી નહિ, તેથી જુઓ બીજે દિવસે કેવી ફજેતી થઈ! એ પાઠની પરીક્ષા વખત એક ચકોર માણસ હાજર હતો તેણે વચમાં એક છોકરાને સ્વરનો અર્થ પૂછ્યો, ત્યારે તેણે સામું જોયાં કર્યું. એટલામાં બીજો બોલી ઊઠ્યો કે સ્વર એટલે તળાવ, ને તુરત પેલે વ્યંજનનો અર્થ પૂછ્યો કે ત્રીજાએ કુવો કહ્યો. સ્વરને સરોવર સમજી એક તળાવ બોલ્યો એટલે બીજાએ વિચાર્યું કે વ્યંજન એટલે કુવો હશે. છોકરા ન જાણતા હોય તેવા શબ્દો લેવાની જ્યારે જરૂર પડે ત્યારે તેના અર્થ સારી પેઠે સમજાવવા. પાઠ આપતાં પાઠમાંના નવા બોલોના અર્થ * બરાબર સમજાવવા. વખતે વાચનના પાઠનો મુખ્ય વિષય

---

* "કોઈ શિક્ષકે કે બીજાએ વાચનની ચોપડીઓના અર્થ, કવિતાના અર્થ કે સમજુતી ઇત્યાદિ છપાવ્યાં હોય તેનો મહેતાજીએ કદી ઉપયોગ

કે ભાવાર્થ પ્રથમ સમજાવીએ તો વાકય વાંચે તેમ નિશાળીઆ સમજે એવું હોય તો તેમ કરવું. જેમકે કિમિયા વિષે પાઠ હોય તો કિમિયો એટલે શું તે આરંભમાં શીખવવું. વખતે શબ્દો પાઠમાં આવતા જાય તેમ સમજાવતા જવું.

૭. **શીખેલી બાબત લખાવી જોવી.**—આ રીતનો ઉપયોગ જેમ વધારે થાય તેમ કરવો. હંમેશાં મોઢાના પરીક્ષક પ્રશ્નથી રાજી થવું નહિ. શીખેલા પાઠને અનેક રૂપે લખાવી જોયા વગર તે છોકરાને આવડ્યો છે કે નહિ તે બરાબર જણાતું નથી. ચોપડીમાં લખેલા શબ્દો અને વાકયો લખાવવાં નહિ, તેની મતલબ ટુંકામાં લખાવવી. ઇતિહાસના પાઠ ગોખાવીએ તેની પણ વખતે લખેલી પરીક્ષા કરવી: પાંચમી, છઠ્ઠી, તથા સાતમી ચોપડીમાંના પાઠની મતલબ મોઢે રખાવવાની જરૂર છે. આ રીતનો ઉપયોગ નિત્ય કરવાનો વખત મળતો નથી. અઠવાડીઆમાં કોઈ કોઈ દિવસ કરવો. કાગળ ઉપર મતલબ કે જવાબ લખાવવાની પરીક્ષા થશે તેમાં તથા નિબંધ શીખવવામાં એ રીતે શીખવેલું ઘણુંજ ખપમાં આવશે. લખાવી જવું એટલુંજ બસ નથી, લખાવ્યું હોય તે હંમેશ તપાસવું. એ તપાસવાની ચતુરાઈ નહિ હોય તો વખત ઘણો જશે. બરાબર લખાયું ન હોય તો નવો પાઠ આપવો નહિ, તેનો તે ફરીને આપવો.

૮. **મનોયત્ન**—જે શીખવ્યું તે આવડ્યાની પરીક્ષા કરવાને અથવા તે પાકું કરાવવાને લખવાનું આપવું અથવા દાખલા મંડાવવા તે મનોયત્ન. કોઈ છંદનું માપ, તાલ, વગેરે શીખવી તે છંદમાં નવી કવિતા જોડાવવી એ મનોયત્ન. ગણિતની રીત શીખવીને પોતાની મેળે ઘેરથી કરી લાવવાના દાખલા આપવા કે નિશાળમાં મંડાવવા એ મનોયત્ન છે. એ રીત વ્યાકરણ વગેરે બીજા વિષયોને પણ લાગુ પડે છે. એમાં મનની શક્તિઓને ઘણી કસરત મળે છે. ઉપલા વર્ગોમાં એનો ઉપયોગ વધારે

કરવો નાહ. છોકરાઓને મહેતાજી જે શબ્દાર્થ સમજાવે તે પ્રથમ સ્લેટ ઉપર લખી લેવાને અને પછી નોટબુકમાં ઉતારી લેવાને તેમને કહેવું. '' રા૦ સા૦ મોહનલાલ રણછોડદાસ. ડે. એ. ઇ. સુરત.

કરવો. મનોયત્ન આપવાનું આળસ કરવું નહિ, કેમકે બુદ્ધિ કેળવવાનાં હથિઆરોમાં એ સૌથી વધારે તીક્ષ્ણ છે.

૫. વાર્ષિક પરીક્ષાનો સમય પાસે આવે એટલે વરસમાં શીખવેલું હોય તેનું પુનરાવર્તન કરાવવું એ અતિ જરૂરનું છે. ધોરણોમાંની સઘળી બાબત ફરીને પાકી કરાવવી.

૬. **પાઠ આપવા વિષે**—આ બાબત હોપકૃત કથિતપાઠમાળામાં ઘણી સારી રીતે સમજાવી છે, માટે અહીં તેમાંથી કેટલુંક ઉતારી લઈએ છીએ.

૭. પાઠ શીખવતી વેળા કાળા પાટીઆને કામમાં લીધા વિના રહેવું નહિ. પાઠ ચાલતો હોય તે વેળા શિક્ષકે તે પર પાઠનાં મથાળાં લખવાં; કઠણ શબ્દો, જે વિષય હોય તેના ગુણ, વિભાગ, વગેરે જે જરૂરના હોય તે લખવા. ભૂગોળ હોય તો નકશો ચીતરવો. ચિત્ર દેખાડવાનો વિષય હોય તો તે દેખાડવું. પાટીઉં છોકરાની હારને એ છેડેથી સરખે અંતરે મધ્યમાં મૂકવું, એટલે છોકરાની હારની જેટલી લંબાઈ હોય તેથી અડધી લંબાઈ જેટલું છેટું વચમાં રાખવું કે વર્ગના બધા ભણનારાથી તે પર લખેલું વંચાઈ શકે. પાટીઆ ઉપર લખાય તે ભૂસી નાખવાને એક રૂમાલને પાટીઆ સાથે દોરી વતી બાંધી રાખવો કે જ્યારે જોઈએ ત્યારે હાજર હોય. પાઠ આપવા માંડ્યા પહેલાં પાટીઆને ધોઈ સાફ કરવું તથા સારો અને પુરતો ચાકનો કડકો ત્યાં મૂકવો.

૮. પાઠ આપતી વેળા મહેતાજીએ હંમેશ જાગૃત રહેવું, ને હોશિયારી તથા ઉલટથી પાઠ શીખવવો. ઉભા રહી શીખવતાં જેવી ચપળતા રહે છે તેવી બેસીને પાઠ આપતાં રહેતી નથી, માટે પોતાના શરીરને પીડા ન થતાં બની શકે ત્યાંસુધી ઉભા રહી પાઠ શીખવવા. એક છેડે ઉભા રહેવું નહિ, પણ વચમાં પાટીઉં હોય તેની એક કોરે ઉભા રહેવું. પાઠ આપતી વખત આમ તેમ ફરવું નહિ ને છોકરાની પાસે પણ ચાલી જવું નહિ. ઉભા રહેતાં થાક ચઢે ત્યારે ત્યાં ખુરસી કે સ્ટૂલ ઉપર બેસવું ને થાક ઉતર્યા પછી પાછા ઉભા થવું. સૌ છોકરાંની સામું જોઈ નજરે નજર મેળવી તેમનું ચિત્ત પોતાના ભણી લેવું. સૌની

ભણી નજર દોડાવતા રહેવું, ને જરાએ વાતચીત કે ગરબડ થવા ન દેવી; કેમકે ઘણા છોકરા મળ્યા હોય ત્યાં ગરબડ થાય છે તે અટકાવવાને મહેનત પડે છે, ને વખત વ્યર્થ જાય છે. શીખવતી વેળા ચંચળાઈ રાખવી ને વિષયને ઘટતી હાથની ને માથાની હીલચાલ કરવી. બોલતાં બોલતાં આનાકાની ના કરવી ને ખચકાવું કે અટકવું નહિ.

૯. વાચન સિવાય ઘણું કરીને સઘળા પાઠમાં ત્રણ ભાગ હોવા જોઈએ, ને વાચનમાં પણ વખતે હોય. ૧ આરંભપ્રશ્ન, ૨ પાઠનો મુખ્ય વિષય, ૩ પુનરાવર્તન. પહેલા ભાગમાં કંઈ નવું શીખવવાનું નથી, પણ પાઠ આપવો હોય તે વિષે છોકરા કંઈ જાણે છે કે નહિ, ને જાણે છે તો કેટલું જાણે છે એ થોડાક સવાલ પૂછી શોધી કાઢવું, ને તે પછી પાઠમાં ફરીને કહેવું નહિ. સહાયકારી પાઠમાં એ આરંભપ્રશ્નને ઠેકાણે ચોપડીનો પાઠ વાંચી સંભળાવવો ને જોવું કે સૌ સમજ્યા છે કે નહિ, ને પછી પાઠના મુખ્ય વિષયમાં જે શીખવવું હોય તે ચલાવવું. નિશાળીઆ સમજે તેવા શબ્દો અને વાક્યો વડે નવું શીખવવું. પાંચ કે છ મિનિટ બાકી રહે, ત્યારે પુનરાવર્તન કરવું, એટલે પાઠમાં જેટલું શીખવ્યું હોય તેટલું ઉતાવળે પૂછી જવું. એ પરીક્ષા છે, માટે શીખવવાના પ્રશ્ન એ વેળા ન પૂછવા, પરીક્ષાનાજ પૂછવા, ઉંધા ચતા સવાલ પૂછવા કે જણાઈ આવે કે પાઠ કેટલો સમજાયો છે ને યાદ રહ્યો છે. પાઠ આપતાં પાટીઆ ઉપર જે લખ્યું હોય તે પુનરાવર્તન પહેલાં ભૂસી નાંખીને કે પાટીઉં ફેરવી નાંખીને એ રીતે પાઠ પૂછી જવો. કોઈ કોઈ વાર એમ પૂછવાને બદલે અથવા પૂછ્યા પછી છોકરાને કહેવું કે જે યાદ રહ્યું હોય તે સ્લેટ પર લખી લાવો.

૧૦. આ નવી રીત પ્રમાણે પાઠ આપવા સહેલા છે, એમ કોઈએ ન ધારવું. પાઠ સારી રીતે આપવા ઘણાજ કઠણ છે. જેમ સભામાં મોટાં માણસ આગળ ભાષણ કરવું હોય છે ત્યારે જે કહેવું હોય છે તે વિષે આગળથી વિચાર કરીને તે લખી રાખીએ છીએ, તેમજ પાઠ આપવો હોય તે વિષે આગળથી ખોળ કરી વિચાર કરી રાખવો, ને તો

લખી રાખવું. એ રીતે આગળથી તૈયાર કરી રાખવાની ઘણીજ જરૂર છે. આગળથી તૈયાર કર્યા વિના પાઠ સારા અપાતા નથી, માટે તેમ કર્યા વિના કોઈએ રહેવું નહિ. આગળથી પોતે પાઠ તૈયાર નહિ કર્યો હોય તો તે કદાપિ કંઈ અગત્યની બાબત ભૂલી જશે, કેટલીક બીના બે વાર કહેશે, ભૂલ કરશે, વિષય બરાબર નિયમમાં નહિ ગોઠવાશે, છોકરાના સવાલના જવાબ નહિ અપાશે અથવા તેમના સંદેહનું નિવારણ નહિ થશે, ને તેથી મહેતાજીનો ભાર ઓછો થશે, ને તેના પરથી છોકરાનો ભરોંસો ઊઠશે.

૧૧. માટે હરેક શિક્ષક પાઠ આગળથી તૈયાર કરી રાખવો. જે વિષે પાઠ આપવો હોય તે વિષે પહેલાં કોઈ દહાડો પાઠ ન આપ્યો હોય તો તે તૈયાર કરી તેની નોંધ લખવી. પાઠ આપ્યા કેડે એ નોંધ સાંજરે ફેર લઈ જવી, ને પાઠ આપ્યાના અનુભવથી તેમાં જે ખોટ જણાય તે સુધારવી, ને પછી તેને એક ચોપડીમાં બાંધવી. જે વિષે પાઠ આપવો હોય તેજ વિષે અગાઉ પાઠ આપ્યો હોય તો તે વેળા કરેલી નોંધ લખી રાખી હોય તે વાંચી જવી ને પોતાના વધેલા અનુભવથી તેમાં જે ચૂક જણાય તે સુધારવી અથવા તે દહાડે જે છોકરાને પાઠ આપવો હોય તેમનાં ને આગળ જેને પાઠ આપ્યો હોય તેમનાં જ્ઞાન, બુદ્ધિ, વગેરેમાં ફેર હોય તો તેને અનુસરતો ફેરફાર કરી નવી નોંધ કરવી. ઉપર કહ્યા પ્રમાણે નોંધ ચોપડીમાં રાખી હશે તો બે ત્રણ વર્ષમાં ઘણી નોંધ એકઠી થયેથી નવી નોંધ કરવાની મહેનત ઘણી ઓછી થશે. જે મહેતાજી કને એવી ઘણી નોંધ ભેગી થઈ હોય તેણે તેટલીથીજ તૃપ્ત રહેવું નહિ પણ ઘટતા વિષયો પર તેના જાણ્યામાં આવે તે ઉપર વખતે વખતે નવી નોંધ લખવી.

૧૨. નોટ લખવાનો હેતુ એવો નથી કે પાઠમાં જે કહેવું હોય તે બોલેબોલ લખવું, ને જે લખ્યું હોય તે નિબંધ વાંચતા હોઈએ તેમ છોકરા આગળ વાંચવું. જે કહેવું હોય તે શીખવનારને સાંભરે માટે તેની મતલબ નોંધમાં લખવી, ને પાઠ આપતી વેળા તેને હાથમાં રાખવી કે કંઈ ભૂલી જાય તો તેમાં ઝટ જોવાય. કંઈ ભૂલ

કે ગુંચવણ પડે તોજ નોંધમાં જોવું, ત્યાર વગર તેમાંથી વાંચવું નહિ. નોંધમાં કેટલીક વાર સવાલ તથા તેના જવાબ લખવા ઠીક પડે છે, પણ એમ ન સમજવું કે તેજ સવાલ પૂછવા ને તેજ જવાબ છોકરા પાસેથી લેવા. વિષય શીખવવાના પ્રકાર તથા તેની પાયરીબંધ ગોઠવણ દેખાડવાને એ સવાલજવાબ નોંધમાં લખાય છે.

૧૩. નોંધ (નોટ) બે જાતની છે. (૧) સંક્ષેપ નોંધ ને (૨) પૂર્ણ નોંધ. એ બાંજી મિશ્ર છે. એમાં હાંસીઆ પર સંક્ષેપ, ને બાકીના ભાગમાં તેનો વિસ્તાર લખાય છે.

૧૪. સંક્ષેપ નોંધમાં પાઠની મુખ્ય બાબતો ખરા અનુક્રમ પ્રમાણે લખવી, ને વિભાગ તેના પેટામાં લખવા. સંક્ષેપ નોંધ જાણે પાઠનો પાયો ને ખોખું છે. એના ઉપર પાઠની ઇમારત ચણાય છે અથવા પાઠ તેમાં ભરાય છે. શીખવવાનો મસ મહાવરો થયા પછી સંક્ષેપ નોંધ કરેથી કામ બરોબર ચલાવી શકાય. અનુભવી ને ચતુર શિક્ષકને પૂર્ણ નોંધ કરવાના પ્રસંગ ઓછા કે કવચિત્ આવે છે.

૧૫. સંક્ષેપ નોંધમાં જે મથાળાં લખ્યાં હોય તે કઈ રીતે શીખવવાં, કઈ જાતના સવાલ પૂછવા, કયાં દૃષ્ટાંત આપવાં, વગેરેનું જે લખવાનું હોય તે પૂર્ણ નોંધમાં લખવું. પૂર્ણ નોંધ લખવા માંડ્યા પહેલાં સંક્ષેપ નોંધ કાગળના હાંસીઆ પર લખવી. એ હાંસીઆની પહોળાઈ કાગળની પહોળાઈને ત્રીજે હિસ્સે રાખવી, ને તેની ને બાકીના કાગળની વચ્ચે એક લીટી દોરવી. બાકીનો એક તૃતીયાંશ કાગળ રહે તેમાં પૂર્ણ નોંધ લખવી. એ જેવો વિષય તે પ્રમાણે થોડી કે વધારે વિસ્તારીને લખવી. જેમકે કોઈ કઠણ વિષય સારા અનુક્રમે ગોઠવેલા સવાલથી શીખવવો હોય તો તે બધા સવાલ લખી રાખવા ને તેના ઘણું કરીને છોકરા જે જવાબ દેશે એવુ લાગે તે પણ લખવા, પણ કંઇ મુકાબલો કરવો હોય કે દૃષ્ટાંત આપવું હોય, અથવા પાઠ સમજાવવાને કોઈ વાત કહેવી હોય તો ઘણું કરીને તેનું નામજ લખવું, વિસ્તાર કરવાની જરૂર નહિ. જે દલીલ દાખલા કે વાતથી ઘણી બાબત સમજાવી હોય તે દલીલ વગેરે એક વાર લખી તો બસ છે. પછી

ટુંકામાં લખવું કે એજ રીતે બીજી બાબતો સમજાવવી. વળી જો પાઠમાં દલીલ દાખલા આપવાના ન હોય, પણ છોકરાને કંઈ નજરે દેખાડી તેમની કનેથી શબ્દો, અનુમાન, વગેરે કાઢવાં હોય તો વિસ્તારીને પ્રશ્ન ઉત્તર લખવાની જરૂર નથી.

૧૬. નોંધમાં લખેલી રીતે બને ત્યાંસુધી પાઠ શીખવવો. પણ હંમેશ તેમાંના સવાલ જવાબ કામ લાગે એવું બનવું મુસ્કેલ છે. જે સૂચક પ્રશ્ન તૈયાર કર્યા હોય, તેથી છોકરાને સમજણ ન પડે ત્યારે બીજા પૂછવાની જરૂર પડે; અથવા અમુક વાત છોકરાને નહિ આવડતી હોય એમ જાણી સમજાવવાને તે વિસ્તારી હોય પણ વખતે એમ બને કે તે છોકરા જાણતા હોય; અથવા આ વાત તેઓ જાણતા હશે એમ ધારી ટુંકામાં લખી હોય, ને પાઠ આપતી વખતે માલમ પડે કે તે છોકરા નથી જાણતા, ત્યારે નોંધમાં ન લખી હોય તોપણ મોઢે કહેવી પડે. એવે સમે મહેતાજીએ પોતાના જ્ઞાન અને પોતાના બુદ્ધિબળે કરી એવી અડચણ ખસેડવી, ને પાઠની મુખ્ય મતલબ પાર પાડવી એટલે છોકરાને તે સારી પેઠે સમજાવવો. પછી તે નોંધમાં હોય કે ન હોય. એવેજ વખતે પાઠ આગળથી તૈયાર કરવાનો ફાયદો જણાય છે, ને સારા મહેતાજી ને નઠારા મહેતાજીમાં ફેર માલમ પડે છે. બંને પ્રકારની નોંધના બહુ સારા નમુના કથિતપાઠમાળામાં આપ્યા છે. એ મોઢે ચલાવવાના સામાન્ય જ્ઞાન અને સહાયકારી પાઠના છે. એ ઉપયોગી પુસ્તકનો અભ્યાસ પ્રત્યેક શિક્ષકે કરવો. અંકગણિત, ભૂગોળવિદ્યા, ઇતિહાસ, અને વ્યાકરણ પ્રથમ વગર ચોપડીએ મોઢે શીખવવાના વિષય છે, માટે તેની નોટો તૈયાર કરવાને એ નમુના કામ લાગે તેવા છે. સામાન્ય જ્ઞાન અને સહાયકારી પાઠ આપવાથી ફાયદો છે, માટે તે એમાં દેખાડ્યા પ્રમાણે આપવા. વાચનના પાઠની નોટો પણ એજ રીતે લખવી.

૧૭. પાઠ તૈયાર કરવામાં તથા આપવામાં લક્ષ રાખવું કે પાઠના વિષય પર જેટલી ખબર મળે તેટલી નિશાળની લાયબ્રેરિનાં પુસ્તકો તથા ચોપાનીઆંમાંથી તથા બીજી રીતે શોધી કાઢવી. એમ નહિ

કરે તો જે શીખવવું જોઈએ તે આવડશે નહિ તથા છોકરાના શક તથા સવાલથી શીખવનાર ગભરાઈ જશે અને તેને ખરા જવાબ સૂઝશે નહિ. શિક્ષક તે વિષે જેટલું જાણે તેમાંનું કયું અને કેટલું શીખવવું તે મુકરર કરવામાં ડહાપણનો ખપ છે. નિશાળીઆની શીખવાની શક્તિ, જ્ઞાન, અવસ્થા, ઠેરવેલા વખતમાં પાઠ પુરો થવાનો સંભવ અને પાઠ સમજવાને તથા તેમાં રસિકતા આણવાને કેટલાની જરૂર છે તે ધ્યાનમાં લઈ ખપ જોગું નોંધમાં લખવું; બાકીનું મનમાં રાખવુ ને જરૂર જણાય તો તેમાંથી યોગ્ય હોય તે લેવું. પાઠમાં વિષય જોઈએ એટલોજ લેવો; તેનું કારણ એ કે થોડી બાબત સારી સમજાવ્યાથી છોકરાની બુદ્ધિ સારી ખૂલશે. એકદમ ઘણું શીખવવા જઈશું તો ઉલટા તે ગુંચવાશે અને તેમને કંઈ યાદ રહેશે નહિ. અડધો કલાક પહોંચે એટલી બાબત જોઈએ, એથી ઓછીએ ન જોઈએ ને વધારે પણ ન જોઈએ. બાળક છોકરા કે છોકરીને અડધા કલાક કરતાં વધારે પાઠ કદી પહોંચવો ન જોઈએ. વાચનના પાઠની લંબાઈ ચોપડીમાં છે તે ઉપર બને ત્યાંસુધી ધ્યાન રાખવું. ઘણું કરીને તે ઠેરવેલા કાળમાં પુરો થવો જોઈએ. જરૂર જણાય ત્યારે તેને લગતા સહાયકારી પાઠ જુદે વખતે આપવાથી ઘણું કરીને તેમ બની શકશે. પણ પાઠ પુરો કરવાને કાચું શીખવવું નહિ. પાકો પાઠ શીખવવાને તથા સારૂં વાંચવાની ટેવ પાડવાને વખતે તેજ પાઠ બે દહાડા પહોંચે તો ફીકર નહિ. પરંતુ એક પાઠ એક દિવસને માટે છે એ ધ્યાનમાં રાખી તેમાંની બાબતનો ઘટતો વિસ્તાર શીખવવો. પાઠ ઘણા દિવસ ચાલે તો ધોરણ પ્રમાણે વરસમાં ચોપડી પુરી થાય નહિ, માટે વિષયમાંની બાબત ઘટતી જોઈએ. તે વિષે શિક્ષક જેટલું જાણતો હોય તેટલું બધું કહેવું એવી જરૂર નથી. પણ જેટલું નિશાળીઆની બુદ્ધિને તથા અભ્યાસને લાયક હોય ને તેમને હાલ ને પછીથી જેટલાનો ખપ હોય ને જેટલું તેઓ ખુશી ને લાભથી શીખી શકે તેટલુંજ શીખવવું.

૧૮. બાબતને ઘટતા અનુક્રમમાં ગોઠવવી જોઈએ. પહેલી જે ઘણીજ સહેલી ને છોકરા ઘણું કરીને જાણે કે સહજ સમજે તેવી

લેવી; પછી તેથી જરા કઠણ, તેના પછી તેથી વધારે કઠણ એમ લેવી. દરેક શીખવવાની બાબત ઘટતી રીતે ગોઠવવી તથા તે શીખવવી. પાછલે દિવસે શીખવેલો પાઠ પૂછવો. તે નવો પાઠ આપવાથી એટલે નવું શીખવાથી કેવળ ભિન્ન છે એ એનો ભેદ સમજી શીખવતી વેળા તે મનમાં રાખવો. એઉને સારૂ વખત જુદા જોઈએ. જો લાગલાગટ હોય તો બે મળીને વધારે વખત જોઈએ. ઉપર અર્ધો કલાક કહ્યો તે કેવળ નવું ભણાવવાને માટે છે.

૧૯. સાત શિખામણ—શિક્ષકે સદા ધ્યાનમાં રાખવાની ને નિત્ય ઉપયોગમાં લેવાની છે.

૧. ટેવનો ઉપયોગ કરવો.

ઘણાં કામ આપણને મહાવરાથી કરતાં આવડે છે. જે કામ પહેલું મુસ્કેલ લાગે છે તે ટેવથી સહજ થઈ શકે છે. સારૂં કે નઠારૂં જેવું કામ કરવાની ટેવ પડી હોય છે તે આપણાથી અજાણતાં થઈ જાય છે. છોકરા તો ઘણુંખરૂં ટેવથી શીખે છે. શબ્દ વડે તેમનાથી થોડુંજ સમજાય છે, કેમકે તેઓ ઘણા શબ્દો જાણતા નથી, તથા લાંબા વિચાર કરી શકતા નથી; માટે ઘણી બાબતો તેમને દેખાડવી પડે છે, તથા તેમની કને કરાવવી પડે છે. તેનું તે બહુ વાર કરે એટલે તે કરવાની ટેવ પડે છે. કેળવણીના કામમાં એ મોટું ઓજાર છે. નીતિ શીખવવામાં એનો અવશ્ય ઉપયોગ કરવો. જો નહિ કરીએ તો એ ઉલટી હરકત કરે, કેમકે સારી ટેવ નહિ પાડીએ તો નઠારી પડશે; ને પડ્યા પછી તેને કાઢવી કઠણ છે. વિદ્યાભ્યાસ પણ ટેવથી સારો થાય છે.

૨. પહેલથીજ પાકું શીખવવું.

કંઈ પણ કાચું શીખવવું નહિ, થોડું શીખવાય તો ફીકર નહિ, પરંતુ જેટલું શીખવવું તેટલું પાકું શીખવવું, અપૂર્ણ શીખવાની ટેવ પાડવી નહિ. આરંભથી કાચું શીખવાની ટેવ પડી તો તે આગળ હેરાન કરશે. કાચા પાયા પર બાંધેલી ઇમારત ઝાઝી વાર ટકતી નથી. વળી હાલ જે

ભણાવીએ છીએ તે આવડતું આગળ શીખેલા ઉપર ઘણો આધાર રાખે છે. દૃષ્ટાંત—ત્રિરાશિ આવડવાને સારૂ ભાગાકાર, ગુણાકાર, ઇત્યાદિ પાકાં આવડવાં જોઈએ; તે ઉતાવળે ને ખરાં ગણવાનો મહાવરો જોઈએ; તેવું ન હોય તો દાખલા ખોટાજ પડે કે મોડા થાય. કાચું શીખવેલું હોય છે તે શીખનારને થોડુંજ કામમાં આવે છે; તે પરીક્ષા વખતે શીખવનારની ફજેતી કરાવે છે.

३. पायरीबंध शीखववुं.

એટલે પહેલું સહેલું ને પછી ધીમે ધીમે કઠણ આવડતું જાય એમ ભણાવવું. પગથીએ પગથીએ ચઢીએ તો ઉંચા મહેલને મથાળે જવાય છે, કૂદીને જવાતું નથી. ઉદાહરણ, અંકગણિતની રીતોનાં કારણ કરતાં તે રીતો શીખવી સહેલી છે; માટે રીતો પહેલી શીખવવી. રીતો કરતાં તેના દાખલા ગણવા સહેલા છે, માટે થોડા દાખલા ગણતાં શીખવવા, ને વળતી તે પછીથી રીત કાઢતાં શીખવવી. વખતે રીત પહેલી કહેવી પડે તો તેમ કરવું. વ્યાકરણ, ભૂગોળવિદ્યા, વગેરે સઘળા વિષયોમાં પહેલું સહેલું સમજાવવું ને પછી મુશ્કેલ. તેમજ પહેલા પાઠ નાના હોવા જોઈએ. પછી જેમ જેમ છોકરાની બુદ્ધિ વધારે મહેનત કરવાને શક્તિમાન થાય તેમ તેમ મોટા પાઠ આપવા. લેખાં, અંકગણિત, અક્ષરગણિત, વગેરેના દાખલા મંડાવવા તેમાં પણ આ નિયમ યાદ રાખવો. સહેલા દાખલા ઉતાવળે ને ખરા ગણી શકે ત્યારેજ અઘરા મંડાવવા. વળી ઘણા વિષયો નાનાં છોકરાં જોડે શીખી શકતાં નથી, માટે આરંભમાં થોડા લેવા.

४. रसिक लागे एवी रीते भणाववुं.

માણસનો સ્વભાવ છે કે જે કામમાં તેને રસ લાગે તે ઉલટ, જોસ, તથા તન મનનું બધું બળ લગાડીને કરે છે, ને તે કામ પાર પડેથી તેને હરખ થાય છે. આ નિયમ બાળક અને વૃદ્ધ સર્વેને લાગુ પડે છે. બે ત્રણ વર્ષના છોકરાને પણ કંઈ કરવામાં મઝા પડે છે ત્યારે તે હોંસથી કરતું જાય છે, તથા રાજી થતું જાય છે. જો તે કઠણ પડે તો વધારે ઉમંગથી મંડ્યું રહે છે, ને ફતેહ પામે છે ત્યારે ખુશી થાય છે. વળી છોકરા તથા છોકરી-

ઓને જે રમતમાં વધારે રસ પડે છે તેમાં તેઓ વધારે આનંદ પામતાં જણાય છે; તેમાં અનેક ચતુરાઈ કામે લગાડે છે, તદબીરો શોધી કાઢે છે, અને પોતાની બુદ્ધિ ખૂબ વાપરે છે તેનું કારણ એજ છે. જે કામમાં રસ પડતો નથી તે કામ કરવું તેમને ગમતું નથી, ને જો કોઈ તેમને બળાત્કારે કરાવે તો વેઠે કરતાં હોય તેવાં સુસ્ત અને ઉદાસ જણાય છે. સુસ્તી અને ઉદાસી નિશાળમાં ઘણી હરકત કરે છે. મહેતાજી અને નિશાળીઆ બંનેના એ વેરી છે. એને નસાડવાનો સરસ ઉપાય એ છે કે શીખવનારને શીખવવામાં રસ લાગે, અને ભણનારને ભણવામાં રસ લાગે એવું કરવું. મહેતાજીને બગાસાં આવે છે, ને છોકરાં ડોલાં ખાય છે, કે વાતો કે હોકારા કરે છે, તેનું એક મોટું કારણ એ છે કે તેમને પોતાના કામમાં રસ લાગતો નથી.

૬. ભય કરતાં માયાનો ઉપયોગ વધારે કરવો.

કેટલાએક મહેતાજીઓ તથા ઘણા લોક એમ ધારે છે કે છોકરાની સુસ્તી ઉડાવવાનો, તેમને ઉદ્યોગી કરવાનો, તેમનું મન રમતમાંથી કાઢી નાંખવાનો, તેમને બરાબર વખતે હર રોજ હાજર રાખવાનો, તથા ભણવા ઉપર પ્રીતિ લગાડવાનો ઉપાય માત્ર માર અથવા બીજી તરેહનું દુઃખ અને બીક છે. આ તેમની ભૂલ છે. એથી તો ઉલટી ખરાબી થાય છે, નિશાળ દુઃખની જગા છે એવું નિશાળીઆ એથી ધારે છે, તથા ભણવાને ચાહતા નથી. વળી જુઠું બોલવું, છેતરવું, ખુશામત, વગેરે જુલમથી પેદા થનારા દુર્ગુણો કેળવાય છે, માટે ભય દેખાડવાના પ્રસંગ જેમ થોડા પડે તેમ કરવું. બીક કરતાં હેત ઘણું કરીને સારૂં કામ કરે છે. મહેતાજી છોકરાનાં માબાપને ઠેકાણે છે, માટે માબાપ જેમ છોકરા ઉપર માયા રાખે છે તેમ તેણે પણ રાખવી જોઈએ. 'ભય વગર પ્રીત નહિ' એ કહેવત ખોટી નથી, પરંતુ એકલા ભયથી અથવા અતિશય ભયથી ફકત ત્રાસ ઉપજે છે, છોકરાંનાં મન ખાટાં અને ઉદાસી રહે છે, તેમને ભણવાનો ઉમંગ થતો નથી, માથાઉતાર કામ કરે છે, ને ઘણા તો ભણ્યા વગર રહે છે. મહેતાજીનો હુકમ જે ન માને તેને ઘટતી શિક્ષા કરવી એ ઠીક છે, પણ મહેતાજી અમને દુઃખ દેનાર છે એવું તેમનાં મનમાં

કદી આવવું ન જોઈએ. અમારો વાંક પડશે તોજ મહેતાજી નાખુશ થઈ શિક્ષા કરશે, સારી રીતે વર્તીશું તો ખુશી થશે, અમારા ઉપર તે હંમેશ બહુ માયા રાખે છે, તે સારા સ્વભાવના છે, એમ તેઓ ધારે એવું કરવું; હસમુખા રહેવું; મીઠે વચને તેમની જોડે બોલવું. મહેતાજીનું માન રાખે, પણ તેમનાથી કંપે નહિ, ને હોંસે હોંસે નિશાળે આવે એવું થવું જોઈએ. એવું શી રીતે થઈ શકે તે આગળ દેખાડ્યું છે.

૬. છોકરાને પોતાની મેળે સૂઝે એમ કરવું. અડચણ ખસેડવી નહિ, પણ ખસેડતાં શીખવવી.

છોકરાંને મહેતાજીએ બધું કહી દેવું નહિ, પાઠમાં જેટલું નવું શીખવવાનું હોય તેટલું સઘળું એકદમ બતાવી દેવું નહિ. થોડું શીખવવું ને બાકીનું બને ત્યાંસુધી પોતાની મેળે શોધી કાઢે એ બહુ ફાયદાકારક છે. એમ થાય છે ત્યારે છોકરાંના મનને જોઈએ તેટલી કસરત પહોંચે છે. માત્ર બેઠા બેઠા સાંભળે કે મહેતાજી દેખાડે તેમ કરે તેમાં થોડીજ મહેનત છે, ને મન થોડુંજ કેળવાય છે; એથી નિશાળીઆનું ચિત્ત બીજી બાબતો પર કે રમતમાં જાય છે, હોંસ પેદા થતી નથી, ને રસ લાગતો નથી. એ સ્વાભાવિક છે કે માણસ પોતાની મેળે પોતાને માથે લે છે તે ઘણી મહેનતથી કરે છે. છોકરાંને પોતાની મેળે શોધવું પડે છે, ત્યારે તેઓ જાગૃત રહે છે, ને તેમને યાદ વધારે રહે છે. ઘણીક બાબતોમાં મહેતાજીનું કામ રસ્તો દેખાડવાનું છે, ઠેઠ લગી લેઈ જવાનું નથી. નિશાળે બધું શીખવી શકાતું નથી, ઘણું બાકી રહે છે તે માણસ મોટપણે પોતાની મેળે શીખે છે, માટે મેળે શીખવાનો મહાવરો નાનપણથી કરાવવો. લેખાંનો કે અંકગણિતનો દાખલો મંડાવ્યો તે ન આવડ્યો એટલે પાટીઆ ઉપર કરી જવો એ સહેલું છે; તેમજ વ્યાકરણ કરતા હોય ત્યારે કોઈ શબ્દ ન આવડે કે ખોટું કહે, ત્યારે ખરૂં હોય તે કહી દેવું એ સહેલું છે, પણ એથી છોકરાનું મન કેળવાતું નથી. તે દાખલો કેમ કરવો કે તેમાં શી રીતે ચૂક પડી ને તેવી ફરીથી શું કરે નહિ પડે, તે બતાવવું કઠણ છે; ખોટું શા કારણથી હતું, ને ખરૂં કેમ થાય એ

સમજાવવું મુશ્કેલ છે. મહેતાજી તો સહેજ કહી જાય છે, પણ તેથી છોકરાંને આવડતું નથી; છોકરો પોતે મહેનત કરે છે ત્યારેજ સમજે છે. બાળક છોકરાને હીંડતાં શીખવવું હોય તો તે તેને તેડેથી આવડતું નથી. હાથ પકડીને ચલાવતાં બહુ વખત જાય છે, પરંતુ તેમ ન કરતાં માબાપ હંમેશ હાથે કે કેડે લઈને ફરે તો છોકરૂં હીંડતાં શીખેજ નહિ, ને કદી ચાલી નહિ શકે. ભણવામાં જે અડચણ આવે તે પોતાની મેળે ખસેડવાની ટેવ પાડીશું, તો આગળ જતાં સંસારમાં અડચણ આવશે તે મટાડી શકશે. મનને સ્વતંત્રપણું શીખવવું એ ઘણું અગત્યનું છે. તેમાં આ દેશના લોકમાં તો એ સદ્‌ગુણની બહુ ખોટ છે, માટે તે વધારે ધ્યાનમાં રાખવો. છોકરાને હરકોઈ બાબત વિષે સવાલ પૂછ્યો, ને તેનો જવાબ તેમને ન આવડ્યો કે પાધરો કહી ન દેવો; બીજા રૂપમાં અથવા સહેલો કરીને કે તેનો થોડો ભાગ પૂછવો, થોડું કહેવું. એમ યુક્તિએ કરી તેમની પાસેથી જવાબ લેવાય તો ઠીક. "સરસ્વતી"નું મંદિર એવા ઉંચા ડુંગર પર છે કે તે પર જેને ચઢતાં ન આવડે તે ગબડી પડે છે. મહેતાજી નિશાળીઆને ખાંધે બેસાડી લઈ જાય, તેથી તેને ડુંગર પર ચઢતાં નહિ આવડે. મહેતાજી સરસ્વતીને ખોળે બેસાડી આવે, તોપણ તે પ્રસાદ આપે તે લેઈ ઘેર પાછા ન અવાય.

આ વિષય સમજાય તો કેળવણી અને ભણાવવાનો ભેદ ધ્યાનમાં ઉતરે; ભણાવવું અને ભણતા કરવા, પોતાનો વિચાર કહેવો ને બીજાને વિચાર કરતાં શીખવવું, એ કેવાં જુદાં છે તે જણાય. નિશાળે છતાં, ને નિશાળેથી ઊઠ્યા પછી મોટી ઉંમરે પણ મહેતાજીએ બતાવેલે માર્ગે હીંડ્યા જાય અને નવા રસ્તા ખોળે એવું કરવાને આ યુક્તિ બહુ કામની છે.

૭. ज्ञान करतां वधारे शीखववुं, पण शक्ति उपरांत शीखववुं नहि.

જેટલું છોકરાને આવડતું હોય તેટલાથી વધારે શીખવવું, પણ જે સમજવાની તેનામાં શક્તિ ન હોય તે ન સમજાવવું. જે પાઠ

કરવાને તેની બુદ્ધિ નથી તેવા પાઠ કે વિષય ન શીખવવા. જેમ જેમ તેમનામાં જ્ઞાન વધે છે ને ઉંમરે મોટા થાય છે, તેમ તેઓ વધારે તથા કઠણ બાબતો શીખી શકે છે, કેમકે તેમનામાં મનની શક્તિઓ જોરાવર થતી જાય છે. તેમની શક્તિના બળ પ્રમાણે તેમના ઉપર બોજો મૂકવો.

૨૦. આ સાતે શિખામણ અમૂલ્ય છે. એ મહેતાજીએ તથા આસિસ્ટંટ મહેતાજીએ નિરંતર પોતાના હૃદયે રાખવી, કદી વીસરવી નહિ. સારા જાડા કાગળ પર સોનેરી અક્ષરે લખી કાચના તકતામાં જડી હર રોજ નિશાળે જતી વેળા વાંચવા લાયક એ છે. હરેક પાઠ શીખવવામાં એનો ખપ છે.

प्रकरण २जुं.

प्रत्येक विषय शीखववाना विशेष नियमो.

૨૧. **अंकगणित**—આપણા લોક બાળકને ભણાવવાનો આરંભ એકડે એક શીખવવા માંડી કરે છે. એ વિદ્યાની સંસારમાં અગત્ય જોતાં એમ કરવું ઠીક લાગે છે. આપણે શીખવવામાં બે મતલબ ધ્યાનમાં રાખવી. એક તો એ કે દુનિયાદારીમાં કામમાં આવે, બીજી એ કે મનની શક્તિને કસરત આપે અને કેળવે. પહેલી મતલબ એના નિયમ અને દાખલા શીખવે પાર પડે છે. બીજો હેતુ એના નિયમનાં કારણ સમજાવેથી હાંસલ થાય છે. આપણી નિશાળોમાં એ બંને સામીલ રાખવાં. એ વિદ્યા શીખવવાનો આરંભ ચાલતી રુઢિ પ્રમાણે કરવો નહિ. જુની રીત એ છે કે પ્રથમ બાળકને એકડે એકથી સો સુધી અંકનું નામ પાઠે કરાવે છે, પણ એથી તેને અંકનું જરાએ જ્ઞાન થતું નથી. માત્ર શબ્દો અર્થ સમજ્યા વિના મોઢે કરે છે. અર્થ સમજે ને મોઢે કરે એ જોડે થવું જોઈએ, માટે અંક અને વસ્તુને પ્રથમથીજ ભેળાં રાખવાં. એક બદામ કે પાઈ, કે લાકડાનો કે ઠીકરાનો

કકડો, કાંકરો અથવા હર કોઈ જણસ બતાવીને આ એક છે એમ શીખવવું, પછી બે દેખાડી બે, ત્રણ દેખાડીને ત્રણ, એ પ્રમાણે એકથી દસ લગી શીખવવું. અંક જોડે સામીલ રાખવા ને ગણતાં શીખવવું, એથી બુદ્ધિને કસરત મળે છે અને મનોરંજક લાગે છે. છોકરાંને એમાં સમજણ ઘણી ધીમે ધીમે પડે છે, પણ તેની ફીકર નહિ. ચાકે વતી પાટીઆ ઉપર આંકા કરી પૂછવું કે કેટલા થયા? એક આંકો કરી કહેવું કે આ એક. પછી એકડો તેની નીચે લખી કહેવું કે એક આમ લખવો. પછી દરેક બાળકને તે લખતાં શીખવવો. પછી બે આંકા કરી પૂછવું કે કેટલા થયા? છોકરાં કહેશે કે બે. ત્યારે શિક્ષકે કહેવું કે ખરૂં. બે આંકાની તળે બગડો લખી કહેવું કે બે આમ લખાય છે, ને એને બગડો કહે છે. પછી તે બધા પાસે લખાવવો. એ પ્રમાણે ત્રણ, ચાર, પાંચ, વગેરે અંક શીખવવા. લખોટાયંત્રથી તથા બીજી વસ્તુઓથી અંક ખરા કરાવવા. અંકના લિસોટાને બદલે આંકડા લખાવાના કારણની સમજણ પણ પાડવી. આઠ લખવા હોય તે વારે આઠ એકડા લખીએ તેના કરતાં આઠડો લખીએ તે વધારે સુગમ છે, એવું આઠ આંકા કે એકડા અને આઠડો કહાડી દેખાડવું ને સમજાવવું. એ મુજબ દસ આવડે ત્યારપછી વધારે આંક લખવાની રીત જુદાં જુદાં ઉદાહરણ વડે સમજાવવી અને શીખવવી. નવ લગી એક આંકડાથી કામ ચાલે છે. એકડા ઉપર મીંડું જમણે હાથે મૂકે દસ કહેવાય છે. બે એકડા લખે અગિઆર, એકડાને જમણે હાથે બગડો લખે બાર કહેવાય. એમાં કેટલાકને વધારે ને કેટલાકને ઓછી સમજણ પડશે. કોઈ છોકરાને જરાએ નહિ પડે, પણ તેની ચિંતા નહિ. હર રોજ અડધો પોણો કલાક એ શીખવવામાં ગાળવો, અને તેટલોજ વખત કોઈ વસ્તુ ગણવામાં તથા તેને ઉમેરવા, ઓછા કરવા, ગુણવામાં ગુજારવો. બાકીના વખતમાં જુની રીત પ્રમાણે આંક ગોખાવવા. એ બંને રીત ભેગી રાખ્યાથી જે ફળ થાય છે તે બેમાંથી એકને વળગી રહ્યાથી થતું નથી. એક તરી ત્રણ, બે તરી ૭, ત્રણ તરી નવ, વગેરે આંક મોઢે કરે તેમાં લખોટા યંત્રવડે સમજણ પાડી શકાય તેટલી પાડવી, પણ એક પાડામાં સમજણ પડે ત્યારેજ બીજો આપવો એવું કરવાની

જરૂર નથી. સમજણ પડવા માંડશે એટલે સહેલું અને રસિક પણ લાગશે. વળી એની જોડે એવું પણ પૂછતા રહેવું કે છ ને બે કેટલા? સાત ને ત્રણ કેટલા? સાત ને બે કેટલા? જવાબ આપે તો કહેવું કે કેમ થયા તે આ લખોટા વડે દેખાડો. આઠમાંથી એક જાય તો કેટલા રહે? બે જાય તો કેટલા, વગેરે તરેહતરેહના હર રોજ નાનાં નાનાં મોઢાનાં સરવાળા બાદબાકી આરંભ કરનાર બાળકને પૂછી લખોટા-યંત્રથી સાચાં કરાવવાં. તેમજ આંકનાં પલાકાં પણ આંક શીખે તેમ તેમ પૂછતા રહેવું. આંક ઉપરથી ઝટ થઈ શકે તેવા હિસાબ શીખવવા. ઉદાહરણ, દુઆં આવડે ત્યારે એક પૈસાનું બશેર દૂધ તો બે પૈસાનું કેટલું? ચોકનો પાડો આવડે ત્યારે એક રૂપીઆનું ૪ શેર ઘી તો ચાર રૂપીઆનું કેટલું? સાત ને ત્રણ કેટલા? એ રીતે આંક વીસા સુધી આવડે અને આંકમાં સમજણ પડે ત્યારે સંખ્યાનો આરંભ અંક-ગણિતના પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે કરવો, અને ત્યારથી આંક અને અંકગણિત તથા લેખાં ધોરણ પ્રમાણે ચલાવવાં. ત્રણેના શીખવવાના વખત જુદા રાખવા. બધા આંક, લેખાં, અને આખું અંકગણિત પુરૂં થતા સુધી તેના અર્થ જોડે સમજાવતા જવું. પ્રદર્શન અને ઉદાહરણનો ઉપયોગ સદા કરવો ને પ્રત્યેક નવા શબ્દનો અર્થ સમજાવવો. ધાત શીખવતી વેળા તેમાં જે માપાદિક આવે તે બતાવવાં અને ધાત અને અંક પરથી દાખલા પૂછવા. અપૂર્ણાંક, દશાંશ, વર્ગ, ઘનાદિક બધા વિષયો શીખવવામાં એ પ્રમાણે કરવું. શીખવવાની રીતો તથા શિખામણો પ્રમાણે વર્ત્તવું.

૨૨. **વાચન**—એની શરૂઆત મૂળાક્ષરથી થાય છે. અર્થ વગરના ઘણા આકાર શીખતાં બાળકનું મન અકળાય છે ને તેથી તેને ભણવા પર કંટાળો આવે છે. એ પર નજર પહોંચાડી માજી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર હોપ સાહેબે હાલ ચાલતી પહેલી, બીજી, ને ત્રીજી ચોપડીઓ એવી યુક્તિથી રચાવી કે ત્રણે પુરી થતાં રસિક વાચનની જોડે બચ્ચાંને ગુજરાતી તથા બાળબોધ મૂળાક્ષરો તથા સાધારણ જોડાક્ષર આવડે. એમાં બતાવેલી રીતે શીખવવું અઘરૂં માલમ પડવાથી શિક્ષકોએ

જુની રીતે કક્કો પ્રથમથી ચલાવ્યો. પાછળથી તેમને તેમ કરવાની પરવાનગી મળી એટલુંજ નહિ, પણ જોડે બાળબોધ અક્ષરો અને બારાખડી શીખવવાનો હુકમ થયો. આ બાળકને દુઃખદાયક ખોટી રીતને અટકાવવાનો પ્રયત્ન ન થયો હોત તો એમાં જોડાક્ષર ભળત અને વખતે બાળકની બુદ્ધિને જડ કરી નાંખનાર અને તેમને વેઠ તથા સખત મજુરી કરાવનાર લિપિધારા કે શબ્દાવળી જેવી ચોપડી આવત. આ ભયંકર પરિણામ થવાની ધાસ્તી રહી નથી. છેલ્લો ઠરાવ એ થયો છે કે પહેલી ચોપડીની જોડે ગુજરાતી મૂળાક્ષર અને બારાખડી પહેલા ધોરણમાં જોઈએ. ચતુર અને કસબી શિક્ષક ચોપડીમાં બતાવેલી રીતે શીખવશે, પણ ઘણું કરીને છેલ્લા વર્ગને પહેલી ચોપડી ભણાવનાર અણુકસબી છોકરવાદ મોનિટર કે હલકો આસિસ્ટંટ હોય છે તેને ચોપડીની રીત કઠણ પડશે; માટે કક્કો અને પદ ચોપડીના સંબંધ વિના શીખવશે. એમ શીખવનારે પહેલી ચોપડી જોડે શીખવવા માંડવી. વખતપત્રકમાં બેનો વખત નોખો રાખવો. એથી બાળકના મનને અર્થ વિનાના અક્ષરોની જોડે રસિક વાંચવાનું મળશે તેથી ઠીક લાગશે. અક્ષર ઓળખવામાં કાળા પાટીઆનો ઉપયોગ મસ કરવો.

૨૩. પહેલી ચોપડી પાંચ ૭ વર્ષના નાના છોકરાને માટે રચેલી છે. જે નાના શબ્દો તેઓના જાણવામાં છે તે વડે તથા જે સાધારણ વસ્તુઓ તેઓ ઘરમાં દેખે છે કે વાપરે છે તેનાં નામ વડે જોડેલાં નાનાં વાકયો એમાં છે. અક્ષર ઓળખવાનો અને થોડું વાંચવાનો તેમની આંખને મહાવરો કરવાનો હેતુ માત્ર ધાર્યો છે. એ ચોપડી શીખવતાં આવડે તો બચ્ચાંને રસિક લાગે. મા એટલે શું? ઘી એટલે શું? એવી વ્યાખ્યા કે અર્થ કરવા કે પૂછવા નહિ. એવા જવાબ દેવાની હજી એમનામાં શક્તિ નથી. શિક્ષકે વાકય વાંચી તે પ્રમાણે નિશાળીઆને વંચાવવું. પછી તેમાં જે શબ્દો હોય તે વિષે આમ પૂછવું,—તારી માએ તને કાલે શું ખાવા આપ્યું હતું? આજે શું આપશે? તારી મા ઘરમાં શું કામ કરે છે? રાંધે છે કોણ? તું ઘી શેમાં ખાય છે? ઘી શેનું થાય છે? લાડવામાં શું હોય છે? બીને ભોંયમાં વાવીએ તો શું

થાય? તેલ કોણ વેચે છે? તેલ શા કામમાં આવે છે? બીજી ને ત્રીજી ચોપડીઓ પણ એજ રીતે શીખવવાથી મનોરંજક લાગશે. જોડણી શીખવવામાં કાળા પાટીઆને બહુ કામે લગાડવું. વાંચેલો પાઠ નિત્ય સ્લેટ પર બરૂની લેખણવતી લખાવવો અને તે લખેલું શીખવનારે સુધારવું. વાચનની સાથે ચોપડીઓમાં તે શીખવવાની રીત લખી છે તે શિક્ષકે લક્ષમાં રાખવી અને યોગ્ય જણાય તેમ તે પ્રમાણે કે તેમાં થોડો ફેરફાર કરી વાચન શીખવવું. વિચારવંત મહેતાજીને યોગ્ય દીસે તેમ અનુકૂળ પડે તો રીતમાં ઘટતો ફેરફાર કરવાની છૂટ છે. એકની એક ઢબથી કંટાળો આવે છે.

૨૪. વાંચતાં શીખવવામાં ચાર બાબત પર લક્ષ દેવું. (૧) શુદ્ધ ઉચ્ચાર, (૨) સહેલથી વાંચવું, (૩) ઘટતી ઉતાવળે વાંચવું, (૪) પોતાથી તથા સાંભળનારથી અર્થ સમજાય તેમ વાંચવું; પ્રશ્નાદિ ચિહ્ન હોય તે દર્શાવાય તેમ વાંચવું.

(૧) છોકરા જેવું સાંભળે છે તેવા ઉચ્ચાર કરતાં શીખે છે. જેમની પાસે તેઓ રહે છે તેમના જેવું બોલે છે. કાન ઉપર જેવા અવાજ પડે તેવા બોલવાની કોશીશ માણસ કરે છે. એ કોશીશમાં ખામી પડે તે ઉપર શિક્ષકે આંખ આડા કાન કરવા નહિ. ભૂગોળવિદ્યા વગેરે હરેક વિષયમાં જેવો ખોટો ઉચ્ચાર કરે કે તરત તેને પકડવો ને ફરીને શુદ્ધ કહેવડાવવો. વાંચતી વેળા જે નિશાળીઆ નઠારા ઉચ્ચાર કરે તેમની કને ખરા બોલે ત્યાં લગી ફેર બોલાવવા. કયે ઠેકાણે જીભ રાખ્યાથી ખરો ઉચ્ચાર થશે તે કહેવું ને કરી દેખાડવું. વાતચીતમાં પણ ખોટા ઉચ્ચાર કરે એટલે ટોકવો.

(૨) સહેલથી વાંચવા સારૂ આંખ કેળવાએલી, તથા શબ્દોની માહીતગારી હોવી જોઈએ. એ બે વાનાં હોય તો ઝટ ઉકલે. શુદ્ધ ઉચ્ચારની જોડે સહેલથી વાંચવું. મુખમાંથી એક શબ્દ બોલાઈ રહે ત્યાર પહેલાં તો આંખે આગળ જઈ તેની પછીના બીજાને પકડવો જોઈએ. એવું થાય તોજ સરળ વંચાય. વાંચતાં વાંચતાં દમ ભરાઈ જાય

ને કઠણ પડે એવું થવા ન દેવું. વિરામચિહ્નો પ્રમાણે થોભવું, બોલે બોલે અટકવું નહિ.

(૩) સહેલથી વાંચવું એનો અર્થ બહુ ઉતાવળે વાંચવું એવો નથી. શબ્દોને દોડાવી દેવા નહિ. એમ દોડેથી સાંભળનાર હરેક શબ્દને ઝાલી શકતો નથી. આપણે વાત કરીએ છીએ તેમજ મધ્યમ ઉતાવળથી વાંચવું.

(૪) વાંચ્યું તેનો અર્થ સમજાય અને યાદ રહે એટલું ચાંપીને વાંચવું. વળી તેમાં આશ્ચર્ય, દીલગીરી, હાસ્ય, કરુણા, વગેરે રસ હોય તો તે પણ જણાઈ આવે તેમ વાંચવું. લખનારના વિચાર તથા મનોભાવ વાંચનાર અને શ્રોતા બંને સમજે એવું વંચાય તે ઠીક. પ્રશ્ન હોય તો પૂછતા હોઈએ તેમ વાંચવું.

૨૫. વાંચવામાંએ પાયરીબંધ ચઢવું. છોકરાના કાન તથા જીભને જે બોલ જાણીતા હોય તે પહેલા વંચાવવા; પછી અજાણ્યા પણ સહેલથી સમજાય ને બોલાય તેવા, ને છેલ્લે કઠણ. નવી વાચનની ચોપડીઓ એ પ્રમાણે રચી છે.

૨૬. વાંચવામાં ભૂલો થાય છે તે, તથા તેને સુધારવાની યુક્તિઓ:—

(૧) શબ્દ તથા વાકયોમાં ઘણો ભેદ નહિ જણાય એમ વાંચે છે. એ ઘણું કરીને બીકથી, કે શરમાળપણાથી, અથવા બીજાને એવું કરતાં જોયાથી કે બેફીકરાઈથી થાય છે. એ ટેવ છોડાવવાનો ઉપાય એ છે કે ધીમે અને ભાર મૂકીને વંચાવવું, અને કોઈ અક્ષરનો ઉચ્ચાર ખરો ન કરે તો તેના ઉપર નિત્ય કસરત આપવી, એટલે તે રોજ કે જ્યારે વાંચવામાં આવે ત્યારે બોલાવવો ને શીખવવો.

(૨) શબ્દ મૂકી દે છે અથવા એકને બદલે બીજો બોલે છે, જેમકે છતરીઓને ઠેકાણે છરીઓ. એવે ઠેકાણે ખોટો બોલ પેલા ખરા બોલને ઘણો મળતો હોય છે. વાંચતાં મૂકી દે છે તે બોલ ઘણું કરીને નાનો હોય છે, એ બહુ ધ્યાન નહિ આપ્યાથી થાય છે. ઝડપથી વાંચનારા છોકરા પણ એમ કરે છે. કોઈની આંખ તે ઉપર થઈને વહેલી ચાલી જાય છે, ને કોઈની આંખમાં શબ્દનો ભેદ નથી

આવતો. માટે ઉતાવળે વાંચનારને ચિત્ત દેઈને વાંચતાં શીખવવું, કે શબ્દ રહી ન જાય, અને ધીમે વાંચનારને એક એક બોલ છુટો જોડાવવો.

(૩) કેટલાએકને અક્ષરના ખરા ઉચ્ચાર કરતાં નથી આવડતા, એ પણ ઘણી સાધારણ ભૂલ છે. 'સ'નો ઉચ્ચાર 'હ' જેવો અથવા 'શ' જેવો કરે છે; 'શ'નો ઉચ્ચાર 'સ' કરે છે; 'ક'નો 'ખ' ને 'ખ'નો 'છ' જેવો ઉચ્ચાર કરે છે. કોઈ 'ત'નો 'ટ' ને 'ટ'નો 'ત', વગેરે ભૂલો કરે છે. એનો ઉપાય એજ છે કે જે અક્ષરો બરાબર બોલે નહિ તે સંભાળીને વારે વારે નિત્ય બોલાવવા, નિત્ય તેના ઉપર પાઠ આપવો, અને જયારે જયારે ખોટા કે નઠારા ઉચ્ચાર સાંભળવામાં આવે ત્યારે સુધાર્યા વગર રહેવુંજ નહિ.

(૪) વાંચેલું ન સમજ્યાથી અથવા અધુરૂં સમજ્યાથી પણ ચૂકો થાય છે. જે શબ્દ મોટા, ભારે અને અસાધારણ હોય છે, તેના, જેમકે કઠણ સંસ્કૃત, ફારસી, કે અરબી, વગેરેના ઉચ્ચાર ખોટા કરે છે. એ ચૂક સુધારવાનો ઉપાય એ છે કે એવા શબ્દના અર્થ અગાઉથી સારા સમજાવવા, અને તેના ભાગ કરી દેખાડવા. પછી તે એક એક ભાગ બોલાવી તેનો ઉચ્ચાર કરાવવો ને અર્થ સમજાવવો. એક એક છોકરા પાસે ઉચ્ચાર કરાવવો ને સઘળા પાસે જોડે કરાવવો. એવી ભૂલ કદી જવા દેવી નહિ. વાકયોનો અર્થ ને લખનારના વિચાર ન સમજ્યાથી ભૂલો કરે છે, તે પણ આજ વર્ગમાં ગણાય છે. આકૃતિ અને અર્થ જુદા પાડવાની ટેવ પડવાથી એવી ચૂક કરે છે. માટે એવી ચૂક પહેલેથીજ પડવા ન દેવી, ને હંમેશ શબ્દે- શબ્દના છુટા અર્થ સમજાવવા. પછી આખા વાકયનો સામટો અર્થ સમજાવવો, તથા તે પાઠ શીખ્યા પછી તેની મતલબ લખી લાવવાને કહેવું અથવા તેમાંના કઠણ શબ્દોને બીજા વાકયમાં વાપરી લખી મંગાવવા.

(૫) શબ્દેશબ્દનો અર્થ સમજે, ઉચ્ચાર ખરો કરે, તથા વાકયનો અર્થ પણ સમજે, એવું છતાં પણ ઘણી વાર માલમ પડે છે કે છોકરા ગીત ગાતા હોય તેમ વાંચે છે, અથવા છેડેથી લંબાવે

છે, કે બહુ ઉતાવળે વાંચે છે, અથવા વાંચવામાં ઢોંગ કે ડોળ કરે છે, એટલે જ્યાં ભાર ન મૂકવો જોઈએ ત્યાં મૂકે છે ને જ્યાં જેવી રીતે ન વાંચવું જોઈએ ત્યાં તેવી રીતે વાંચે છે. તેમના મનમાં તો એવો વિચાર કે અમે સારૂં વાંચીએ છીએ, અને બીજાને એમ દેખાડવું કે અમે વાંચવામાં ખબરદાર છીએ. એ ખોડ મટાડવાનો ઉપાય એક તો એ કે એવું વાંચનારની સારા સ્વભાવથી જરા મશ્કરી કરવી, જેમકે આપણે પણ તેમ વાંચી જરા બધાને હસાવીએ. એથી ઘણી વાર સારી અસર થાય છે; પરંતુ કોઈ વાર ખોટી અસર પણ થાય છે, માટે છોકરાને ઘણું માઠું લાગે એમ ન કરવું. એટલે વારે વારે ન કરવું, ને જ્યારે કરવું ત્યારે થોડું કરવું. બીજો ઉપાય એ છે કે શીખવનારે પોતે વાંચી દેખાડવું, ને છોકરા પાસે તેમ વંચાવવું.

૨૭. વાંચવા વિષે નીચેના ધારા યાદ રાખવા:—

(૧) ધીમે વાંચવું, પણ ગાતા હોઈએ તેમ વાંચવું નહિ.

(૨) શબ્દેશબ્દ સંભળાય તેમ વાંચવું, પણ બહુ મોટો ઘાંટો કહાડી વાંચવું નહિ. ને છેક હળવે સાદે પણ વાંચવું નહિ.

(૩) સાંભળનાર ઉપર અસર થાય તેવી રીતે વાંચવું, પણ ડોળ કરી વાંચવું નહિ, એ બેમાં ફેર એટલો છે કે આગલામાં ખરે ઠેકાણે ભાર મુકાય છે ને વિસામો ખવાય છે, તથા જેવી ધાટી જોઈએ તેવી રીતે બોલાય છે, અને બીજામાં એવું થતું નથી.

(૪) એકસરખે સાદે કે ઢબે વાંચવું નહિ.

(૫) સાધારણ નિયમ એ રાખવો કે જેવું વાતચીતમાં બોલીએ છીએ તેમ વાંચવું, અને જે વિષયને જેવું શોભે તેવું વાંચવું. જાણે એક વાર્તા વાંચતા હોઈએ તો તે વાર્તા કહેતા હોઈએ તેમ વાંચવું.

૨૮. વાચનની ચોપડીઓ શીખવવાના નિયમો:—

(૧) મહેતાજીએ પોતે ઘણું તપાસીને શુદ્ધ વાંચવું અને બોલવું.

(૨) હંમેશ તપાસ રાખવી કે છોકરા વાંચે છે તે સમજે છે કે નહિ.

(૩) વાંચવાના પાઠ લાંબા ન આપવા; પાઠ નાનો આપ્યો હોય તો ચિંતા નહિ, પણ તે તેજ દિવસે સારો વંચાવવો, અને બીજે દિવસે પાછો ઘેરથી ખૂબ વાંચી મંગાવવો. જો સારો વાંચી ન લાવ્યા હોય તો ફરીને તેજ પાછો આપવો. થોડા કાળ સુધી એવી મહેનત પડશે. સારૂં વાંચવાની રીત આવડી એટલે પછી ઉતાવળે ચાલશે.

(૪) વાંચવાના (કે બીજા કોઈ પણ) પાઠમાં ભૂલ જવા દેવી નહિ.

(૫) આ પાઠ ઘેરથી વાંચી લાવજો એમ કહેવું નહિ, પણ વાચનને વખતે શીખનારને વાંચતાં ન આવડે તો પોતે વાંચી દેખાડવો, અને તે પ્રમાણે તેમને શીખવવો.

(૬) પાઠનો ભાવાર્થ જ્યારે પ્રથમથી નિશાળીઆને જણાવવાની જરૂર હોય ત્યારે શિક્ષકે પહેલવહેલો બધા છોકરા સાંભળે ને સમજે એમ આખો પાઠ વાંચી જવો. એ વેળા છોકરા ધ્યાન આપી સાંભળે. પાઠનો વિષય શો છે તે એથી છોકરા આરંભથી જાણશે, પણ ઘણું કરીને આમ કરવાની ગરજ પડતી નથી. વર્ગમાં નિશાળીઆ થોડા હોય તો એક એક છોકરાને વંચાવવું, તેને ન આવડે તો ભૂલો બતાવવી, તથા પોતે વાંચી દેખાડવું.

(૭) પછી શીખવનારે તેમાંના કઠણ શબ્દોના અર્થ, મૂળ, પ્રત્યય, ઉપસર્ગ, વગેરે પૂછવાં તથા વાંચેલાં વાકયોમાં અલંકાર અથવા અજાણી બીના વગેરે હોય તે પૂછવું ને સમજાવવું. શું વાંચ્યું તે કહી જા કે વાંચ્યું તેની મતલબ બોલ એમ કહી રાજી રહેવું નહિ. સમજ્યા વિના ઘણા નિશાળીઆ તે કહી જશે.

(૮) પહેલી, બીજી, તથા ત્રીજી ચોપડી શીખતા હોય તેમની કને નિત્ય પોતાનો પાઠ ચોપડીમાં જોઈને લખાવવો. ચોથી ચોપડી વાંચતા હોય તેમની કને ચોપડીમાં જોઈ પાઠની મતલબ લખાવવી. એ કઠણ છે માટે શીખવવું. એમાં ચોપડીમાં જે શબ્દો લખ્યા હોય તેનાથી જુદા પરંતુ તેજ અર્થના સહેલા શબ્દો હોય તો તે વાપરતાં શીખવવું. પાંચમી ચોપડીથી આખો પાઠ વાંચી રહ્યા પછી દરેક

પાઠમાં જે કહ્યું હોય તે ચોપડી બંધ કરાવીને વખતે મોઢે પૂછવું, ને વખતે સ્લેટ ઉપર લખાવવું. એકે પાઠ એમ પાકો તપાસ્યા વિના જવા દેવો નહિ સુનીતિ, વિદ્યા, વગેરેના પાઠોમાં જે જ્ઞાન છે તે ચોપડીમાંજ રહે તે કામનું નથી, નિશાળીઆના મનમાં દાખલ થવું જોઈએ.

૨૯. આ ધારા વિષે જરા વધારે લખવાની જરૂર છે. આપણી નિશાળોના પહેલા વર્ગના છોકરાને પૂછીએ કે તમે કઈ ચોપડી સુધી શીખ્યા છો, ત્યારે કહેશે પાંચમી કે છઠ્ઠી કે સાતમી. જેટલી વાંચી હોય તેટલી કહે છે, ને ચોપડી હાથમાં આપી જે પાનું વંચાવીએ તે ઘણું કરીને ઠીક વાંચે છે. પણ આપણે કહીએ કે ચોપડીમાંની બાબતો અમારે પૂછવી છે તે કહી શકશો, તો ઘણાક ના કહે છે. એ ઉપરથી એમ જણાય છે કે મહેતાજીના સમજવામાં એવું છે કે એ ચોપડીઓ ફક્ત વાંચતાં શીખવવાની છે પણ તેમની એ સમજણ ખોટી છે. જેમ ભૂગોળવિદ્યા, ઇતિહાસ, ને વ્યાકરણ પાઠે કરવાનાં છે, તેમજ એ ચોપડીઓના પાઠમાં કહેલી અગત્યની બાબતો મોઢે કરાવવાની છે. એ ચોપડીઓમાં જે ઉપયોગી ને બોધકારક વિષયો છે તે કોઈ પૂછે ત્યારે છોકરા જવાબ દઈ શકે એમ શીખવવા. થોડાક મહેતાજીઓ હમણા પાઠની મતલબ મોઢે કરાવે છે ખરા, તથાપિ તેઓ આંખ મીચીને કરાવે છે, એટલે ચોપડીમાં હોય તે છોકરા કહે પણ તેનો ભાવાર્થ સમજતા નથી ને વિસ્તાર કરી શકતા નથી, કેમકે મહેતાજીએ તેમને સમજાવેલો નહિ. ઉદાહરણ; પાંચમી ચોપડીમાં ત્રણ દૈત્યની વાત લખી છે, તેનો ભાવાર્થ કેટલાક છોકરાને પૂછતાં કહે છે કે ત્રણ દૈત્ય આપણા દેશમાં નથી. કોઈ ડુંગરોમાં રહેતા હશે. કેટલાક કહે છે કે ઉંચા પર્વત ઉપર તેઓ રહે છે, ને તેઓ માણસ કરતાં તો બહુજ મોટા છે. કેટલાક છોકરા તે દૈત્યનાં વરાળીઓ વગેરે નામ પણ જાણે છે. પણ વરાળીઓ તે શું એ કહી શકતા નથી. જુઓ કેવી ફજેતીની વાત ! બીજાં ઉદાહરણ આપી શકીએ, પણ ચેતવણી આપવાને આ એક બસ છે. હરેક પાઠ અને વિશેષે કરીને દરેક અગત્યના પાઠને

શીખવતી વેળા તે વિષે ઘણી ચર્ચા કરવી, શબ્દાર્થ, ભાવાર્થ, મતલબ, ઘટારત વિસ્તાર, તે વિષે પોતાનું મત તથા છોકરાનાં મત, તથા બીજા લોકના વિચારાદિ ઉપર ખૂબ ચર્ચા કરવી, ને છોકરાની બુદ્ધિને કસવી.

૩૦. ભૂગોળવિદ્યા—એ વિષયથી માણસને પૃથ્વીનું જ્ઞાન થાય છે. એના વગર ઇતિહાસ આવડી શકતો નથી. જેઓ ભૂગોળવિદ્યા તથા ઇતિહાસ ભણ્યા નથી તેઓ યોગ્ય કેળવણી પામેલા કહેવાય નહિ. ભૂગોળવિદ્યા અને ઇતિહાસ એક એકને વળગેલાં છે. જેમને ભૂગોળવિદ્યા આવડતી નથી તેઓ એમ સમજે છે કે આપણો દેશ એજ દુનિયા છે. પરમુલકના લોક વિષે તેઓના વિચાર અજબ તરેહના હોય છે. ભૂગોળવિદ્યામાં જે લોક અજ્ઞાન હોય છે તેઓમાં વહેમ બહુ હોય છે, તેઓના ઉદ્યમને હરકત પહોંચે છે, તેમના રાજ્યની ખરાબીનું એક તે મુખ્ય કારણ થાય છે, માટેજ એ વિદ્યા કેળવણીનો મુખ્ય ભાગ ગણાય છે. પાટીઆ ઉપર નકશો ચીતરી તથા છાપેલો નકશો જોડે રાખી એ વિદ્યા શીખવવાની રીત ખુલાસાથી હોપકૃત ભૂગોળવિદ્યામાં લખી છે તે પ્રમાણે વર્ત્તવું.

૩૧. ઇતિહાસ—ઇતિહાસ શીખવવાની મતલબ આ દેશના થોડાજ શિક્ષકો જાણે છે, અને એ સારી રીતે શીખવી શકવાને જેટલું જ્ઞાન જોઈએ તેટલું એથીએ થોડાને છે. એથી એ ઉપયોગી વિદ્યાનો લાભ ગુજરાતી નિશાળોમાં લેવાતો નથી. આ દુનિયા એક મોટી નાટકશાળા છે, જેમાં અનેક પ્રજાઓ જુદે જુદે કાળે જુદા જુદા વેશ રમે છે; નટ અને નટી બહુ રૂપે દેખા દે છે. સ્વાધીન અને પરાધીન પ્રજાને, સ્વૈચ્છિક રાજાને, પ્રજાસત્તાક રાજ્યોને, સાહસિક અને બાયલા, સાચા અને જુઠા, ભલા અને ભુંડા, ધર્માંધ, વહેમી, ધર્મી, અધર્મી, ઢોંગી, લુચ્ચા, ક્રૂર, ચોરટા, શાણા, વગેરે સદ્‌ગુણી અને દુર્ગુણી માણસોને પોતાના ખેલ કરતા અહીં જોઈએ છીએ; કોઈ પ્રજા કોઈ વખત આબાદી અને ચઢતી કળાને પામે છે, વિદ્યા હુન્નરમાં પ્રવીણ થાય છે, કોઈ બીજા દેશો જીતી લે છે અને રાજસુખ ભોગવે છે;

વળી તેજ લોક પાછા પડે છે. દેશ કંગાળ થાય છે; વિદ્યા ને લક્ષ્મી દેશમાંથી રિસાઈ જાય છે; રાજ ખોઈ દુર્દશાએ પહોંચે છે; વગેરે ઘણાક બોધકારક બનાવોનું જ્ઞાન આપણને ઇતિહાસવડે થાય છે. વિદ્વાનો એનું પૃથક્કરણ કરે છે અને તેનાં આદિકારણ બતાવે છે. એ બધાથી આપણા લોક અજાણ્યા છે. ચાલતા સમયમાં કઈ પ્રજાઓ ચઢતી કળાએ છે, કઈ અધમ અવસ્થામાં છે, કઈ સુધારામાં આગળ છે, કઈ કુધારામાં ગરક થઈ ગઈ છે, કઈ હજુ સુધારાને રસ્તે ચઢી નથી, કઈમાં સ્વદેશાભિમાન છે ને કઈમાં નથી, વગેરે અતિ ઉપયોગી ને મનોરંજક વિષયોનું જ્ઞાન ઇતિહાસથી મળે છે. પોતાના દેશનો ઇતિહાસ શીખતી વખતે પસંગોપાત બીજા દેશોનો ઇતિહાસ જોડે મુકાબલો કરવાને ઇતિહાસ શીખવનારને બહુ ગ્રંથનું જ્ઞાન જોઈએ, એવું આ ઉપરથી સાફ જણાય છે. ગ્રંથકર્તાના કહેવા ઉપર ભરોંસો હંમેશ ન રાખતાં પોતાના વિચાર પણ જણાવવા જોઈએ, તથા વિદ્યાર્થીના વિચાર પૂછવા જોઈએ. નાના છોકરાને ઇતિહાસ શીખવવામાં આટલા બધાનો ખપ નથી, કેમકે તેઓથી એટલું બધું સમજી યાદ રાખી શકાતું નથી. એ માટેજ નિશાળોમાં ચાલતી ચોપડીઓમાં તેમને સારૂ માત્ર સાર બહુ ટુંકામાં લખ્યો છે. એ સાર શીખવવામાં પણ ઘણી ચતુરાઈ જોઈએ છે; એમાં મહેતાજી તરફથી ઘણુંક ઉમેર્યા વિના તેમાં સમજ પડતી નથી. ભૂગોળ અને નકશો, આસપાસના દેશોના ઇતિહાસ, ઉદાહરણ, નીતિ, લોકની હાલત, વગેરે ઘણીક વાત પર એ વખત શીખનારના જ્ઞાનના પ્રમાણમાં લક્ષ આપવું પડે છે.

૩૨. (૧.) પાઠને લગતી ઘટતી સમજ, દૃષ્ટાંત, વિશેષ વર્ણન, વાર્તા, વગેરેથી પાઠને મનોરંજક કરવો. એ કરવામાં શીખનારની ઉંમર અને જ્ઞાન નજરમાં રાખવાં.

(૨.) ઇતિહાસમાં જે કાળ અને બાબત વધારે ઉપયોગી હોય તે ઉપર વધારે ધ્યાન આપવું. જેમકે જે વખતમાં કળાકૌશલ્યનો વધારો તથા નવા શોધ થયા હોય, કે સારા કાયદા બંધાયા હોય, વિદ્યા અને દોલતમાં વધારો થયો હોય, પ્રજાએ નવા હક્ક મેળવ્યા

હોય. કોઈ મોટો પ્રતાપી રાજા થઈ ગયો હોય, વગેરે વધારે અગત્યની બાબતો વધારે લક્ષથી શીખવવી.

(૩.) રાજરીતિની અસર તથા પ્રજાની ચડતીપડતીનાં કારણ વગેરે જણાવવાં. વિચાર કરતાં તથા ઉપયોગી અનુમાન કહાડતાં શીખવવું.

(૪.) જુદા જુદા બનાવોમાં વધારે અગત્યનો કયો છે ને ઓછો અગત્યનો કયો છે તે દેખાડવું.

(૫.) ચોપડીમાં લખેલું માત્ર પાઠે કરાવવાથી થોડોજ ફાયદો છે. છોકરાની સમજવાની શક્તિ પ્રમાણે વિશેષ સમજણ આપવી અને બોધ કરવો જોઈએ. ભૂગોળવિદ્યા આવડતી હોય તોજ ઇતિહાસમાં બરાબર સમજ પડે છે. ઇતિહાસ શીખવતી વખત નકશો પાસે રાખવો.

૩૩. વ્યાકરણ તથા સ્વભાષા.—એ બે બાબતો જોડે જોડે શીખવાય છે. ભાષાનું પૃથક્કરણ તેજ વ્યાકરણ છે. વ્યાકરણથી બુદ્ધિને સારી કસરત મળે છે, તથા ભાષામાં વહેલી અને સારી સમજ પડે છે. દેશની બોલી બદલાતી નથી. છોકરાની બુદ્ધિ કેટલીક વિસ્તાર પામ્યા વગર વ્યાકરણમાં તેમને સમજણ પડતી નથી, માટે શરૂઆતમાં જેમ સહેલું કરીને શીખવાય તેમ સારૂં. એ શીખવવાની રીત હોપકૃત વ્યાકરણમાં લખી છે. એનો આરંભ આ રીતે પણ કરી શકાય. કાળા પાટીઆ ઉપર એક વાક્ય લખવું જાણે ‘ જાડી લેખણ પડી છે.’ છોકરાને પૂછવું કે એમાં કેટલા શબ્દ છે? જવાબ દેશે કે ત્રણ, ૧ જાડી, ૨ લેખણ, ૩ પડી છે. એ વખતે જાડી લેખણ ત્યાં હાજર જોઈએ. તે છોકરા પાસે હાથમાં લેવડાવવી, પછી કહેવું કે ‘પડી છે’ તે શું હશે? છોકરા ગભરાશે, અથવા ગમે તેમ જવાબ દેશે. ‘જાડી’ લાવો એમ કહેવું; તે વારે પણ તેમ થશે. પછી ત્રણ નામ લખવાં; જાણે પેન, કાંકરો, ખડીઓ. છોકરાને પૂછવું કે એમાં કેટલા બોલ છે? જવાબ ત્રણ. ઉપલામાં કેટલા છે? ત્રણ. એ ત્રણ લાવો. પેન આપો. કાંકરો આપો, ખડીઓ આપો. છોકરા ત્રણે આપશે. ત્યારે ઉપલા વાક્યમાંના ત્રણ કેમ નથી આપતા? છોકરા ખરો જવાબ નહિ દઈ શકે. પણ ફીકર નહિ, આપણી મતલબ એજ છે. શબ્દ શબ્દમાં ભેદ બતલાવવો હતો તે તેમણે જોયો.

પછી કોઈ છોકરાનું નામ લખવું. જાણે જીવણ. પછી કહેવું કે જીવણ આપો. છોકરા કહેશે સાહેબ જીવણ તો આ છોકરાનું નામ છે. ત્યારે કોઈ બીજા છોકરા ભણી આંગળી કરી પૂછવું એનું નામ શું? તેનો જવાબ આપે એટલે ભીંત તરફ આંગળી કરી પૂછવું એનું નામ. શું? એમ છાપરૂં, બારી, પાટીઉં, વગેરે દસ બાર જણસો ભણી આંગળી બતાવી તેનાં નામ પૂછવાં. પછી કહેવું, માણસ, જનાવર, ઝાડ, વગેરેનાં પાંચ નામ સ્લેટ ઉપર લખો. તે લખી રહે એટલે દરેક જણ પાસે પોતપોતાનાં વંચાવવાં. એ થઈ રહ્યા પછી વખત રહે તો વધારે દાખલા માગવા. ત્યાર પછી કેટલાક દિવસ સુધી એજ મનોયત્ન જારી રાખવો. મોઢે નામ પૂછવાં તથા વાંચવામાં આવે તે પણ પરખાવવાં. એ રીતે નામ ઓળખતાં આવડે એટલે વિશેષણ એજ પ્રમાણે સમજાવવાં. વ્યાકરણની ચોપડી હાથમાં લેવીજ નહિ, અને વ્યાકરણનું નામ લેવાની પણ કશી જરૂર નથી. ઉપર મુજબ કેટલાક બોલ કાળા પાટીઆ ઉપર લખવા, એવા કે તેમાં જુદાં જુદાં વિશેષણ આવે. જેમકે લીલું પાંદડું, પીળું પાંદડું, વળી કાળી પાઘડી, મોટો ખડીઓ, વગેરે નજરે દેખાડી શકાય તેવી વસ્તુનાં નામ તેના ગુણ સહિત વાકયમાં આવે. એમ અનુભવ ઉપરથી ગુણ બતાવનારા બોલને ઓળખી કહાડે ત્યારે કહેવું કે એને વિશેષણ કહે છે. એ શબ્દને જોડણીસહિત ગોખાવવો. એ બેમાં સમજ પડી કે નહિ તે જાણવા માટે કેટલાક દિવસ લગી વાચન વગેરેના પાઠમાંથી નામ તથા વિશેષણ શોધાવવાં. સર્વનામ અને ક્રિયાપદ પણ એમ યુક્તિથી શીખવવાં. અવ્યય સમજ્યા પહેલાં જાતિ વચન વિષે થોડી સમજણ પાડવી. ઝીણા અને વિશેષ ભેદ આ વખતે છોડી દેવા. માત્ર મોટી મોટી બાબત સમજાવવી. શબ્દનાં રૂપમાં ફેરફાર થયા છે એવું કંઈક સમજાશે ત્યાર પછી જે શબ્દનાં રૂપમાં ફેરફાર થઈ શકતો નથી તે અવ્યય એમ સમજાવવું ઠીક પડશે. પછી પાછા ફરવું, ને નામ, વિશેષણ, સર્વનામ, ક્રિયાપદ, અને અવ્યય સંબંધી વ્યાકરણની ચોપડીમાં છે તે વિસ્તારથી એજ રીતે અર્થસહિત શીખવવું. એ વખતે છોકરાને વ્યાકરણની ચોપડી વેચાતી લેવાની ભલામણ કરવી, અને તેમાંના અનુક્રમે

તે ચલાવવું. પણ તેની જોડે વાચનની ચોપડીમાંથી પદચ્છેદ પૂછતા રહેવું. પદચ્છેદ શીખવવાનો કાળ વાચનથી જુદો રાખવો.

૩૪. વ્યાકરણની જોડે ગુજરાતી ભાષામાં સમજ પાડતા જવું. વાક્ય ખોટાં લખાવવાં અને પછી તે શીખવેલા નિયમ પ્રમાણે સુધરાવવાં. ખોટાં વચન, જાતિ અને કાળમાં ભૂલ, સર્વનામ ખોટાં, વગેરે અનેક રીતની ભૂલ તેઓ પકડી શકે છે કે નહિ એ જાણવાનાં મનોયત્ન આપવાં. એથી ખરી ભાષા લખવાની ટેવ પડશે ને તે આગળ બહુ કામમાં આવશે. શુદ્ધ વાક્ય જોડતાં શીખવવું, અને વાક્ય જોડતાં આવડે એટલે વિષય લખતાં શીખવવું. ઉપલા વર્ગમાં આને માટે જુદો વખત રાખવો કે બની શકે તો વ્યાકરણના કાળમાંથી લેવો.

૩૫. **વાક્ય જોડતાં શીખવવાના ધારાઃ**—(૧) વ્યાકરણના નિયમોનાં ઉદાહરણવડે વાક્યરચનાનો આરંભ કરવો. વ્યાકરણમાં કંઈ સમજણ પડવા માંડે એટલે સહેલાં વાક્ય જોડાવવાનો આરંભ કરવો ને વ્યાકરણની જોડે જારી રાખવો.

(૨) જેમ લેખાંના દાખલા કરાવીને તે ઉપરથી લેખાંની કુંચી કઢાવીએ છીએ, તેમ વાક્યો જોડાવીને તે ઉપરથી વાક્ય રચવાના નિયમો નિશાળીઆ પાસે કઢાવવા.

(૩) વાચન વગેરેની ચોપડીઓનાં વાક્યની પૃથક્કૃતિ કરાવવી, અને તેમાંના શબ્દોના અનુક્રમ, અન્વય, સંબંધ, રૂપ, ને અધિકાર શીખવવા, અને શબ્દોની એક એક પર અસર થતી હોય તે બતાવવી. પછી તેવાં બીજાં ઉદાહરણ તેમની પાસે લખાવી મંગાવવાં.

(૪) એક કર્ત્તા અને ક્રિયાપદનાં અકર્મક અને સકર્મક વાક્યો મૂળભેદમાં જોડતાં આવડે, અને કર્ત્તા અને ક્રિયાનાધમાં સમજણ પડે, એટલે મૂળભેદના વાક્યને શક્યભેદમાં મૂકતાં, એક પ્રયોગનાં બીજા પ્રયોગમાં રૂપાંતર કરતાં, તથા વધારો ઘટાડો વગેરે ફેરફાર કરતાં શીખવવું.

(૫) સાદાં (એટલે એકાકી, અમિશ્ર, કે શુદ્ધ) વાક્યો બરાબર જોડતાં આવડયા કેડે મિશ્ર, સંયુક્ત, કે સાન્વય જોડતાં શીખવવાં, અને તેનાં મનોયત્ન ઘેરથી લખાવી મંગાવવાં, અને વાચનની ચોપડીઓમાંથી

જેમ પદચ્છેદ કરાવીએ છીએ તેમ તેઓમાંથી વાકયોનાં રૂપ અને તેઓના ભાગોના સંબંધ પરખાવવા.

(૬) વાકયોમાં વાપરવાનાં વિરામચિહ્નોના અર્થ અને તેમનો ઉપયોગ કરતાં શીખવવું; વાચનની ચોપડીઓમાંથી તેનાં ઉદાહરણ માગવાં, અને નિશાળીઆ વાકય જોડે તેમાં બરાબર વાપરે છે કે નહિ તે જોવું.

(૭) **નિબંધ લખતાં શીખવવાની રીત**:—વાકયો જોડતાં અને વિરામચિહ્નો વાપરતાંશીખવ્યા પછી વિષયના સંબંધપૂર્વક, અને વિચારના ક્રમ બાંધી નિબંધ લખતાં શીખવવા. તેમાં પ્રથમ કોઈ ચોપડીમાંની કહાણી કે વાર્તા વાંચી સંભળાવી ને લખાવવી. પછી કાગળ લખાવવા. આપણા લોકની કાગળ લખવાની રીત સરસ નથી. મોટાં મોટાં યોગ્ય કે અયોગ્ય વિશેષણો અને હકીકત કે વર્ણન કાંઈ નહિ કે જુજ લખવાનો ચાલ છે. અવલોકનશક્તિ જાણે જતી રહી હોય તેવું દીસે છે. જે બનાવ બને કે જોવામાં આવે તે વર્ણવતાં શીખવવું. લેખાવળીમાં કાગળના ખોખાના નમુના છે, કાગળ લખવાની રીત નથી. એ આવડવાને માટે સાદી અને સહેલી ભાષામાં જોએલાનું બ્યાન કરતાં શીખવવું. એ હેતુથી પ્રથમ સહેલા વિષયો પર લખાવવું, જેવા કે નિશાળના મકાનનું વર્ણન, ગામનું વર્ણન, અને તેઓના ઉપયોગ, વાવવાની રીતો, જનાવરનાં વર્ણન અને ભેદ, છોકરાની રમતોનાં નામ, તેઓના ધારા અને તેઓ ઉપર વિચાર, તહેવારોનાં વર્ણન, તે વખતે લોક શું કરે છે, વગેરે—જેમકે હોળી, દિવાળી, બળેવ, ઉત્તરાયણાદિ, ખેતીની તથા વેપારની જણસો વિષે, જેમકે રૂ, અફીણ, ધાતુ, કાપડ, ધાન્ય. મેળા, બજાર, દેવાલય, વગેરે નિશાળીઆના જોવામાં આવ્યાં હોય કે આવતાં હોય તેઓનાં બ્યાન વગેરે લખતાં શીખવવાં.

સહેલાં વર્ણન કરતાં આવડે એટલે પછી રુઢિઓ, નીતિ, ઇતિહાસ, અને વિદ્યાની બાબતો પર નિબંધ લખાવવા, જેવી કે સ્વચ્છતા, સત્ય, પરોપકાર, દયા, દુર્વ્યસન, સદાચરણ, ક્રોધ, શૌર્ય, અદેખાઈ, દ્વેષ, કુસંપ, લોભ, અહંકાર, સ્વાર્થ, સ્વદેશપ્રીતિ, રાજ્યરીતિ,

રાજાઓનાં લક્ષણ, બાળલગ્ન, લોકનાં લક્ષણ અને તેનાં ફળ, નાતની રીતો, ગ્રંથોના ગુણદોષ, વગેરે.

(૮) નિશાળીઆનાં જ્ઞાન અને મનની શક્તિ તથા નિબંધ લખવામાં જેટલો વખત રોકવો તેના પ્રમાણમાં વિષય આપવો. પ્રથમ સહેલા ને પછી કઠણ; પહેલાં થોડી લીટીઓ શુદ્ધ લખતાં આવડે કે પછી વિસ્તાર કરતાં શીખવવું. જે વિષય પર લખે તેની બાબતો પ્રથમ જુદી પાડી લખવાના આધારને માટે અનુક્રમણિકા કરાવવી, અને તે પ્રમાણે કલમો પડાવવી. અનુક્રમણિકામાં વિષય અને પેટાવિષયનાં નામ માત્ર આવે, અને તેઓનું વર્ણન વિસ્તારાદિ નિબંધમાં આવે. એક વારે લખાવ્યા તો બીજે વારે સુધારવા. શિક્ષકે પોતાના હાથમાં લઈ વાંચીને બધા પ્રકારની ભૂલો આખો વર્ગ સાંભળે અને સમજે તેમ સુધારવી. સુધારવાની ચતુરાઈ ઉપર ઘણો આધાર છે. લખનારના ગુણદોષની ચર્ચાથી શુદ્ધ ભાષા, સારી ઇબારત, સદ્‌વિચાર, વગેરે નિશાળીઆ શીખે છે. જ્યાંસુધી ગુજરાતી ભાષાના શબ્દો મળે ત્યાંસુધી સંસ્કૃત કે ફારસી ઓછા વાપરવા, પણ તેજ શબ્દ વારે વારે આવતો હોય કે બીજા કારણસર યોગ્ય દીસે તો તેમનો ઉપયોગ કરવો. ઇબારતમાં રુઢિ ઉપર લક્ષ રાખવું. ગુજરાતી ભાષાથી પુરા વાકેફગાર નહિ એવા ગ્રંથકર્તાઓની ખોટી ઢબની નકલ ન કરવા દેવી.

૩૬. લખવું—મૂળાક્ષરની જોડે લખતાં શીખવવા માંડીએ છીએ. અક્ષરના નમુનાને માટે કોપી બુકો પ્રગટ કરી છે એ નમુના પ્રમાણે લખવું બાળકને સહેલું નથી. ઘણે અભ્યાસે શીખવનારની મદદથી આવડે છે. નમુનો સામે રાખી પહેલાં પાટી કે સ્લેટ ઉપર ખડી કે ચાકના પાણી અને કિત્તાથી લખાવવું. અક્ષર મોટા લખાવવા. નિશાળીઆ લખતા હોય તે વેળા કાળા પાટીઆ પર લખી દેખાડવું. ચોપડીના પાઠ જરા ઝીણી લેખણે ઉતરાવવા ને તેને માટે લીટી દોરી આપવી ને શબ્દેશબ્દ ખરી જોડણીથી ને સરખા અંતરે છુટા લખાવવા. તે વખતે પણ છોકરાંની કને જઈ સુધરાવવું. વયે મોટા થાય તેમ આંકણીથી દોરતાં, પછી આંકણી વગર દોરતાં, તથા લેખણ ઘડતાં શીખવવું. સારૂં લખતાં શીખવવામાં મહેનત છે. એ વખત બેસી

રહેવાનો નથી. લખી રહ્યા પછી અક્ષર જોવા ને ભૂલો બતાવવી. વળી લખતા હોય તે વેળાએ પણ દરેકની પાસે જઈ સુધરાવવું. સ્લેટ પર લખતાં હાથ કંઈક ઠરે એટલે કાગળ પર લખવાનો મહાવરો કરાવવો. પ્રથમ તો કિત્તા પ્રમાણે કિત્તાએ લખાવવું ને અક્ષર સુધરતા જાય તેમ કિત્તાને નાનો કરતા જવું. નમુના જોડે સરખાવતાં શીખવવું, તેમાં ને નિશાળીઆના હરફમાં ભેદ જણાવવો. ડિક્ટેશન, નોટબુકાદિમાં જ્યાં જ્યાં લખવાનું આવે ત્યાં સારા દસ્કત ને છુટા છુટા શબ્દ વાંચવા સહેલા પડે તેવા લખવાની ટેવ પાડવી. તેમજ ઉતાવળે, સફાઈથી, કાગળ પર સાહીનાં ટપકાં કે ડાઘા પાડ્યા વિના, તથા આંગળાં સાહીથી ખરડ્યા વગર લખવાની ટેવ પાડવી. ખડીઆમાં કલમ કેટલી બોળવી તે દેખાડવું કે રૂશનાઈ છાંટવાની ટેવ ન પડે. લેખણ લાંબી રખાવવી અને તે સીધે આંગળે કેમ ઝાલવી તે શીખવવું. ટુંકડા અક્ષર અને શબ્દેશબ્દના ભેદ જણાય નહિ એવું લખવા ન દેવું. સારા મરોડદાર મધ્યમ કદના, સુઘડ, અને સ્પષ્ટ અક્ષર લખવાનો મહાવરો કરાવવો. ઘેરથી કોપી લખી લાવવાને ફરમાવવું, અને લખી લાવે તેની ખામી દર્શાવી બીજે દહાડે તેમ ન કરવાને ચેતવણી આપવી. લખાયલો અક્ષર ભૂસી કે ચહેરી નાંખવાની મના કરવી. તે રદ છે એમ જણાવવાને તે ઉપર માત્ર લીટી દોરવી એમ સમજાવવું.

૩૭. **જોડણી**—પહેલી ચોપડીના પહેલા પાઠથી દરેક શબ્દની ખરી જોડણી ગોખાવી મોઢે કરાવતા જવું. હરેક પાઠ વાંચી રહ્યા પછી ચોપડી બંધ કરાવી તેમાંના દરેક બોલની જોડણી મોઢે પૂછવી, તથા કેટલીક કાળા પાટીઆ પર કે સ્લેટ ઉપર લખાવવી. ચોપડીમાં જોયા વગર છુટા શબ્દો લખવાનો મહાવરો થયા કેડે વાક્યો લખવાનો અભ્યાસ કરાવવો. જે પાઠ વાચન વેળા શીખવ્યો હોય તેના કઠણ ને નવા બોલની જોડણી તેજ કાળે પૂછવી, અને ડિક્ટેશનના વખતમાં તેમાંથી બોલો લખાવવી. સ્પષ્ટ સંભળાય અને હ્રસ્વ, દીર્ઘ, જોડાક્ષર, વિરામચિહ્નો, તથા અક્ષરભેદ સમજાય તેમ હળવે રહીને શિક્ષકે વાક્ય વાંચવાં ને તે નિશાળીઆએ ઉતારવાં, ડિક્ટેશન લખવાનો મહાવરો પ્રથમ સ્લેટ ઉપર કરાવવો ને પછી કાગળ ઉપર કરાવવો. દરેકનું લખાણ તપાસી ચૂક હોય તે સુધારવી.

વખતે નિશાળીઆ કને માંહોમાંહે સુધરાવવું. શિક્ષક બોલેબોલની જોડણી બોલે, ને તે પ્રમાણે જેનામાં ન હોય તેનામાં વાંચનાર નિશાળીઓ છેકા કરે. પછી ભૂલ ગણી આંકડો લખે ને ભૂલ કરનારને બતાવે. વખતે છોકરા ચોપડીમાં જોઈ ડિક્ટેશન સુધારે ને શિક્ષક તેમના પર દેખરેખ રાખે. આ બંનેમાં નિશાળીઆની સાચવટ તથા ભૂલ પકડવાની સંભાળ ઉપર આધાર રાખવો પડે છે, માટે ચૂક પ્રમાણે નંબર ચઢાવવા ઉતારવાનું હોય તો એમ બની શકે નહિ. માત્ર વાચનના પાઠની જોડણી ખરી કરાવવાનો ઠરાવ રાખવો નહિ. હરેક બીજા પાઠમાં પણ જે જે શબ્દો આવે તેની સાચી જોડણી પાઠે કરાવવી, અને નોટ, કોપી, વગેરે હરકોઈ લખાણમાં ગફલતથી ખોટી જોડણી લખી હોય તે સુધારી ખરી જોડણી લખવાની ટેવ પાડવી.

૩૮. સામાન્ય જ્ઞાન—આના પેટામાં વર્ગમાં ચાલતી ચોપડીઓમાં લખેલા વિષયો તથા તેમાં ન હોય એવા વિષયોનો સમાસ થાય છે. એને માટે વખતપત્રકમાં વખત રાખ્યો હોય તો તેનો ઉપયોગ સારો થઈ શકે. એ વિષે કથિતપાઠ નામે જુદી ચોપડી છે તેમાં એવું જ્ઞાન આપવાની રીત વિસ્તારથી લખી છે, તે પ્રમાણે વર્તવું. આગળ જતાં પદાર્થ-વિજ્ઞાન, ખગોળવિદ્યા, રસાયનશાસ્ત્ર, વગેરે એજ રીતે શીખવવાં. સામાન્ય જ્ઞાન શીખવવામાં ચાર વાત પર લક્ષ આપવું જોઈએ.

૧. એ શીખવવામાં બે મતલબ છે. (૧) બુદ્ધિ કેળવાય; (૨) ઘણી બાબતો છોકરાંના જાણવામાં આવે.

૨. નિશાળીઆને અવલોકન કરવાની ટેવ પડે.

૩. વહેવારમાં કામ આવે એવું જ્ઞાન મળે; પોતાના અને બીજાના ધંધા વિષેનું જ્ઞાન મળે.

૪. તેનો તેજ વિષય લાગલાગટ ન ચલાવતાં જુદી જુદી બાબત ચલાવવી.

૩૯. શબ્દનાં મૂળ—એ ઉપયોગી અને મનોરંજક છે. જોડણી અને અર્થ એથી સારા આવડે છે, ને તેની જોડે બુદ્ધિને પણ કસરત મળે છે. પહેલાં તો બે અથવા વધારે આખા શબ્દો મળી જે શબ્દો થયા છે,

તેવા પાઠમાં આવે તેના ભેદ દેખાડવા—જેમ ઘરધણી, માબાપ, દૂધપાક. પછી જેમ જેમ વાંચવામાં આવતા જાય તેમ તેમ એક અથવા વધારે વિશેષણો નામને જોડાઈને થતા હોય તેવા શબ્દો ઉપર તેમનું લક્ષ લગાડવું. જેમ સૂક્ષ્મદર્શકયંત્ર, બારીકબીન, પારદર્શક, દૂરબીન, બપોર, પંજાબ, મહાદેવ, ચોપડી. ત્યારપછી જે બોલમાં બે ભાગ છે પણ તેમાંનો એક જુદો પડેલો વપરાતો નથી, જેમ અજાણ્યો, અપમાન, કુકર્મ, અનુપ, મુખડું, લાડકડી. એમાં સમજણ પડે એટલે એક મૂળમાંથી જુદે જુદે રૂપે શબ્દો થયા હોય તે બતાવવા. કઈ ભાષાનાં એ મૂળ છે, એજ મૂળથી ઉત્પન્ન થએલા શબ્દો કઇ કઈ ભાષામાં છે, કઈ ભાષાઓ વચ્ચે સંબંધ છે, વગેરેનું છોકરાની ગ્રહણ કરવાની શક્તિ પ્રમાણે જ્ઞાન આપવું.

૪૦. **ગુજરાતી કવિતા**—છોકરા નિશાળમાં આવે ત્યારપછી તેમને ભણવાની ચોપડીઓમાંથી સહેલી કવિતા પાઠે કરાવવી, ને બને તેમ તેના માયના પણ સમજાવવા. એમ પાઠે કરાવવામાં ઉતાવળ ન કરતાં શુદ્ધ ઉચ્ચાર અને તેના રાગ અથવા ઢાળ ઉપર લક્ષ આપવું. ચોથી ચોપડીથી અન્વય કરવાનો મહાવરો પાડવો. પાંચમી ચોપડીમાં કવિતાના નિયમનો પાઠ છે. તે શીખે ત્યારપછી જે જે છંદો આવે તેનાં લક્ષણ, રાગ, વગેરે પાકાં શીખવવાં. તાળ અને રાગ એમાં વંચાવવું. કવિતા શીખવવાનું કામ સારૂં ચાલવું જોઈએ. એની શિખામણ, એના રસ અને અલંકાર, તેમનો મુકાબલો, વગેરેથી બુદ્ધિવાન અને હોંસીલા મહેતાજી છોકરાના મનને મસ કેળવી શકે ને જ્ઞાન આપી શકે. હોપકૃત સાત ચોપડીઓમાં કેટલીક કવિતા પરમેશ્વરની સ્તુતિપ્રાર્થનાની છે તેમાંની પ્રતિદિવસ આરંભે ને અંતે બધા કને ગંભીરતાથી જોડે બોલાવવી.

પ્રકરણ ૩જું.

શારીરની કેળવણી.

૪૧. છોકરાની તંદુરસ્તી તથા અંગકસરત ઉપર હંમેશ ધ્યાન આપવું.

છોકરા નાનપણમાં અને મોટા થયા પછી આરોગ્ય અને જબરા રહે એ પણ કેળવણીનો હેતુ છે. એ હેતુ પાર પાડવાને તેમની કાયા ઉપર પણ લક્ષ આપવાની જરૂર છે. નીતિની મર્યાદામાં રહી તેઓ પોતાના ધર્મ રૂડી રીતે બજાવી શકે તેમ બાળકને ઉછેરવાનો પ્રયત્ન હરેક માણસે કરવો જોઈએ. નરનારીનાં તન અને મન યોગ્ય અવસ્થામાં હોવાં જોઈએ. સ્વાભાવિક નિયમ પ્રમાણે કેળવવાથી બંને એ યોગ્યતા પામી શકે

૪૨. અંગને ઉછેરવામાં ઝાઝી ચતુરાઈનો ખપ નથી. વસ્ત્રાદિ વડે ઘટતું રક્ષણ થાય, અન્નાદિથી પોષણ થાય, અને રમતાદિથી શ્રમ પામવામાં અટકાવ ન થાય, સ્વચ્છ હવા અને સ્વચ્છ પાણી વગેરે તંદુરસ્તીનાં સાધન મળે, તો શરીર પોતાના સ્વભાવે કરીને વધે છે, અને પુષ્ટ થાય છે. પુત્રપુત્રીના વડીલોએ અને શિક્ષકોએ આ નિયમો ધ્યાનમાં રાખવા. જેમ ઉંમર નાની તેમ મનની મહેનત ઓછી આપવી. જેમ બાળક નાનું તેમ રમવાનો વખત વધારે રાખવો. એકલી બુદ્ધિને કસરત આપવાથી અંગ જબરૂં થતું નથી, ને હાનિ પામે છે. નબળા પુરુષમાં હિમ્મત ન હોય, ને નબળી સ્ત્રીની સંતતિ નબળી થાય છે. ધ્યાનમાં રાખવું કે દેશનાં માણસો જબરાં, પરાક્રમી, અને હિમ્મતવાન હોવાની જરૂર છે માટે કિશોર વયમાં અને જુવાનીમાં અંગ મજબુત અને મન હિમ્મતવાન થાય તેવી કસરત જારી રાખવાનો ને બાળપણમાં લગ્ન ન કરાવાનો બોધ કરવો. નિશાળને લગતી કસરતશાળા હોય તો ઠીક. કન્યાશાળામાં પણ રમવાની જગા જોઈએ. મગદળ, દંડ કરવાનાં પાવડાં, નિખાલસ, મલખમ, પાટીઉં, ને નીસરણી, નિશાન

મારવાને ધારદાર ભાલોડાં વગરનાં તીર, વગેરે મહેનતની જોડે ગમત આપે એવો સામાન રાખી મોટી ઉમરના છોકરાને અંગકસરતો શીખવવી. તેમના હાથ પગ વગેરેને ઈજા ન પહોંચે એવી સંભાળ રાખવી. ભણવાની જોડે ખેલવાનું રાખવાથી નિશાળ પર પ્રેમ વધશે.

૪૩. નિશાળમાં કે નિશાળની પડોશમાં કચરો, ગંદવાડ, ભેજ, અને દુર્ગંધ ન હોવાં જોઈએ. એ રોગ ઉત્પન્ન કરનાર મોટી ઉપાધિઓ છે; અસુધરેલપણાનાં ચિહ્નો છે. વળી જ્યાં માકણ, ચાંચડ, મચ્છર, વગેરે નિશાળીઓને સતાવે છે, ત્યાં તેમનું લક્ષ પાઠમાં રહેતું નથી. દેહના બીજા નિયમો પણ નજરમાં રાખવાના છે. બાળક ઘણી વાર એક ને એક ઠેકાણે બેસવાથી અકળાય છે; તેઓ આળસ અને બગાસાં ખાય છે, વાસ્તે દોઢ બે કલાકને અંતરે તેમને નિશાળમાં એક સ્થળેથી ઉઠાડી બીજે ઠામે બેસાડવા. બેસતી વખતે અને જરૂર જણાય તો હર પાઠને આરંભે ઉઠાડી હાથ ઉંચા નીચા ને લાંબા કરાવવા, અદબ કરાવવી, જમણા, સીધા, ને ડાબા ફેરવવા. જોડે ઊઠે ને જોડે બેસે એમ કરવું. એથી તેમનાં અંગ છુટાં પડે છે, અને તેમને રમુજ પડે છે. કસરતશાળામાં પણ ટુકડીઓમાં ગોઠવી હારબંધ ચલાવવાથી ને જોડે દોડાવ્યાથી તેમને ગમત થાય છે. આ યુક્તિથી ગરબડ મટે છે, તથા હુકમ ઝટ માનવાનો મહાવરો થાય છે. એમ કરવામાં કંઈ ખોટું નથી. આરોગ્ય રહેવાનું એક મોટું સાધન સ્વચ્છતા છે, માટે શરીર, વાળ, વસ્ત્ર, ઘર, આંગણું, રસ્તા, વગેરે સ્વચ્છ રાખવાનો પ્રસંગોપાત્ત બોધ કરવો.

૪૪. રમતમાં અનીતિ ન શીખે એવો બંદોબસ્ત રાખવો. ગાળાગાળી ન કરે, લડે નહિ, ને એક એક જોડે સ્નેહથી વર્ત્તે એમ કરવું. રમતમાં પણ નીતિની અને બુદ્ધિની કેળવણી મળે એવી યુક્તિઓ કરવી. નિશાળની બહાર એટલે હર કોઈ ઠેકાણે, રજાને દિવસે, કે નિશાળેથી છૂટયા પછી ખોટી રીતે વર્ત્તતા જણાય તો અટકાવ કરવો. કોઈ વાર રજાને દહાડે બહાર લઈ જઈ રમાડવા.

प्रकरण ४थुं.

नीतिनी केळवणी.

૪૫. શરીરકેળવણીની જોડે નીતિની કેળવણી ન હોય તો માણસ વાઘ, રીંછ, વાનરાદિ પશુસમાન નીવડે; ભણતર જોડે જેનામાં સુનીતિ નથી તે રાક્ષસ છે. વિદ્યા સદ્ગુણની સંગાથે ન આવતાં એકલી આવે તો વિનાશકારી થાય. માટે બુદ્ધિની કેળવણીની સંગાથે સદાચરણ શીખવવાં. સુનીતિની કેળવણીનો આરંભ બાલ્યાવસ્થાથી થવો જોઈએ. માબાપ વગેરે વડીલોએ બાળકમાં ઈશ્વરભક્તિ, સત્ય, નિષ્કપટપણું, સ્વદેશ-પ્રીતિ, ઉદારતા, દયા, હિમ્મત, ક્ષમા, વગેરે સદ્ગુણો આવે એવું ઉત્તેજન આપવું, તથા તન અને વસ્ત્રની નિર્મળતા રાખતાં, પોતાના આચરણથી, ને બાળકને તેમ કરવાની ફરજ પાડી, શીખવવું. પોતાની પાસે વય પ્રમાણે થોડી કે વધારે વાર ભક્તિ કરવા બાળકને બેસાડવું, સામું બોલવાની ટેવ ન પાડવી, પારકી વસ્તુ લે તો પાછી અપાવવી, ને ધાક બતાવવી કે ફરી તેમ કરે નહિ. ખાવાનું હાથમાં હોય તો બીજા છોકરા પાસે હોય તેમને તેમાંથી અપાવવું; અપંગ ભિખારી માગવા આવે તો ઘરમાંથી દાણા કે પૈસા લઈ બાળકને હાથે બિચારા ગરીબને અપાવવા, બીજાં છૈયાંનો વાંક માફ કરાવવો, ભુંડું બોલવા ન દેવું, ગાળો ન દેવા દેવી. એમ પ્રસંગોપાત્ત કરાવેથી સદાચરણની ટેવ પડશે. સુનીતિ શીખવવાનો એમ માબાપે આરંભેલો પ્રયત્ન શિક્ષકે જારી રાખવો.

૪૬. નિશાળમાં બાળકને ભણવા બેસાડે ત્યારથી શિક્ષકે આ બાબત પર ખૂબ લક્ષ આપવું નિત્ય નિશાળનું કામ ચલાવતી વેળા પ્રથમ “ ઓ ઈશ્વર, તું એક છે, સરજ્યો તેં સંસાર, ” એ અથવા બીજી ઈશ્વર સ્તવનની કવિતા, બધા નિશાળીઆને જોડે ઉભા રાખી ગંભીરપણે બોલાવવી. પછી પોતપોતાના વર્ગમાં મોકલવા. વાચનની ચોપડીઓમાં સુનીતિ વિષે ઘણા પાઠ છે તે શીખ-વતી વેળા વિસ્તારથી સમજણ પાડવી.' બાળકથી સમજાય તેવીજ

શિખામણ દેવી, ને ઉદાહરણ પણ તેવાંજ લેવાં. કેટલીક નીતિ એવી છે કે મોટી ઉંમરનાં સ્ત્રીપુરુષનેજ સમજાવી શકાય. બાળકની આગળ તે સંબંધી બોલવું નહિ. ઇતિહાસમાં પણ ઝાઝી શિખામણ મળે છે, માટે પ્રસંગોપાત્ત એ પાઠોવડે પણ બોધ કરવો. વળી અનેક પ્રકારની ફરિઆદ ચુકવવાનું કામ મહેતાજીને કરવું પડે છે. નીતિ સમજાવવાના એ પણ સારા પ્રસંગ છે. મોટી ઉમરના નિશાળીઆને વખતે નિશાળમાં કે નિશાળના સમય પછી ઉપદેશ કરવો. નિશાળીઆ રમતા હોય તે વારે જાુંું કે ભુંડું બોલે નહિ, ગાળાગાળી ને મારામારી ન કરે એવો બંદોબસ્ત રાખવો. રમતનું ઠેકાણું પણ સુનીતિ શીખવવાનું સ્થળ છે. સદ્‌ગુણનો પ્રસાર કરવો એ નિશાળો સ્થાપવાનો મોટો હેતુ છે. સુનીતિના બોધની અસર એવી થવી જોઈએ કે નિશાળ છોડ્યા પછી પણ અનીતિનાં પુસ્તકો વાંચવા પર કંટાળો રહે. હોળીની ભુંડી અને ગંદી રમતો અને ભાંડ વચનોનો નિશાળમાં ભણેલા છોકરા ધિક્કાર કરે, અને છોડીએ લગ્નનાં ફટાણાંનાં ગીત, મન બગાડી શીળવ્રતને લાંછન લગાડે તેવા ગરબા ને ગીતો ગાય નહિ, ને પરસ્પર નઠારી વાતો ન કરે તથા સંસારમાં સર્વ જોડે રૂડી રીતે વર્ત્તે, દેશમાં ઉદ્યમ વધે અને ગુના ઓછા થાય, એ કેળવણીનો પરિણામ હોવો જોઈએ.

પ્રકરણ ૯મું.

શિક્ષકનાં લક્ષણ.

૪૭ શિક્ષક સદાચરણી હોય તો નિશાળીઆ સુનીતિવાન થાય. મોઢે કહેવાની અસરથી કરી દેખાડવાની અસર વધારે છે. બાળક, જુવાન, અને વૃદ્ધ દેખાદેખીથી ઘણું શીખે છે; માટે સુનીતિ શીખવી શકવા સારૂ મહેતાજી સદ્‌ગુણી હોવા જોઈએ. ઊગતી પ્રજાને ત્રણ પ્રકારની કેળવણી આપવાની છે. પરંતુ મનમાં સુનીતિનો પાયો નાંખવાનું કઠણ કામ એ ત્રણમાં

મુખ્ય છે. મહેતાજીનું વાસ્તવિક માન એમાં છે. નિશાળીઆને સદ્‌ગુણી કરે તેજ શિક્ષક ગુરુપદવીને યોગ્ય છે. એવા ગુરુ માન અને કીર્તિ પામે છે. નિશાળખાતાના ઉપશિક્ષકથી તે મોટા ઉપરી સુધી સર્વે સુલક્ષણા હોય તોજ દેશમાં સુનીતિ પ્રસરે ને સરકારની મોટી મતલબ પાર પડે. આપણું કામ નિશાળીઆને લક્ષણવંતા કરવાનું છે, માટે આપણામાં સારાં લક્ષણ હોવાં જોઈએ. જેવું ગુરુને કરતાં દેખેછે કે જાણે તેવું શિષ્યો કરે છે, (ગુરુવર્ગમાં ગુરુના ઉપરી પણ ખરા) માટે આપણામાં દુરાચરણ પણ ન હોવાં જોઈએ.

૪૮. સુનીતિવાન શિક્ષકને પોતાના કામમાં યશ મેળવવાને કેટલાક વિશેષ ગુણની ગરજ છે: १ **विद्या, २ अनुभव, ३ चतुराई, ४ उमंग, ५ न्याय, ६ दृढता,** એ ૭ તો અવસ્ય જોઈએ.

૧. જે શિક્ષક થાય તેને શીખવવાના વિષય આવડવા જોઈએ. પોતાની પાસે હોય તો બીજાને આપી શકે. જેટલું શીખવવાનું હોય તેથી શિક્ષકને વધારે આવડતું જોઈએ. જેમ ગુરુમાં વિદ્યા વધારે તેમ તેનું વજન જાસ્તી, તેની પ્રતિષ્ટા વધારે, અને નિશાળીઆનો તથા લોકનો ભરોસો તેના ઉપર વધારે. મહેતાજીએ પોતાના જ્ઞાનમાં વધારો કરવાને ગ્રંથો વગેરે હંમેશાં વાંચતા રહેવું ને પોતાનો અભ્યાસ જારી રાખવો. હું ભણી રહ્યો એવું કદી ધારવું નહિ, કેમકે વિદ્યાનો પાર નથી. તથાપિ એટલું ધ્યાનમાં રાખવું કે નિશાળના કામને ઉપયોગી હોય તેનો અભ્યાસ વધારે કરવો. જે નિશાળીઆને કામ ન આવે તેમાં ઝાઝું રોકાવું નહિ. એનું દેખી નિશાળીઆ પણ નિશાળેથી ઊઠ્યા પછી પુસ્તકો વાંચવાં જારી રાખશે. નિશાળેથી ઊઠી ગયા પછી તેઓમાં ગ્રંથો વાંચવાનો, અવલોકન કરવાનો, સ્વતંત્ર વિચાર કરવાનો અને થોડોક વધારે અભ્યાસ કરવાનો શોખ રહે તોજ તેઓ કંઈ કેળવણી પામ્યા એમ જાણવું.

૨. પોતાને આવડતું હોય, તથાપિ તે બીજાને શીખવી શકે નહિ એવા માણસ ઘણી વાર જોવામાં આવે છે. તેમાં બાળકને શીખવવાનું કામ અઘરૂં છે. એમાં ઘણી યુકિતઓનો ખપ છે. કોઈક માણસમાં ભણાવ-

વાની કળા સ્વભાવથી હોય છે, તેમને જાણે કેળવણી આપવાનેજ સરજાવેલા હોય છે, પરંતુ ઘણાખરાને એ કળા શીખવી પડે છે. નિયમપૂર્વક અનુભવ કર્યાથી એ કળા આવડે. શિક્ષક થયાની પૂર્વે કેળવણી આપવાના નિયમનો અભ્યાસ કરી તે પ્રમાણે અનુભવ કરવો. અનુભવી જ્ઞાન તેજ પાકું જ્ઞાન. જેમ બીજા ધંધા શીખવાની જરૂર છે તેમજ શિક્ષકનો ધંધો શીખવાની જરૂર છે. એ શીખ્યા પછી અનુભવ થાય છે ત્યારે શીખેલા નિયમોનો ઉપયોગ બરોબર આવડે છે.

૩. વિદ્યાગુરુના કામનો અનુભવ મેળવવામાં, અને પછી તેને ઉપયોગ કરવામાં ચતુરાઈ જોઈએ. મૂળતત્ત્વોનું જ્ઞાન થયા પછી તેને કામે લગાડવાના કેટલાક સાધારણ ધારા થઈ શકે છે, પરંતુ નિશાળમાં બનતા સઘળા પ્રસંગને લાગુ પાડી શકે એવા નિયમો રચવા અશકય છે. ચતુર મહેતાજી હોય તેજ અણધારી અડચણોને જીતી શકે છે. નિશાળ ચલાવવામાં, ગામના લોક જોડે વર્તવામાં×, પાઠ શીખવવામાં, નિશાળીઆની જિજ્ઞાસાને ઉત્તેજન આપવામાં, ઉપરીને પ્રસન્ન રાખવા વગેરે ઘણી બાબતોમાં યુકિતનો ને ડહાપણનો બહુ ખપ છે.

× "ગામમાં યોગ્ય રીતે ન વર્તવાથી કેટલાક મહેતાજીની ખરાબી થઈ છે, માટે નીચે પ્રમાણે વિસ્તારથી લખવાની જરૂર છે:—

હાલમાં સરકારી નિશાળોના કેટલાક અણસમજુ મહેતાજીઓ એમ જાણે છે કે અમે સરકારના અધિકારી છીએ. આ ખોટું ગુમાન મનમાં રાખી તેઓ ગામના લોકો સાથે રોબથી વર્તે છે. એમ ન કરવું જોઈએ. દરેક ગામના લોકે એમ સમજવું જોઈએ કે મહેતાજી અમારા છોકરાઓનું ભલું કરનાર અને તેઓને સદ્‌ગુણી તથા બુદ્ધિમાન્ કરનાર છે. એમ તેઓ સમજે એવી મહેતાજીએ વર્તણુક ચલાવવી. વળી ગામના લોકોની અંદરખાનેની સંસારી તકરારોમાં કે કજીઆમાં કે કોઈ પક્ષમાં મહેતાજીએ કદી ચિત્ત ઘાલવું નહિ. તેણે સૌને સરખા ગણવા. સૌના મિત્ર થઈ રહેવું. નમ્ર તથા મીલનસાર સ્વભાવથી સૌ લોક સાથે વર્તવું. છોકરાંઓનાં માબાપ પોતાનાં છોકરાંઓના અભ્યાસ બાબત કે તેમના આડા સ્વભાવ બાબત મહેતાજીને સૂચના દેવા કે ઠપકો દેવા આવે તો તેમના ઉપર તેમણે ગુસ્સે થઈ તેમને તુચ્છકારી કાઢવાં નહિ. પણ મીઠાં વચનથી તેઓના મનનું સમાધાન કરવું. વળી મહેતાજીએ આ વાત હંમેશાં યાદ રાખવી કે તેને સરકારે ગામના લોકોનાં છોકરાંઓને કેળવણી

૪. જે કામમાં મન લાગે તેજ કામ સારૂં થાય. જે કામ માણસ ઉલટથી કરે તે કામ તે પાર પાડે. હોંસથી મંડ્યા રહી કામ કરીએ તો નક્કી જશ મળે. કેટલાક કામ તો એવાં છે કે તે કરવામાં જેમ વધારે ઉમંગ તેમ વધારે ફતેહ. કેળવણી આપનાર ગુરુનું કામ આ પ્રકારનું છે. જે કામ પર પ્રેમ નથી તે કામ ઉમંગથી થાય નહિ. જેને ગુરુધર્મ ગમે છે, જેને ગુરુધર્મ વહાલો છે, જેને ગુરુધર્મ પ્રતિષ્ઠિત અને સંસારને અતિ ઉપયોગી લાગે છે, તેને ધન્ય છે. એવો પુરુષ ને એવી સ્ત્રી શિક્ષક થવાને યોગ્ય છે. એવા શિક્ષક બાળક નિશાળીઆનાં અને મોટા વિદ્યાર્થીઓનાં મન પર પોતાના સદ્‌વિચારની ન ભુસાય તેવી છાપ મારે છે, અને તેમને વિદ્યા સંપાદન કરવાનો માર્ગ દેખાડે છે. શિક્ષકના કામને માનીતું ગણી જે આતુરતાથી વર્તે છે તે વિદ્યા, ઉદ્યોગ, અને સુનીતિનો બહોળો પ્રસાર કરે છે. તે પોતાના દેશને સુખી કરે છે. શિક્ષકોનો ઉમંગ નિશાળીઆમાં આવે છે અને તેમાંના કેટલાક મોટપણે હોંસીલા દેશહિતકારી સજ્જન નીવડે છે.

આપણામાં કહેવત છે કે 'રડતો જાય તે મુઆની ખબર લાવે.' તેમ જે મહેતાજી કે શિક્ષકમાં ઉમંગ નથી, જે પેટ ભરવાને અર્થે વેઠ ગણી નાખુશીથી છોકરાં ભણાવવાનું કામ કરે છે તે થોડોજ ફાયદો કરી શકે છે. જેને મહેતાજીની પદવી નીચ લાગે, જે કંટાળાથી માત્ર પગારને માટે શિક્ષકનું કામ કરે તે કઠાવટે ભણાવી શકે, પણ કેળવણી નહિ આપી શકે. ગામડી નિશાળના મહેતાજી દુર્દશામાં હોવાથી મહેતાજીના કામનું માન ઘટી ગયું છે. પણ એ ગએલી આબરૂ પાછી

આપવા નોકર રાખેલા છે, એટલે સીધી રીતે જોતાં તે સરકારના નોકર તો છેજ, પણ આડકતરી રીતે વિચાર કરીએ તો તે બધા ગામના લોકોના પણ નોકર છે. એટલા માટે તેણે ફક્ત સરકારની મરજી સાચવી લોકોને નાખુશ કરવા નહિ જોઈએ. પણ લોકો અને સરકાર એ બંને ખુશી રહે તે પ્રમાણે તેણે ચાલવું. જે ગામમાં તે નોકર છે તે ગામના બધા લોકો સુધરે, સમજુ થાય, અને માબાપો પોતાનાં છોકરાંને કેળવણી આપવાથી થતા લાભથી જાણીતાં થાય તો તેણે સરકારની અને પોતાના દેશની સેવા બજાવી કહેવાશે." રા. સા. મોતીરામ શાલરામ ડે. એ. ઇન્સ્પેક્ટર,

આણી શકાય. સારા મહેતાજીને માન પામતાં આપણે જોઈએ છીએ. માન પામવાના હેતુ પર નજર ન રાખતાં પોતાનો ધર્મ જાણી કામ કરવું. એમ વર્ત્તનારની પાછળ માન દોડે છે. મોટાઈની કલ્પના તજી નમ્રતાથી ચાલવું એ સારા માણસને લાયક છે. રોજગાર કરવામાં ઈજત સ્વભાવથી રહી છે, પરંતુ અમુક રોજગાર પસંદ ન પડે તો પ્રમાણિક માણસને ઘટે છે કે તે છોડી દેવો. અરુચિથી કામ કરે બગાડ થાય. બીજો ન મળતો હોય, ને એથીજ આપણો નિર્વાહ ચાલે તો એને આપણું ભલું કરનાર સમજી એની જોડે પ્રીતિ કરવી. જેને ભણાવવામાં, પાઠ આપવામાં, ને બોધ કરવામાં આનંદ લાગે, જે ઉપરીની બીકથી કામ કરતો નથી પણ પરમેશ્વરના ભયથી, અને પોતાનો ધર્મ જાણી પ્રમાણિકપણે ને ઉત્સાહથી નિશાળમાં વર્તે છે તે ખરો મહેતાજી; તેજ સાચો ગુરુ.

૫. સુનીતિના પેટામાં ન્યાય આવે છે, તથાપિ એ વિષે થોડી વિશેષ સૂચના કરવાની જરૂર છે. જેમ રાજા ન્યાયથી પંકાય છે અને પ્રજાને વહાલો લાગે છે, તેમ કેળવણી આપનારા ન્યાયી હોય, નિષ્પક્ષપાત અને સાચા હોય, તોજ તેમના હાથ નીચે ચાલતી કેળવણીનાં પરિણામ સારાં થાય. શિક્ષા કરવામાં, ઇનામ આપવામાં, નંબર ચઢાવવા ઉતારવામાં, મોનિટરાદિની જગા અપાવવા વગેરેમાં, અને નિશાળીઆ જોડે વર્ત્તવામાં ન્યાયની મોટી જરૂર છે. ગુરુ પિતાને ઠેકાણે છે, માટે તેણે બધા નિશાળીઆને સરખા ગણી સર્વ ઉપર સમાન ભાવ રાખવો. બાપની પેઠે નિશાળીઆ ઉપર હેત રાખવું, અને તેમનાં માબાપ વગેરે ગામના લોકને મિત્ર ગણી તેમના ઉપર માયા રાખવી. નિશાળ ખાતાના નોકરોએ પોતાને હાકેમવર્ગ ન ગણતાં ગુરુવર્ગમાં ગણવા. ગર્વ અને મોટાઈ તજી યોગ્ય નમ્રતાથી વર્ત્તવું. સભ્યતા અને હલકાઈમાં મોટો ભેદ છે. સભ્યતા છાજે, હલકાઈ ન જોઈએ. ઉદારવૃત્તિના ગુરુ લોકને સંતોષી વગર માગે માન પામે છે.

૬. નિશાળમાં અમલ કરનાર મહેતાજી છે માટે તેનામાં અમલ ચલાવવાની ચતુરાઈ હોવી જોઈએ. આ ચતુરાઈ કોઇમાં સ્વભાવથી

હોય છે, ને કોઈમાં હોતી નથી. જેઓમાં એ શક્તિ નથી તેઓ બીજાના અનુચર થાય છે. બીજાના કહ્યા પ્રમાણે કરવું, પોતાની બુદ્ધિ વાપરવી નહિ, ને પરાધીન રહેવું તેમને ગમે છે. એવા નબળા મનના શિક્ષકને નિશાળીઆ બદતા નથી, ને તેઓ પંડે ભણેલા છતાં નિશાળીઆને વશ રાખી શકતા નથી, તેથી ભણાવી શકતા નથી. મહેતાજી થનારમાં આ ગુણની જરૂર છે. જેનામાં એ ન હોય તે અભ્યાસથી કામ ચલાવવા જોગ પ્રાપ્ત કરી શકે. અમલ ચલાવી શકવામાં દૃઢતાનો બહુ ખપ છે. જે મહેતાજીનું મન દૃઢ નથી તેનાથી નિશાળ બરાબર ચલાવાતી નથી. અમલ કરવાની શક્તિ અને દૃઢતા એ બે કેટલેક દરજ્જે એકરૂપ છે. જે શિક્ષકમાં એ લક્ષણ નથી તેણે તે મેળવવાનો પ્રયત્ન કરવો. અસ્થિર મનના માણસે પોતાનું મન સ્થિર કરવાનો, ધારેલો મનસુબો પાર પાડવાનો, કહેલી આજ્ઞાને અમલમાં લાવવાનો, નિશ્ચય કરવો ને તે પ્રમાણે વર્તવું. જે ઠરાવ કર્યા તેને વળગી રહેવું. આ સંબંધી ત્રણ ઉત્તમ નિયમ ફાઉલરકૃત શિક્ષાપદ્ધતિમાં છે તે સદા ધ્યાનમાં રાખવા.

૪૯. १ आज्ञा दीधानी पूर्वे सारी पेठे विचार करवो, पण एक वार आज्ञा करी तो पछी ते पळाववीज जोइए.

२. जे हुकम पळाववानो निश्चय न कर्यो होय ने कदी करवो नहि.

३. जे हुकम कर्यो होय ते तमारे पंडे कदी भूलवो नहि.

૫૦. મહેતાજીએ નિશાળના હર કોઈ વિદ્યાર્થીને જે આજ્ઞા કરી, તે અથવા શિક્ષકે પોતાના વર્ગમાં ભણનારને જે હુકમ દીધો, તે તૂર્ત તેની પાસે પળાવવો. તે વિષે ચર્ચા કરવાનો અધિકાર નિશાળીઆ-ને નથી. વાદવિવાદ કરવા કે સામું બોલવા દેવા નહિ. મહેતાજી, માબાપ કે વડીલ પોતાની આજ્ઞાનો ભંગ થવા દે તો પરિણામ માઠાં થાય. એમના હાથ નીચે કેળવાતાં અને ઉછરતાં બાળક આડાઈ કરે છે ને વંઠે છે. હલકી બાબતોમાં પણ ગુરુ કે વડીલે કહ્યું તેજ થાય, છોકરાંની હઠ ન ચાલે; નાની આજ્ઞાનું અપમાન થવા દીધું તો છોકરાં મોટા હુકમને ગણકારશે નહિ. ગુરુ કહે તે તૂર્ત થવું જોઈએ. ઉદાહરણ—

બંધ કરો, કે સ્લેટ મૂકી દો, કે છાના રહો એમ કહ્યું તો તેમ નિશાળીઆ તુર્ત કરે એવી ટેવ પાડવી. આજ્ઞા કરવામાં ડહાપણ વાપરવું.

प्रकरण ६ठुं.

निशाळनो वहीवट.

૫૧. वर्गनी गोठवण—ભણાવવાનાં ધોરણ ઠર્યાથી, તથા પરીક્ષા લેનાર ઉપરી જેમને ઉપલા ધોરણમાં લેવાની રજા આપે તેમનેજ લેવાનો ધારો થવાથી વર્ગ ગોઠવવા સંબંધી જોખમ અને શ્રમ મહેતાજીને શિર રહ્યાં નથી. ધોરણો પ્રમાણે વર્ગ કરવાને તે વર્ગોમાં ટુકડી પાડવી નહિ. જેટલાં ધોરણ તેટલા વર્ગ રાખવા. માત્ર પહેલા ધોરણના વર્ગમાં અડચણ પડશે, કેમકે તેમાં નવા નિશાળીઆ અનિયમિત વખતે દાખલ થાય છે. મુકરર વખતે નવા નિશાળીઆ દાખલ કરવામાં આવે તો આ હરકત મટે, પણ હાલ તેમ થઈ શકે તેવું નથી. નવા દાખલ થનારા નિશાળીઆ ગામઠી નિશાળમાં ભણેલા હોય તો તેમને પહેલા ધોરણમાં બેસાડવાની જરૂર નથી. તેમની આવડત પ્રમાણે ઉપલા ધોરણમાં બેસાડવા. બધા આંક, લેખાં, અને નામાં લખતાં શીખ્યા હોય તો ચોથી ચોપડીમાં કે પાંચમીમાં બેસાડી શકાય. એથી ઓછું હોય તો ત્રીજીમાં, એમ નવા નિશાળીઆની યોગ્યતા પ્રમાણે ઉપલા કે નીચલા વર્ગમાં દાખલ કરવા. છેલ્લી પદવીની ઘણીક નિશાળોમાં દરેક વર્ગને માટે જુદો શિક્ષક હોતો નથી. એવી નિશાળોમાં માત્ર ત્રણ ધોરણ સુધી શીખવવું, અને ત્રણ વર્ગ કરવા. એમાંના દરેક વર્ગને વારાફરતી મહેતાજીએ કેમ ભણાવવો તે વખતપત્રકના નમુનામાં દેખાડ્યું છે.

૫૨. अभ्यासपत्रक—હરેક ધોરણમાં કેટલું શીખવવું તે મુકરર કરેલું હોય છે. નવા વરસના આરંભમાં, એટલે વાર્ષિક પરીક્ષા થઈ ગયા પછી દરેક વર્ગનું નવું વખતપત્રક બનાવતી વેળા તેને શીખવવાના ધોરણમાંનો કેટલો ભાગ પહેલા ત્રણ માસમાં ચલાવવો તેનો સુમાર બાંધી કાગળ ઉપર તે લખવો, અને તે ઉપરથી વખતની વહેચણ કરવી.

ઉદાહરણ—

અભ્યાસપત્રક વર્ગ ૧લો.

ડીસેમ્બર સને ૧૮૭૬થી ફેબ્રુઆરિ સને ૧૮૭૭ સુધી.

વિષય.	અઠવાડીઆના કલાક.
૭દ્દી ચોપડી ૧થી ૭૦ પાઠ સુધી...	૬
જોડણી	૩
લેખાં, વ્યાજ, નામું	૩
અક્ષર...	૩
ભૂગોળવિદ્યા આફ્રિકાની...	૨
નકશા ચીતરવા...	૧
ઇતિહાસ હંટરકૃત પાને ૧થી ૬૦ સુધી	૨॥
કાગળ લખવાની રીત	૦॥
અંકગણિત	૬
વ્યાકરણ. { હોપકૃત પુરૂં	૧॥
{ પદચ્છેદ...	૧
{ નિબંધ	૦॥
કવિતા તથા આંક મોઢે બોલાવવા તથા સુનીતિનો બોધ કરવો.	૩
	૩૩

અભ્યાસપત્રક વર્ગ ૨જો.

વિષય.	અઠવાડીઆના કલાક.
લેખાં, કોષ્ટક, ને પલાકાં...	૩
વ્યાકરણ, હોપકૃત પાને	૧॥
પદચ્છેદ	૧॥
જોડણી	૩
ઇતિહાસ	૨॥
ચીઠી લખવાની રીત	૦॥
આગળના પાના પર લેવાની પેટાબેરીજ	૧૨

વિષય.	અઠવાડીઆના કલાક.
પાછલા પાનાની પેટાખેરીજ.	૧૨
અંકગણિત	૬
ભૂગોળવિદ્યા	૨॥
નકશા ચીતરવા...	૦॥
અક્ષર	૩
પાંચમી ચોપડીના પાઠ ૬૦	૫
કવિતાનું માપ તથા લખેલું વાંચવું...	૧
કવિતા મોઢે બોલાવવી, પલાકાં, ને બોધ	૩
	૩૩

૫૩. એ પ્રમાણે દરેક વર્ગનું જુદું અભ્યાસપત્રક કરવું ને તે ઉપરથી તે વર્ગનું વખતપત્રક કરવું. સાતવારીઆમાં જેટલા કલાક ભણાવવાના છે તે પરથી વખતપત્રક બનાવવું. પહેલાં ત્રણ માસમાં ધાર્યા પ્રમાણે કામ થયું કે નહિ તેનો અનુભવ થયેથી બીજા ત્રણ માસનું અભ્યાસપત્રક થઈ શકે. નવા અભ્યાસપત્રક પરથી નવું વખતપત્રક કરવું. જે વિષયમાં નિશાળીઆ કાચા માલમ પડે કે પાછળ રહ્યા હોય તેને સારૂ નવા પત્રકમાં વખત વધારવો, ને જો નિશાળીઆ ઠીક ચાલ્યા તો તેનો વખત ઓછો કરવો. નવેક મહીનામાં આખું ધોરણ પુરૂં કરવાને મનસુબે રચના કરવી, ને બાકીના માસ પુનરાવર્તન કરવાને રાખવા.

૫૪. **વખતપત્રક**—સોમથી શનિ સુધીમાં દર વારે દર કલાકે શું શીખવવું તે ઠરાવી લખવું તેનું નામ વખતપત્રક. એ પત્રક બનાવવામાં નીચેની સૂચના ધ્યાનમાં રાખવીઃ—

નિશાળના વખતની વહેંચણુના પત્રકમાં દરેક વર્ગનો દર રોજનો અભ્યાસ તથા દરેક પાઠ શીખવનારનું નામ લખવું. એ પત્રક એક પાટીઆ ઉપર ચોઢી સર્વેના વાંચવામાં આવે એવી જગાએ ટાંગવું. જુદા જુદા ઓરડામાં વર્ગો બેસતા હોય, તો દરેક ઓરડામાં એની એક

નકલ ટાંગવી. એ પ્રમાણે નહિ કરવાથી નિયમ રહેતો નથી અને ગભરાટ થાય છે. વખતપત્રક બનાવવાનો નિયમ નીચે પ્રમાણે છે:—

(૧) વિષય શીખવાને વધારે કે ઓછી મહેનત પડે કે પાઠ પુરો કરતાં જેટલી વાર લાગે તેના પ્રમાણુમાં તેને સારૂ લાંબો કે ટુંકો વખત રાખવો. કઠણ બાબત શીખતાં વધારે મહેનત પડે છે, ને બાળક છોકરાં વહેલાં થાકી જાય છે, તેથી ઘણી વાર સુધી બરાબર ધ્યાન આપી શકતાં નથી; માટે તેનો પાઠ થોડા વખતમાં પુરો કરવો. તે વિષય ઘણો અગત્યનો હોય તો દહાડામાં બે, ત્રણ, કે વધારે વાર ચલાવવો, પણ લાગલાગટ લાંબી વેળા ન લગાડવી. સહેલા વિષય, જેમાં છોકરાંનાં મન વહેલાં થાકે નહિ, તે વધારે વખત પહોંચે તો ફીકર નહિ. ઘણું કરીને નાનાં છોકરાંને માટે અર્ધા કલાકથી વધારે વાર કોઈ પણ બાબત લાગલાગટ ચલાવવી નહિ. અર્ધા કલાકમાં ગયે દિવસે શીખવેલા પાઠની પરીક્ષાના વખતને ગણવો નહિ, તે વખત જુદો ગણવો. એ પરીક્ષા સુદ્ધાં એક કલાકથી લાગલાગટ વધારે રાખવો નહિ.

(૨) વિષયને એવા અનુક્રમે લેવા "કે" વિસામો આપે. કઠણ વિષયની પાછળ તરતજ બીજી કઠણ બાબત ન લેવાય તો સારૂં. કઠણ પાઠની પછી સહેલો પાઠ આવે તેમ કરવું.

(૩) કલાક દોઢ કલાકે છોકરાંને બેસવાનું ઠેકાણું બદલાય તેમ કરવું.

(૪) ઘણા અગત્યના પાઠ હોય તે મહેતાજીથી શીખવાય એવી યુક્તિ કરવી.

(૫) જે પાઠમાં વધારે બોલવાનું હોય તેવા પાઠને બધા વર્ગોમાં એકે વખતે ચલાવવા નહિ. ઉદાહરણ, નિશાળના સઘળા વર્ગોમાં એકે કાળે વાંચવાનો પાઠ ચલાવવો નહિ. એક વાંચે અને તેની પાસેનો બીજો લખે તે રીતે કરવું. જે શિક્ષકો આ નિયમ ધ્યાનમાં નથી રાખતા તેમની નિશાળોમાં વિશેષ ગરબડ થાય છે, તેમને બહુ ઘાંટા પાડી બોલવું પડે છે.

(૬) ગામના લોકનો જમવાનો વખત હોય તે વેળા છોકરાં પોતાને ઘેર હોય એવી તદબીર કરવી. તેમને ભૂખ્યા નિશાળમાં રહેવું પડે તેમ ન કરવું. જેમકે ગામમાં લોક બપોરે જમતા હોય ને નિશાળનો વખત ૧૦થી ૪ લગી રાખ્યો હોય ત્યારે આપદા પડે.

(૭) નિશાળના વખતપત્રક ઉપરથી દરેક શિક્ષકે પોતાને દર રોજ કયે કલાકે કયા વર્ગમાં, અને કયો પાઠ શીખવવાનો છે તે એક નાની ચોપડીમાં લખી લેવું. નિત્ય તે ચોપડી પોતાની કને રાખવી. જ્યાંસુધી વખતપત્રકમાં ફેરફાર નથી કર્યો, ત્યાં લગી તેમાં લખ્યા મુજબ વર્તવું. કંઈ ફેરવવું નજરમાં આવે તો નવું પત્રક બનાવવું. ટુંકી મુદતે ન ફેરવાય તો સારૂં. એ પત્રકને મથાળે જે તારીખથી જે તારીખ સુધી ચલાવવું હોય તે લખવું.

વર્ગ ૧લાનું વખતપત્રક.

અમદાવાદ નં૦ ૪થાની નિશાળનું, માહે નવેમ્બર સને ૧૮૭૫થી માહે ફેબ્રુઆરિ સને ૧૮૭૬ સુધીનું.

વાર	૧૦-૧૦॥ | ૧૦॥-૧૧	૧૧-૧૧॥	૧૧॥-૧૨	૧૨-૧૨॥	૧૨॥-૧	૧-૧॥	૧॥-૨	૨-૨॥ | ૨॥-૩	૩-૩॥	૩॥-૪
સોમ	વાચન. મહેતાજી.	ડિક્ટેશન ગુ. ૧લો આ.	લેખાં. ૧લો આ.	અક્ષર ગુ. ૩જો આ.	ભૂગોળ. મહેતાજી.	રમવાની છુટ	ઇતિહાસ. મહેતાજી.	અંકગણિત. મહેતાજી.	વ્યાકરણ. મહેતાજી.	સો. મં. બુ. શ. મહેતાજી—આંક તથા કવિતા ગાવાની સુનીતિની વાતો તથા ઉદ્યમ ક્રિયાનો ઉપદેશ કરવો. ગુ. શુ. કવિતા પાઠ–મહેતાજી તથા [illegible].
મંગળ	લખેલું વાચન. કવિતાનું માપ. મહેતાજી.	ડિક્ટેશન બા. ૧લો આ.	વ્યાજ. ૧લો આ.	અક્ષર બા. ૩જો આ.	ભૂગોળ. મહેતાજી.		કાગળ વગેરે લખતાં. મહેતાજી.	એજન. મહેતાજી.	પદચ્છેદ. મહેતાજી.	
બુધ	વાચન. મહેતાજી.	જોડણી. ૧લો આ.	લેખાં. ૧લો આ.	અક્ષર ગુ. ૩જો આ.	નકશા કાઢવા. મહેતાજી.		ઇતિહાસ. મહેતાજી.	એજન. મહેતાજી.	વ્યાકરણ. મહેતાજી.	
ગુરુ	વાચન. મહેતાજી.	ડિક્ટેશન ગુ. ૧લો આ.	વ્યાજ. ૧લો આ.	અક્ષર બા. ૩જો આ.	ભૂગોળ. મહેતાજી.		ઇતિહાસ. મહેતાજી.	એજન. મહેતાજી.	નિબંધ. મહેતાજી.	
શુક્ર	વાચન. મહેતાજી.	જોડણીના સાધારણ નિયમ. ૧લો આ.	લેખાં. ૧લો આ.	અક્ષર ગુ. ૩જો આ.	ભૂગોળ. મહેતાજી.		ઇતિહાસ. મહેતાજી.	એજન. મહેતાજી.	વ્યાકરણ. મહેતાજી.	
શનિ	પાઠની મતલબ. મહેતાજી.	ડિક્ટેશન બા. ૧લો આ.	નામાની સાધારણ સમજ. ૧લો આ.	અક્ષર બા. ૩જો આ.	નકશા કાઢવા. મહેતાજી.		ઇતિહાસ. મહેતાજી.	એજન. મહેતાજી.	પદચ્છેદ. મહેતાજી.	

વર્ગ ૨જાનું વખતપત્રક.

અમદાવાદ નં. ૪થાની નિશાળનું. નવેમ્બર સને ૧૮૭૫થી ફેબ્રુઆરિ સને ૧૮૭૬ સુધીનું.

વાર.	૧૦-૧૦॥	૧૦॥-૧૧	૧૧-૧૧॥	૧૧॥-૧૨	૧૨-૧૨॥	૧૨॥-૧	૧-૧॥	૧॥-૨	૨-૨॥	૨॥-૩,૩-૩॥	૩॥-૪
સોમ	લેખાં. ૧લો આ.	વ્યાકરણ ૧લો આ.	ડિક્ટેશન ગુ. ૧લો આ.	ઇતિહાસ. ૨જો આ.	અંકગણિત. ૧લો આ.		રમવાની છુટ	ભૂગોળ. ૧લો આ.	અક્ષર બા. ૧લો આ.	લખેલું વાચન. કવિતાનું સાધારણ માપ. ૧લો આ.	આંક તથા કવિતા બોલાવી સુનીતિએ ચાલવાનો ત. ઈશ્વર-ભક્તિનો ઉપદેશ કરવો. મહેતાજી.
મંગળ	કોઠક ૧લો આ.	પદચ્છેદ ૧લો આ.	ડિક્ટેશન બા. ૧લો આ.	ઇતિહાસ. ૨જો આ.	એજન. ૧લો આ.			ભૂગોળ. ૧લો આ.	અક્ષર ગુ. ૧લો આ.	વાચન. ૧લો આ.	કથિતપાઠ. મહેતાજીત શિક્ષકો.
બુધ	લેખાં. ૧લો આ.	વ્યાકરણ ૧લો આ.	જોડણી ૧લો આ.	ચીઠી વગેરે લખતાં. ૨જો આ.	એજન. ૧લો આ			ભૂગોળ. ૧લો આ.	અક્ષર બા. ૧લો આ.	વાચન. ૧લો આ.	આંક તથા કવિતા બોલાવી સુનીતિએ ચાલવાનો ત. ઈશ્વર-ભક્તિનો ઉપદેશ કરવો. મહેતાજી.
ગુરુ	લેખાં. ૧લો આ.	પદચ્છેદ ૧લો આ.	ડિક્ટેશન ગુ ૧લો આ.	ઇતિહાસ. ૨જો આ.	એજન. ૧લો આ.			ભૂગોળ. ૧લો આ.	અક્ષર ગુ. ૧લો આ.	વાચન. ૧લો આ.	કથિતપાઠ. મહેતાજીત. શિક્ષકો.
શુક્ર	પલાકાં. ૧લો આ.	વ્યાકરણ ૧લો આ.	જોડણીના સાધારણ નિયમ. ૧લો આ.	ઇતિહાસ. ૨જો આ.	એજન. ૧લો આ.			નકશો કઢાવવો. ૧લો આ.	અક્ષર બા. ૧લો આ.	વાચન. ૧લો આ.	આંક તથા કવિતા બોલાવી સુનીતિએ ચાલવાનો ત. ઈશ્વર-ભક્તિનો ઉપદેશ કરવો. મહેતાજી.
શનિ	લેખાં. ૧લો આ.	પદચ્છેદ ૧લો આ	ડિક્ટેશન બા. ૧લો આ.	ઇતિહાસ. ૨જો આ.	એજન. ૧લો આ.			ભૂગોળ. ૧લો આ.	અક્ષર ગુ. ૧લો આ.	પાઠની મતલબ. ૧લો આ.	એજન.

૫૫. ઉપલા પત્રકમાં વારને ટુંકામાં જણાવવાને તેના પહેલા અક્ષર લખ્યા છે, અથવા સાતવારીઆમાં સોમવારથી જેટલા દિવસ કોઈ પાઠ શીખવવાનો હોય તેટલો આંકડો લખ્યો છે. ૧લા વર્ગને ૧૨થી ૧૨¾ ભૂગોળવિદ્યા ૪ દિવસ શીખવવી, એટલે સોમ, મંગળ, બુધ અને શુક્ર, તથા નકશા ચીતરવાનું બાકીના બે દિવસ. ખાનાંમાં આંકડા માંડ્યા છે તેનો અર્થ એ પ્રમાણે કરવો.

૫૬. ૧૧થી ૧૧¾ સુધી ૧લો તથા બીજો વર્ગ જોડી દઈને તેને શીખવવાનું કામ ૧લા આસિસ્ટંટને સોંપ્યું છે. એ વખતમાં મુખ્ય મહેતાજીએ નીચલા વર્ગોમાંના કોઈમાં જઈ તપાસ કરવી. વળી ૧૨¾થી ૧ સુધી પાંચમો ને છઠ્ઠો એ વર્ગોને ભેગા શીખવવાનું રાખ્યું છે, ને ૧લા વર્ગમાં અક્ષર સુધારવાને એ વેળા રાખી છે. એ કામ ૩જા આસિસ્ટંટથી થઈ શકે તેવું છે તેથી તેને ત્યાં મૂક્યો છે. એ ગોઠવણથી એ વખતમાં પણ મહેતાજીને કોઈ નીચલો વર્ગ તપાસવાની જોગવાઈ મળે છે. નિશાળમાં વર્ગ ૭ ધાર્યા છે ને મહેતાજી સુદ્ધાં શિક્ષક પણ ૭ ધાર્યા છે. એવું હોય ત્યારે આ પ્રકારની કંઈ યુક્તિ કરવી જોઈએ, કેમકે નીચલા વર્ગની તથા શિક્ષકોની તપાસ રાખવાની મહેતાજીની ફરજ છે અને તેમ કરવાની ઘણી જરૂર છે. વારાફરતી બધા વર્ગો પર તેણે એ રીતે ધ્યાન આપવું જોઈએ. આ નમુનામાં દર રોજ એક કલાક એવી પરીક્ષાને માટે રાખ્યો છે. પણ બે હોય તો વધારે સારૂં. એક મોનિટર વધારે હોય અથવા પહેલા વર્ગમાંથી નિત્ય એક નિશાળીઆને મોકલીએ તો તેમ થઈ શકે. વર્ગ તપાસવામાં તે વખતે વખતપત્રકમાં જે વિષય શીખવવાનો હોય તેજ તપાસવો એનો મેળ નથી. ગમે તે તપાસવો અથવા શિક્ષકને હરકોઈ પાઠ આપતાં લક્ષ દઈને જોવો. એ પ્રમાણે કરેલી નિરીક્ષાને પોતાની નોટબુકમાં નોંધી રાખવી ને નિશાળનો સમય પુરો થયા પછી બધા શિક્ષકોને એકાંતમાં જે ખામીઓ જણાઈ હોય તેથી વાકેફ કરવા, ને ફરીથી તેમ ન થવા દેવાને, તથા સુધારો કરવાને સૂચના કરવી. વળી મહીના આખરે એક દિવસ વખતપત્રક પ્રમાણે કામ ન ચલાવતાં દરેક વર્ગની તેના શિક્ષક પાસે પરીક્ષા કરાવવી. એક માસિક પરીક્ષા

અમદાવાદ નં. ૪થાની નિશાળનું વખતપત્રક. સને ૧૮૭૬ તા. ૧લી ડીસેમ્બરથી તા. ૨૮મી ફેબ્રુઆરિ ૧૮૭૭ સુધી માસ ત્રણનું.

વર્ગ	૧૦થી ૧૦½	૧૦½થી ૧૧	૧૧થી ૧૧½	૧૧½થી ૧૨	૧૨થી ૧૨½	૧૨½થી ૧	૧થી ૧½	૧½થી ૨	૨થી ૨½	૨½થી ૩	૩થી ૩½	૩½થી ૪
૧	સો. બુ. ગુ. શુ. વાચન મં. લખેલું વાચન તથા કવિતાનું માપ. શ. પાઠની મતલબ. મહેતાજી.		૧લો આસિસ્ટંટ	૩ લખાં. ૨ વ્યાજ. ૧ નામાની સમજ. (સાધારણ) ૧લો આ.	૪ ભૂગોળ ૨ નકશા કાઢવા. મહેતાજી.	૩ અક્ષર ગુજરાતી. અક્ષર બાળબોધ. ૩જો આ.	રમવાની છૂટ.	૫ ઇતિહાસ. ૧ કાગળ વગેરે લખતાં. મહેતાજી.	અંકગણિત. મહેતાજી.		૩ વ્યાકરણ. ૨ પદચ્છેદ. ૧ નિબંધ મહેતાજી.	સો. બુ. શુ. શ. મહેતાજી. સઘળાને ભેગા બેસાડી આંક તથા કવિતા બોલાવી તેમને સુનીતિ આચારવાળો તથા ઈશ્વરભક્તિનો ઉપદેશ કરવો. મં. ગુ. કવિતપાઠ. મહેતાજી તથા શિક્ષકો.
૨	૪ લેખાં. ૧ કોષ્ઠક. ૧ પલાકાં.	૩ વ્યાકરણ ૩ તથા પદચ્છેદ ૧લો આ.	૪ ગૃ. ડિક્ટેશન. જોડણી. શુદ્ધલેખનના સામાન્ય નિયમ.	૫ ઇતિહાસ ૧ ચીઠી વગેરે લખતાં. ૨જો આ.	૧લો આ. અંકગણિત.			૫ ભૂગોળ. ૧ નકશો કાઢવો. ૧લો આ.	૩ અક્ષર ગુ. ૩ અક્ષર બા. ૧લો આ.	૪ વાચન. લખેલું વાચન તથા કવિતાનું સાધારણ માપ. ૧ પાઠની મતલબ ૧લો. આ.		
૩	૩ અક્ષર ગુ. ૩ અક્ષર બા. ૨જો તથા ૩જો આ.	૪ લેખાં. ૨ કોષ્ઠક. ૨જો આ.	ભૂગોળ. ૨જો આ.	૩ આંક લખવા. ૩ પલાકાં. ૩જો આ.	૫ વાચન. ૧ પાઠની મતલબ. ૨જો આ.			૫ અંકગણિત. ૨જો આ.		૪ વ્યાકરણ. ૨ પદચ્છેદ. ૨જો આ.	૩ ડિક્ટેશન ગુ. ૩ ડિક્ટેશન બા. ૨જો આ.	
૪		અંકગણિત. ૩જો આ.			૪ વ્યાકરણ લખેલો પાઠ જોઈને ૩જો આ.	૩ ડિક્ટેશન બા. ૩ ડિક્ટેશન ગુ. ૪થો આ.		૫ વાચન ૧ પાઠની મતલબ. ૩જો આ.		૪ લેખાં. ૨ ઘાતો. ૩જો આ.	ભૂગોળ. ૩જો આ.	
૫	૪ અક્ષર ૨ પાઠ જોઈને લખે. મોનિટર.	વાચન. ૪થો આ.		સાધારણ લેખાં. ૪થો આ.	૩ ડિક્ટેશન. ૩ જોડણી. ૪થો આ.	૩ પલાકાં ૩ આંક પાછલા. મોનિટર.		૨ આંકના અર્થ ૩ ૧ ઘાતો, પાછલા આંક. ૪થો આ.	૫ અંકગણિત. ૧ પાછલા આંક લખાવવા. ૪થો આ.		૫ ભૂગોળ. ૪થો આ. ૧ પલાકા	
૬	અરિથમેટિકન. ૪થો આ.	મૂળાક્ષર. પહેલી ચોપડી. ગુ. બા. મોનિટર		પહેલી ચોપડીમાંથી પાઠ જોઈને લખે. મોનિટર.				૩ જોડણી. ૩ આકારની પેટી. મોનિટર.	આંક નવા મોનિટર.	૫ અંકગણિત. ૧ જોડણી મોનિટર.		

ન રાખી હોય તો દર શનિવારે દરેક શિક્ષકે નવું ન શીખવતાં પાછલું પૂછવું. હાલ ચાલતાં ધોરણો માટે આ નમુનો છે. ધોરણમાં ફેર બદલી થાય તો વખતપત્રકમાં ફેરવવું પડે છે.

૫૭. દરેક મહીને દર વર્ગના શિક્ષકે પરીક્ષા કરવી એનો અર્થ એમ કે આ વખતપત્રક ડીસેમ્બર, જાન્યુઆરિ, અને ફેબ્રુઆરિનું છે; એમાંના પહેલા બે માસમાં તેમ કરવું, અને વખતપત્રકના આખરના માસને અંતે મુખ્ય મહેતાજીએ પંડે આસિસ્ટંટોની મદદથી આખી નિશાળની પરીક્ષા કરી થએલા અભ્યાસથી જાણીતા થવું, ને તે પ્રમાણે કાળની વહેંચણ નવી કરવી. જાણે પાંચમા વર્ગમાં આંકના અર્થ સમજાવવાને સોમે ને મંગળે અર્ધો અર્ધો કલાક રાખ્યો છે. પરીક્ષામાં માલમ પડ્યું કે વર્ગને અર્થ આવડ્યા છે તેથી તે પર વખત રોકવાની ગરજ નથી, પણ ધાત કે કોઈ બીજા વિષય શીખવવા પર વધારે વખતની જરૂર છે, તો નવા પત્રકમાં એ વખત તેને આપવો. અભ્યાસપત્રકમાં ૧લા વર્ગને ત્રણ માસમાં છઠ્ઠી ચોપડીના સુમારે સિત્તેર પાઠ શીખવવાનો મનસુબો કર્યો હતો,ને તેને માટે હપતામાં ચાર કલાક રાખ્યા હતા, પણ ત્રણ માસ પુરા થતાં એ ધારણા ખોટી પડી. પાઠ એટલા બધા બાકી રહ્યા કે એટલાજ કલાક રાખવાથી ચોપડી વેળાસર પુરી નહિ થાય, માટે નવી ગોઠવણ કરવી. જાણે લખેલું વાંચવામાં એટલી માહીતગારી નિશાળીઆને થઈ છે કે તેને માત્ર અર્ધો કલાક રાખવાથી હાનિ નહિ થાય, અને કવિતાના માપમાં એટલું થોડું બાકી રહ્યું છે કે તેને કથિતપાઠના બે વારામાંનો એક આપીશું તો ચાલશે. એમ હોય તો, એ બેને માટે રાખેલો કલાક પેલા ચારમાં ઉમેરવો. જાણે ગુજરાતી અક્ષર એટલા સુધર્યા છે કે ૩ વારામાંથી એક ઓછો વગર નુકસાને થઈ શકે, તો તે વારો લખેલું વંચાવવાને માટે રાખવો. એમ જયાં જયાં વધઘટ કરવાની જરૂર જણાય ત્યાં અભ્યાસપત્રક અને વખતપત્રકમાં તેમ કરવું.

૫૮. સાડાત્રણથી ચાર સુધી સોમ ને બુધે આંક બોલાવવા તથા શુક્ર ને શનિએ કવિતા બોલાવવી. એમાં બધા વર્ગોને ઉભા રાખવા. વખતે બબ્બે કે ત્રણ વર્ગોની ટુકડીઓ પાડી શકાય. નિશાળની બહાર સારી જગા

હોય તો ત્યાં અને તેમ ન હોય તો નિશાળમાં ઉભા રાખી પા કલાક સુનીતિની કવિતા બોલાવવી ને પા કલાક તેનો અર્થ સમજાવવો અથવા સમજાવ્યો હોય તો વારે વારે તેમ ન કરતાં બીજો બોધ કરવો. વખતે બધો વખત ઉપદેશ કરવો ઘટારત જણાય તો તેમ કરવું, ને કોઈ દહાડો માત્ર કવિતાજ બોલાવી રજા આપવા જેવું જણાય તો તેમ કરવું. આંકમાં પલાકાં અને લેખાંનો સમાવેશ કરવો. મંગળ ને બુધે કથિતપાઠને માટે રાખેલી વેળામાં કેટલાક વર્ગોને ભેગા કરી તે પાઠ આપી શકશે, ને એકને આપવો હોય તો તેમ પણ થઈ શકે. ઉપલા આસિસ્ટંટોએ અને મહેતાજીએ પ્રથમ પાઠ હોપકૃત કથિતપાઠના પુસ્તક પ્રમાણે આપવા. તે પુરા થયા પછી બીજી બાબતો પર આપવા. વખતે મુખ્ય મહેતાજીએ પહેલો ને બીજો વર્ગ જોડી ૧લા આસિસ્ટંટને સોંપી પોતે બીજા આસિસ્ટંટો પાઠ આપે તે જોવું ને જેને પાઠ આપતાં ન આવડે તેને શીખવવું.

૫૯. જે નિશાળમાં મહેતાજીને મદદ કરવાને આસિસ્ટંટો દરેક વર્ગને માટે ન હોય તે નિશાળમાં ઉપલા નમુનાનાં વખતપત્રક કામ લાગતાં નથી. એવી નિશાળમાં ત્રણ વર્ગ કરવા, ને ત્રણ ધોરણ શીખવવાં. એ નિશાળના વખતપત્રકનો નમુનો—

મોજે ઢઉ, પરગણે ઓરપાડ, જિલ્લે સુરતની સરકારી નિશાળનું વખતપત્રક. માહે એપ્રિલથી જૂન સુધી.

વર્ગ	૭ થી ૭ાા	૭ાા થી ૮	૮ થી ૮ાા	૮ાા થી ૯	૯ થી ૯ાા	૯ાા થી ૧૦	૨ થી ૨ાા	૨ાા થી ૩	૩ થી ૩ાા	૩ાા થી ૪	૪ થી ૪ાા	૪ાા થી ૫
૧	ઘેરથી લખાવી મંગાવેલા અક્ષર અને આંક ને દાખલા જોવા. મહેતાજી.	વાચન. મહેતાજી.		અક્ષર. પોતાની મેળે.		જોડી વર્ગ લખેલું વારાફરતી જોઈ સુધારવું. મહેતાજી.	૪ ડિક્ટેશન. ૧ કાગળ. ૨ લેખાં. મહેતાજી.	૪ ભૂગોળ. ૨ નામું. મહેતાજી.	અંકગણિત મહેતાજી.		જોડી આંક શીખવવા ને પલાખાં તથા લેખાં પૂછવાં.	સ્ત્રીનીતિના ને હરિશ્ચંદ્રની વાચનની ચોપડીમાંની કવિતા જોઈ ભણાવવી.
૨		ગયે દિવસે શીખવેલો પાઠ લખવો.	નવા આંક લખવા. પોતાની મેળે.	વાચન. મહેતાજી.			અંકગણિત. ઉપલા વર્ગનો નિ૦		લેખાં. ૧લા વર્ગનો નિશાળીઓ.			
૩		આંક ઉપલા વર્ગના નિશાળીઆએ ભણાવવા.		ગયે દિવસે શીખવેલો પાઠ ચોપડીમાં જોઈ લખવો.			વાચન. ૧લા વર્ગનો નિ૦		આંકના અર્થ. ઉપલા વર્ગનો નિશાળીઓ.			

૬૦. ઘેરથી લખી લાવવાનું ભારે પડે એટલું ન આપવું, કેમકે નિશાળીઆ છેક પાંચ વાગે છૂટે છે ને સવારમાં સાત વાગે હાજર થાય છે. નિશાળેથી છૂટ્યા પછી બે કલાક તેમને રમવાને જોઈએ. માટે આશરે એક કલાકમાં થઈ શકે એટલું આપવું. અક્ષરના નમુનાની એક લીટી લખી આપવી કે છાપેલી કોપિબુકમાં જોઈ લખી લાવવાનું કહેવું. ૩જા વર્ગમાં નવા આંક આજે શીખે તે બીજે દહાડે ઘેરથી પાટી ઉપર લખી લાવે. અક્ષર પણ તેમજ પાટી ઉપર ખડી કે ચાકથી લખાવવા. બીજા વર્ગમાં હળવે હળવે સાહીથી કાગળ ઉપર લખાવવાનો મહાવરો કરાવવો અને ૧લા વર્ગમાં તો બીલકુલ લખાણ કાગળ ઉપર કરવું. એ વર્ગમાં કાગળ લખવાનો વખત રાખ્યો છે તે વેળા કામકાજની સાધારણ ચીઠી અને કાગળ લખતાં શીખવવું. માત્ર લખવાની રીતજ નહિ, પણ તેમાં બનેલા, જોએલા, કે સાંભળેલા બનાવોનું સહેલું વર્ણન તથા લખનારના અભિપ્રાય સારી બોલીમાં શીખવવાનો પ્રયત્ન કરવો. પોતાના ઘરનો હિસાબ રાખવાનું એટલે દર રોજની જમા ને ઉધારની રકમ લખી દિવસઆખરે તારણ કાઢવાનું અને જમા પાસે બાકી હોય તો બીજે દહાડે તે બાકી ક્યાં માંડવી તે શીખવવું. આવરો, ખાતાવહી, વગેરે કઠણ સરાફી નામું આવી નાની નિશાળોમાં ન શીખવાય. માત્ર પોતાનો સાદો હિસાબ રાખતાં શીખે એ ઉપર નજર રાખવી. લેખાંમાં વ્યાજ ખામુખા શીખવવું. કેમકે તેની એ છોકરા મોટા થશે ત્યારે ઘણી જરૂર પડશે. ૧લા વર્ગને અંકગણિત ચલાવતી વેળા વખતે જરા બીજા વર્ગમાં લેખાં આવે તે ઉપર નજર કરી શકાય. વળી જોડે આંક લખાવવાના તથા ઘેરથી લખી લાવેલા તે જોવાના વખતમાં, તે કોઈ કોઈ દહાડો બંધ રાખી છેલ્લો વર્ગ તપાસવો; એ વેળા ઉપલા વર્ગને કાંઈબીજું કામ સોંપવું.

૬૧. **હાજરી**—ત્રણ જાતની હાજરી ઉપર મહેતાજીને નજર રાખવાની છે. ૧. નિશાળીઆનું નિત્ય વેળાસર આવવું; ૨. નિશાળીઆનું દર રોજ આવવું; ૩. પોતાની તથા શિક્ષકોની હાજરી. નિશાળીઆની સંખ્યામાં વધારો થવાનો તથા તેમનો અભ્યાસ બરોબર ચાલવાનો જેટલો આધાર ભણાવવાની ચતુરાઈ ઉપર છે તેટલો એ ત્રણ ઉપર છે. સવારમાં ૭ કલાકે×

× કેટલેક ઠેકાણે નિશાળનું કામ દસ વાગે શરૂ થાય છે ત્યાં દસે સૌ હાજર હોવા જોઈએ.

સરકારી નિશાળના શિક્ષકોનું હાજરીપત્રક.

માહે જાન્યુઆરિ સને ૧૮૭૭.

તારીખ.	વાર	મુખ્ય મહેતાજી.	૧લો આસિસ્ટંટ.	૨જો આસિસ્ટંટ	૩જો આસિસ્ટંટ.	૪થો આસિસ્ટંટ.
૧લી.	સોમવાર.	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ વાલજી મેઘજી	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ નાગજી હીરપારામ	આવ્યા. ગયા. ૮—૧૦ ૨—૫ કિશોર મકનજી	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૪ રવિશંકર ધનશંકર	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ લાલજી જેઠા
૨જી.	મંગળવાર	આવ્યા. ગયા. ૭:૩૦—૧૦ ૨—૫ વાલજી મેઘજી	આવ્યા. ગયા. ૭—૧૦ ૨:૩—૫ નાગજી હીરપારામ	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ કિશોર મકનજી	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ રવિશંકર ધનશંકર	આવ્યા. ગયા. ૭—૧૦ ૨—૫ લાલજી જેઠા

આ કોઠાઓમાં હરેક શિક્ષક આવે તે વખતે તેણે પોતાને હાથે પોતાના ખાનામાં સહી કરવી. પત્રક મહેતાજીના ટેબલ ઉપર રાખવું. નિશાળમાં આવતાં વારને પ્રથમ એમાં સહી કરવી ને વખત નોંધવો તેમજ જતી વખત પણ નોંધવો.

નિશાળના કામનો આરંભ કરવો. એ વેળા વર્ગના બધા નિશાળીઆ હાજર ન થતાં થોડા પાછળથી આવે ત્યારે પાઠ આપવામાં હરકત પડે છે; નિશાળના કામનો આરંભ થાય તે વેળા વર્ગમાં શિક્ષક હાજર * ન હોય તો નિશાળીઆ બેસી રહે, ગરબડ કરે, ને તેની દેખાદેખીથી મોડા આવવાનું શીખે. ઘણું કરીને નવા પાઠનો સંબંધ પાછલા પાઠ જોડે હોય તેથી જેઓ તે પાછલા પાઠમાં હાજર ન હોય તેમનાથી તે પુરો સમજાતો નથી. એમ ગેરહાજરીથી ઘણીક અડચણો પડે છે. નિશાળીઆની હાજરી ઉપર મહેતાજી કાળજી રાખે તેથી તેમનાં માબાપ તથા ઉપરી સાહેબ રાજી થાય છે, ને છોકરાની સંખ્યા વધે છે. ઉપશિક્ષકોની હાજરી ઉપર ધ્યાન રાખેથી નિયમસર કામ ચાલે છે, મહેતાજીનો વક્કર વધે છે, ને બીજા લાભ થાય છે. કયા ઉપાયથી હાજરી બરાબર રહે તેનો વિચાર પ્રથમ એ સૂઝે છે કે મુખ્ય મહેતાજીએ પંડે નિત્ય વેળાસર પોતાના કામ પર હાજર થવું. શિક્ષકોનું હાજરીપત્રક રાખવું તેમાં નિશાળના કામનો આરંભ થતી વેળા પોતે સહી કરવી, અને આસિસ્ટંટો તથા મોનિટરોની સહી પોતાની રૂબરૂ લેવી, અને જે તે વેળા હાજર ન હોય તેને ગેરહાજર લખવો, ને તે

---

* "નિશાળ બેસાડતી તથા છોડતી વખત ઘણા મહેતાજીઓ બરોબર બંદોબસ્ત ન રાખી શકવાથી ઘોંઘાટ ઘણો થાય છે, માટે તે ન થાય, તેને વાસ્તે નીચે પ્રમાણે નિયમની જરૂર છેઃ—

નિશાળના ઠેરવેલા વખતની ૦। કલાક અગાઉ મહેતાજી તથા બીજા શિક્ષકોએ આવી ઝાલર વગાડવું, અને પાંચ મિનિટ અગાઉ નિશાળના વાડામાં વર્ગ હારબંધ ઉભા રાખી દરેક શિક્ષકે વારાફરતી પોતાના વર્ગને નિશાળમાં લઈ જઈ બેસાડવો, એટલે ઠેરવેલે વખતે દરેક શિક્ષકને ઘોંઘાટ થયા વગર કામ ચલાવવાને બની શકશે. નિશાળ મૂકવાના વખતની પાંચ મિનિટ અગાઉ ઝાલર વગાડવું, અને દરેક શિક્ષકે પોતાના વર્ગનાં નંબરપત્રક પૂરવાં. ત્યારબાદ વિદ્યાર્થીઓને પોતાનો સામાન તપાસી દફતર બાંધવા ફરમાવવું. તે બાંધી રહે એટલે થોડી કવાયત કરાવી વારાફરતી એકેક વર્ગને રજા આપવી. અઠવાડીઆમાં એક વાર તમામ નિશાળીઆને ભેગા કરી મહેતાજીએ બોધ કરવો કે નિશાળમાં આવતી તથા જતી વખત સહુકાઈથી પોતપોતાને ઘેર જવું, રસ્તામાં રઝળવું કે મારામારી કરવી નહિ, અને કોઈ વિદ્યાર્થીએ એ શિખામણ ન માની માલમ પડે તો તેને નિશાળમાં ઘટારત નસીઅત કરવી."
રા. સા. મોતીરામ રાજારામ, ડે. એ. ઇન્સ્પેક્ટર.

આવે ત્યારે શેરાના ખાનામાં ક્યારે આવ્યો, કેટલો મોડો આવ્યો તે તેને હાથે નોંધાવવું. નિશાળ તપાસવા આવે તે વેળા એ પત્રક ઉપરી સાહેબને દેખાડવું; પરંતુ કોઈ શિક્ષક ઘણુંખરૂં અસુરો આવે તો તેને પ્રથમ ઠપકો દેવો; ને ઠપકાને ન માને તો પછી ઉપરી સાહેબને તેના વિષે રિપોર્ટ કરવો. જે નિશાળીઆ મોડા આવે તેમને નંબર ઉતારવા કે બીજી યોગ્ય સજા કરવી. જેઓ ગેરહાજર રહે તેઓ વિષે તજવીજ કરવા નિશાળના વખત પછી આસિસ્ટંટ કે મોનિટરને મોકલવો. ગેરહાજર રહેનારના વડીલને એ વાત જણાવવી ને તેના ગેરફાયદા સમજાવવા. માબાપ અને મહેતાજી એ બે તરફનું દબાણ હોય ત્યારે નિશાળીઆને પાંસરો ચાલવાનો સંભવ વધારે છે. ગેરહાજરી બે પ્રકારની છે. એક રજા લઈને, ને બીજી રજા વગર. પહેલીમાં નિશાળીઆના વડીલ સામીલ હોય છે, × અને બીજી તેમના જાણ્યા વિના કે તેમના આંખ આડા કાન કરવાથી. એ બે કે એમાંના એક પ્રકારે જ્યારે નિશાળીઓ મહીનામાં કે વરસમાં એટલો ગેરહાજર હોય, કે તેનો અભ્યાસ ઠીક થાય નહિ ત્યારે હાજરી પત્રક પરથી નિશાળમાં નહિ આવ્યાના દિવસોનો સરવાળો તે નિશાળીઆના વડીલને જણાવવો ને તેથી થએલું નુકસાન દર્શાવવું. નિશાળનું કામ નિત્ય પુરૂં થયા પહેલાં જમવા જવાને કે બીજા નજીવા કારણે ઘણી વાર છોકરાંને નિશાળેથી લઈ જવાથી ભણવામાં કેટલી હરકત પડે છે તે પ્રસંગોપાત્ત ઘટતી રીતે જણાવી માબાપનો આશરો લેવો. ઉપલા વર્ગોમાં સમજણા છોકરા થયા હોય તેમને મહીનામાં તેઓ કેટલા દિવસ ન આવ્યા તે, ને તેમાં પાછલા માસોમાં નહિ આવેલા દિવસોનો સરવાળો ઉમેરી દેખાડવો. મંદવાડને લીધે ન અવાયું હોય તો લાચાર, પણ તે વિના બીજાં કારણુસર તો જેમ ઓછું ગેરહાજર કે રજા પર રહેવું પડે તેમ સારૂં એ તેમને સમજાવવું. નિશાળીઆને નિત્ય વેળાસર આવવાનું મન થવાનું મોટું સાધન શિક્ષકની મમતા તથા ભણાવવાની ચતુરાઈ છે. મહેતાજી ભણાવે છે તેથી છોકરાને લાભ છે એવું માબાપ સમજે, અને નિશા-

× વડીલના માગવાથીજ રજા આપવી.

ળીઆને શીખવામાં રસ પડે, અને મહેતાજીને માઠું લાગવાથી પંડે દીલગીર થાય તો તેને ઘેરથી નિશાળે જવાની તાકીદ રહે, અને તે હોંસેહોંસે નિશાળે આવે, ને આવ્યા પછી નહિ બોલાવી લેવાને તેઓ પોતાનાં માબાપને વિનંતી કરે. શિક્ષાના ભય કરતાં ભણવા પર પ્રીતિથી વધારે સારી હાજરી રહે તે સારૂં. ચપળ અને ઉદ્યોગી મહેતાજી અને ઉપ-શિક્ષકો પ્રામાણિક હોઈ એવા જ્ઞાનને પામે કે પગારને માટે તથા ધર્મ પ્રમાણે અમારે બરાબર વખતે નિશાળે જઈ ઉલટથી કામ ચલાવવું જોઈએ, ત્યારે તેઓ પોતાની ફરજ યોગ્ય રીતે બજાવી શકે.

૬૨. **ઇનામ અને સજા**—નિશાળમાં બંદોબસ્ત રાખવાનાં મોટાં સાધન ભણાવવાની યુક્તિઓ અને ચતુરાઈ છે. કોઈ મહેતાજી એવા સરસ હોય છે કે તેમને પ્રસન્ન કરવાને તેના ઘણાક નિશાળીઆ પાઠ શીખે છે અને નિશાળના નિયમ પાળે છે. ગુરુને માઠું લાગે એને તેઓ મોટી સજા ગણે છે. એવા નિશાળીઆને ગુરુની સાબાશી એ મોટું ઇનામ છે, અને ગુરુની નાખુશી એ મોટી સજા છે. પણ એવા સારા ગુરુ અને વિદ્યાર્થી થોડાજ હોય છે. ઘણું કરીને પાઠ સારો કરનારને, હોશિયારીથી ઉત્તર દેનારને, પાઠમાં લક્ષ આપનારને, તથા નિશાળના નિયમ પાળનારને ઇનામની ગરજ છે અને તેથી ઉલટું કરનારને સજા કરવાની જરૂર પડે છે. વખાણવો અને નંબર ચઢાવવો એ નિત્યનાં ઇનામ છે. વાર્ષિક પરીક્ષામાં જેઓ સૌમાંથી સારા માલમ પડે તેમને ચોપડી વગેરે ગામલોકના દેખતાં આપી ઉત્તેજન આપવું.

૬૩. સજાના હેતુ બે છે. એક વાંક કરનારના મનને કે તનને અસુખ થાય, અને બીજું તેને તથા બીજા નિશાળીઆને વાંક કરતાં અટકાવે. ક્રૂરતા કે વૈરનો અંશ સજામાં ન હોવો જોઈએ. શિક્ષા કર્યા પછી અપરાધી ઉપર પાછી માયા કરવી. ઠપકો દેવો, નંબર ઉતારવા, ઘેરથી લીટીઓ લખી મંગાવવી, કે નિશાળ છૂટ્યા પછી લખીને જાય, ઉભો રાખવો, ને હથેલીમાં નેતરની સોટીએ થોડા ફટકા મારવા+,

+ "નેતરના ફટકા વિષે લખ્યું છે તે ફટકા મુખ્ય મહેતાજીએજ મારવા અને તે ફક્ત પાંચથી વધારે ન જોઈએ." રા. સા. મોતીરામ રાળારામ ડે. એ. ઇન્સ્પેક્ટર.

એ સજાની પાંચ યોગ્ય રીત છે. મહેતાજીનો ભારબોજ હોય, મહેતાજી ઉપર નિશાળીઆનો એટલો પ્રેમ હોય કે તેના ઠપકાને પાત્ર ન થવાને તે સંભાળ રાખે અને ઠપકાથી લજવાય તોજ ઠપકો સજા ગણાય તોજ ઠપકાથી શિક્ષાની અસર થાય. વારે વારે ઠપકો દીધાથી તેમાં સજાના ગુણ રહેતો નથી. નંબર ઉતારવામાં પણ ઘણી સંભાળ રાખવાની છે. ઘણા શિક્ષકો એ સંભાળ રાખતા નથી, ને તેથી તેઓના જાણવામાં નથી તેવું નુકસાન કરે છે. ગુજરાતી તથા ઇંગ્રેજી નિશાળોમાં ઘણાક અવિચારી જુવાન આસિસ્ટંટોને નંબર ઉતારવા સંબંધી તથા ભણાવવાની યુક્તિઓનું ભાન હોતું નથી, અને કઈ સજા અયોગ્ય છે તે સમજતા નથી. કયા વાંકને માટે અને કેટલા વાંકને માટે કેટલા નંબર ઉતારવા. શાને માટે છેલ્લો કાઢવો તેની પ્રથમથી લાંબી નજરે ધારણા કરવી. વર્ગમાં નીચે ઉતારવામાં મોટામાં મોટી શિક્ષા છેલ્લો મોકલવાની છે એને સાધારણ કરી નાંખવાથી મતલબ પાર ન પડતાં હાનિ થાય છે. ઘેરથી લખાવી મંગાવવામાં પણ ડહાપણ વાપરવું. એટલું બધું લખવાનું આપવું કે તે લખતાં નવા પાઠ કરવાને વખત રહે નહિ એ ખોટું. સહજ સહજમાં ઉભા રાખવાથી ઉભા રહેવામાં નિશાળીઆ શરમાશે નહિ. નેતર મારવી એ સૌથી મોટી સજા છે. નિશાળીઆને પણ તેમ લાગવું જોઈએ. બીજા છોકરાને તેનો અપરાધ સંભળાવી તેમના દેખતાં હાથની હથેલીમાં સોટીઓ મારવી. એ સજા જેમ કવચિત્ થાય તેમ તેનો ભાર વધારે પડે. હરેક સજાને આ લાગુ પડે છે, તો શરીરશિક્ષાને વધારે લાગેજ. સજા કરવી એ નાખુશીનું કામ છે. જેમ ગુરુ સારો હોય તેમ નિશાળમાં કે વર્ગમાં સજાની જરૂર ઓછી પડે. નિશાળના વહીવટની ગોઠવણ સારી રચી હોય ને દૃઢતાથી તે પ્રમાણે વર્તાય તો સજાની જરૂર ઓછી પડે. એ સંબંધી નીચલી સૂચના લક્ષમાં રાખવા જોગ છે:—

૧. નિશાળના વહીવટને સારૂ પાકો વિચાર કરી નિયમ ઠેરવવા. વગર નિયમે કામ ચલાવવું નહિ.
૨. એ રીતે કરેલા ધારા ખચીત અને હંમેશ (એટલે તેને ફેરવ્યા ન હોય ત્યાંસુધી) પાળવા જોઈએ.

૩. દરેક ઝીણી બાબતને માટે કાયદા થઈ શકતા નથી. જેને વિષે આગળથી ઠરાવ કરી મુકાય નહિ એવા સેંકડો બનાવ બને ત્યારે તેમાં શું કરવું ? મહેતાજી ફરમાવે તેમ કરવું એ નિશાળીઆનો ધર્મ છે. મહેતાજીએ ઉતાવળે કે વગર કારણે અથવા અશકય હુકમ કરવા નહિ.

૪. વળી જે હુકમ અમલમાં આણવાનો નક્કી ઠરાવ ન કર્યો હોય તે હુકમ કરવો નહિ.

૫. મહેતાજીનો હુકમ છોકરા તુરત માને એવી રીત પ્રથમથીજ પાડવી.

૬. જે હુકમ કરવો અથવા ધારો બાંધવો તેનાં કારણ ખુલ્લાં દેખાતાં ન હોય તો ઘટતી રીતે સમજાવવાં. વગર સમજે આજ્ઞા માન્ય કરે તેના કરતાં સમજીને કરે તે વધારે સારૂં છે.

૭. કોઈ પણ કારણસર કદી પક્ષપાત કે અન્યાય કરવો નહિ.

૮. અયોગ્ય લાડ, માફી, કે છૂટ મૂકયાથી છોકરાની પ્રીતિ મેળવવી નહિ. એવી રીતે થએલો સ્નેહ ખોટો છે. વાજબી અને ઘટતી સખ્તાઈ કરવાથી નિશાળીઆ તથા ઉપશિક્ષકો પ્રથમ નાખુશ થાય છે ખરા; પરંતુ મહેતાજી સર્વે પર સમ દૃષ્ટિ રાખે છે અને જે કરે છે તે તેમના ખરા કલ્યાણને માટેજ કરે છે એવું તેમને માલમ પડતાં વાર નહિ લાગે. ત્યાર પછી તેઓ મહેતાજીને પોતાના ખરા મિત્ર અને પિતા પ્રમાણે ગણશે. તેમનું વાસ્તવિક ભલું કરવાને જેટલી મહેનત થાય તેટલી મહેતાજીએ કરવી.

૯. ગુસ્સાની લગામ મહેતાજીએ નિત્ય હાથમાં રાખવી જોઈએ. મહેતાજી પોતાના ગુસ્સાને અટકાવી અને સમાવી શકે નહિ, અને ઝટ ઝટ ક્રોધાયમાન થઈ જાય તો તેથી માઠી અસર થઈ જાય છે.

૧૦. મહેતાજીનું મન સ્થિર અને દૃઢ જોઈએ; જે ધારે તે કરેજ, પણ જે ધારવું તે પોતાનો ધર્મ શો છે તે યાદ રાખી તથા પરમેશ્વરથી બીને ધારવું.

૧૧. વાંક કરીશું તો સજા થશે એવું છોકરાંના મનમાં નક્કી આવે એ રીતે વર્ત્તવું.

૧૨. શિક્ષાનું કારણ છોકરાના સમજવામાં આવવું જોઈએ. વાંક કર્યો છે માટે શિક્ષા થાય છે ને તે વાજબી છે, એ તેના ધ્યાનમાં ઉતરે છે ત્યારેજ શિક્ષાનો હેતુ પાર પડે છે. એકલું દુઃખ દેવું એ શિક્ષા નથી. વળી એકાંતમાં સજા કરવી કે બીજા છોકરા તે વાત જાણે નહિ એથી પણ શિક્ષા કરવાની એક મુખ્ય મતલબ રદ જાય છે.

૧૩. ગુનાને લાયક સજા કરવી, તેથી થએલી હરકત અથવા નુકસાનીના પ્રમાણમાં કરવી નહિ. ઉદાહરણ—જાણે બે છોકરાએ સાહીના ખડીઆ ઉંધા વાળ્યા, તેમાંના એકે ભોંય ઉપર ઢોળી તેથી ફક્ત સાહી ગઈ એટલુંજ નુકસાન થયું. બીજાએ ચોપડીઓ ઉપર ઢોળી જેથી વીસ રૂપીઆની ચોપડી બગડી. એમાં બંનેનો વાંક સરખો છે માટે બેઉને સરખી શિક્ષા થવી જોઈએ.

૧૪. ગુસ્સામાં છતાં શિક્ષા કરવી એ ઠીક નથી; મહેતાજીનો તથા ગુનેગાર છોકરાનો ક્રોધ શમ્યા પછી સજા કરવાથી વધારે સારી અસર થાય છે. ગ્રેટ બ્રિટનમાં કેટલાક સારા મહેતાજી એમ કરે છે કે અપરાધી છોકરાને સૌના સાંભળતાં તેનો અપરાધ કહે છે, બોધ કરે છે, અને તેને માટે સજા પામવા સારૂ નિશાળ છૂટ્યા પછી બેસવાને ફરમાવે છે, ને બધા છોકરા ગયા પછી ઘટતી શિક્ષા કરે છે. એ રીત સારી છે, તેમ બધા છોકરાના દેખતાં કરવી તે પણ ખોટી નથી. જ્યારે જે રીત ઘટારત જણાય ત્યારે તે પ્રમાણે કરવી.

૧૫. શરીરને દુઃખ થયા કરતાં મનને થાય એવી સજા વધારે સારી છે. શરીરને ઇજા કર્યા વિના જ્યાંસુધી ચાલે ત્યાંસુધી ચલાવવું; પણ બોધ અને ધમકાવવાથી માને નહિ, અને તેથી છોકરાના અભ્યાસમાં હરકત પડે, નીતિનો બગાડ થાય, અથવા નિશાળ-

નો બંદોબસ્ત રહી શકે નહિ, એવું થતું હોય, તો શરીરની યોગ્ય શિક્ષા કરવી જોઈએ. એ રીતે લાચારીથી કરવું પડે ત્યારે ક્રૂરપણું કરવું નહિ, તથા જેથી સજા પામનારની તંદુરસ્તીમાં હરકત પડે તેમ કરવું નહિ. ગામઠી મહેતાજીઓની શિક્ષા કરવાની જંગલી રીતોનો કદી ઉપયોગ કરવો નહિ. અંગુઠા પકડાવવા નહિ, કેમકે તેથી વખતે છાતી અને હૃદયને હંમેશની હરકત થાય છે. કાન મરડવા કે ગાલમાં તમાચા મારવા એ પણ નુકસાનકારી છે; એથી કોઈ વાર સાંભળવાની ઇંદ્રિય રદ થાય છે. લાત, મુક્કી, ઠોંસા, લપડાક, વગેરે કામમાં હાથ, પગ વાપરવાની રીત ખોટી છે. ભુંડી ગાળો કદી દેવી નહિ. ગધેડા, લુચ્ચા, વગેરે અપશબ્દો જેમ ઓછા વપરાય તેમ સારૂં. નેતરની સોટીવતે હથેલીમાં મધ્યમ મારવું એ ઠીક છે. પરંતુ તેવું કરવા પહેલાં બીજા રસ્તા છે. બધા છોકરા ગયા પછી લખવાનું આપવું, એ વગેરે બીજી હલકી શિક્ષાથી છોકરાને શિખામણ ન લાગે ત્યારેજ નેતર વાપરવી. માફ કરવાનો પ્રસંગ જણાય તો તેમ કરવું.

૬૪. **आसिस्टंट महेताजी तथा मोनिटरो**—જેમ નિશાળીઆએ મહેતાજીની આજ્ઞા પ્રમાણે ચાલવું તેમ આસિસ્ટંટ માસ્તરોએ તથા મોનિટરોએ પણ તેના હુકમ મુજબ વર્ત્તવું, અને મહેતાજીએ તેના ઉપરી સાહેબ ફરમાવે તેમ કરવું. ઉપરીની સંમતિથી અને જે બાબતોમાં એ સંમતિની જરૂર ન હોય તેમાં વિચાર કરીને નિશાળના વહીવટના ધારા મહેતાજીએ રચવા. એ કાયદા પ્રમાણે આસિસ્ટંટોએ તથા મોનિટરોએ કામ કરવું, અને તે અમલમાં લાવવામાં મહેતાજીને સહાય કરવી. આ પુસ્તકમાં શિખામણો છે તેમાંથી ઘણીક તેમને લાગુ પડે છે. મહેતાજી ગમે એવા સારા હોય, પણ તેના મદદગાર મહેતાજી ખોટા હોય તો નિશાળ બગડે. ઉપશિક્ષકોનાં લક્ષણ, તેમનો પોતાનું કામ કરવામાં ઉમંગ, અને તેમની આવડત, એ પર જશનો ઘણો આધાર રહે છે. તેમની વર્ગમાં બંદોબસ્ત રાખવાની અને શીખવવાની ચતુરાઈ, અને નિશાળીઆની હાજરી ઉપર ધ્યાન હોય તે પ્રમાણે

પરીક્ષાપત્રક.

માહે ૧૮૭ . શહેર અમદાવાદ નં૦ ૧લાની નિશાળ.

તારીખ.	વાર.	વર્ગ.	વિષય.	વખત.	વર્ગ શિક્ષકનું નામ.	શેરો.	પરીક્ષા કરનાર મુખ્ય મહેતાજીની સહી.
૧લી.	બુધવાર.	૪થો વર્ગ.	વ્યાકરણ.	સવારે ૮ થી ૯	૩જો આસિસ્ટંટ; ગોકુળદાસ કેશળદાસ	નિશાળીઆએ હોપકૃત વ્યાકરણની કલમ ૨૦મીથી ૨૫મી સુધી મોઢે કરી છે, પરંતુ વિષય સમજ્યા નથી. ચોપડીના શબ્દેશબ્દ બોલી ગયા ને ઉદાહરણ પણ ચોપડીમાં છે તેજ આપ્યાં. ઉલટપાલટ પ્રશ્ન પૂછયા તેના ઉત્તર આપી શક્યા નહિ. એથી દીલગીર થઈ હું તથા ગોકળદાસ (પહેલા છોકરાને વર્ગ સોંપી) થોડી વાર એકાંતમાં ગયા. અહીં તજવીજ કરતાં માલમ પડયું કે ગોકળદાસે ગઈ કાલે એ કલમો મોઢે કરી લાવવાને ફરમાવ્યું હતું, વિષય સમજાવ્યો ન હતો. પાછા વર્ગમાં જઈ વિષય સમજાવવાનું કહ્યું. પણ તેનાથી તે બરોબર કરી શકાયું નહિ. માટે મેં પાઠ આપી દેખાડ્યો.	રામશંકર જેદેવ, મુખ્ય મહેતાજી.
૨જી.	ગુરુવાર	૧લો વર્ગ	આંક	૩–૩૦ થી ૪	૫મો આસિસ્ટંટ, જેરામ ગોપાલ.	આંક અને તેના અર્થની પરીક્ષા લીધી. સવાલ પૂછયો કે એક આનાનું દસ મણ તો દસ આનાનું કેટલા મણ ? છોકરા જવાબ દઈ શકયા નહિ ત્યારે એકદાન દસનો પાડો ભણાવ્યો. જે બેની પાસે તે બોલાવ્યો તેઓ બરાબર બોલ્યા. પછી દાયે દાયે સો ભણ્યાનો અર્થ પૂછયો ત્યારે ૧. ૧૦. ૧૦૦ એમ આંકડા લખી બતાવ્યા, પણ તે સમજાવી શકયા નહિ. એ જોઈ મેં આંકના અર્થનો પાઠ આપ્યો, ને શિક્ષકને તાકીદ કરી કે આળસ ન કરતાં હવેથી એ પ્રમાણે શીખવવું.	રામશંકર જેદેવ. મુખ્ય મહેતાજી.
૩જી.	શુક્રવાર.	૫મી ચોપડીનો વર્ગ.	માના ગુણ વિષે ૪૨મો પાઠ.	૮ થી ૮-૩૦	૨જો આસિસ્ટંટ, દેવશંકર મહાદેવ	પાઠ આપવાની હોશિયારી સારી જોઈ. પહેલી બે લીટીને ગદ્યના રૂપમાં મૂકતા સંભાળથી શીખવી. પછી છોકરા પોતાની મેળે તેમ કરવા લાગ્યા. તાલ બરોબર શીખવ્યા, પણ લઘુ ગુરુ અક્ષર ન બતાવ્યા તે શીખવવાની સૂચના કરી	રામશંકર જેદેવ. મુખ્ય મહેતાજી.
		૬ઠ્ઠી ચોપડીનો વર્ગ	હિંદુસ્તાનનો ઇતિહાસ. મરેઠી રાજ્યની ઉત્પત્તિ.	૮-૩૦ થી ૯	૧લો આસિસ્ટંટ, હરજીવન પ્રાણશંકર.	ઇતિહાસ અને નકશાનો સંબંધ ભૂલી જઈ પાઠ ચલાવતા હતા. મને આવતો દેખીને નકશો લેવા છોકરાને દોડાવ્યો. પાઠ વગર ચોપડીએ ઠીક આપ્યો. પુનરાવર્તનના પ્રશ્ન મેં પૂછયા. ઉત્તરથી હું રાજી થયો.	
૪થી	શનિવાર	૪થી ચોપડીનો વર્ગ	વાચન. અંકગણિત, અને અક્ષર	૮-૩૦ થી ૧૦	કરમચંદ વીરચંદ	ગયા સોમવારથી શુક્રવાર સુધીમાં ચાલેલા પાઠ ૨૬થી ૨૯ તપાસ્યા. વાંચવામાં ભૂલોત્રણી કરી. ઉચ્ચાર ઉપર લક્ષ આપેલું જણાતું નથી. શબ્દના અર્થ સારા કર્યા. સોમવારે એ પાઠ સારા વાંચતાં શીખવવાની સૂચના કરી. અંકગણિતના ત્રણ દાખલા મંડાવ્યા તેમાં નીચલા બે છોકરાએ એકે ન કર્યો. સાત છોકરાએ ત્રણે કર્યા, ને ચારે બે કર્યા, તેથી એ કામમાં વર્ગની પરીક્ષા ઉતરી ગણું છું અક્ષર ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે. પરંતુ છેલ્લી પરીક્ષા એક મહીના ઉપર કરી હતી તે કરતાં હાલ સુધારો થયો જણાય છે,	રામશંકર જેદેવ, મુખ્ય મહેતાજી.

જશ મળે. મુખ્ય મહેતાજી એકે વખતે બધા વર્ગમાં હોઈ શકે નહિ, તેથી છોકરાને છાના રાખી યોગ્ય રીતે શીખવવું, તથા પરીક્ષા કરવી એ સહાયકારી શિક્ષકોને હાથ રહે છે.

૬૫. મુખ્ય મહેતાજીએ તેમને તેમના કામને માટે યોગ્ય કરવા પર બહુ મહેનત કરવી. દરેક ઉપશિક્ષકને ભણાવવાના સામાન્ય નિયમો તથા જે વિષયો તેમને શીખવવાના હોય તે શીખવવાની રીત શીખવવી. તે બાબત પર તેમની નોટબુક જોવી. તેઓને જે પુસ્તકોમાંથી તે સંબંધી જ્ઞાન મળી શકે તે વંચાવવાં અમુક દિવસે નિશાળના સમય પછી તેમને ભણાવવાનો તથા તેમની જોડે ભણાવવા વગેરે નિશાળ તથા કેળવણી સંબંધી વાતચીત કરવાનો વખત રાખવો. પહેલી ચોપડીના વર્ગમાં સતવારીઆમાં એક દિવસ જઈને જોવું કે શિક્ષક રીત પ્રમાણે શીખવે છે કે નહિ, અને આંક ભણાવી સમજણ પાડે છે કે નહિ તે તપાસવું. ન આવડે તો પંડે પાઠ આપી દેખાડવો. બીજે દિવસે બીજા વર્ગમાં જઈને તે પ્રમાણે કરવું. એમ દરેક વર્ગમાં વારાફરતી જઈ તપાસ રાખવી. વખતે ઓચિન્તા જઈ જોવું. જેમ ઉપલા વર્ગો ઉપર ધ્યાન આપવું તેમ નીચલા વર્ગો ઉપર પણ આપવું. દરેક શિક્ષક પોતાના વર્ગમાં ઘુમાટ થવા ન દે, હાજરી ઉપર લક્ષ આપે, નિશાળીઆ પાઠ કરે છે કે નહિ તે પર નજર રાખે, તેમના ઉપર જુલમ ન કરે, તેમને ગાળો ન ભાંડે, ને તેમને સુધારે, એવી ગોઠવણ કરવી. વર્ગમાં દર સતવારીઆમાં કેટલો અભ્યાસ ચાલે તેની નોંધ રખાવવી અને તે તપાસી તે ઉપર સહી કરવી. કામ બરોબર લેવું તેની જોડે તેમના ઉપર હેત રાખવું. ને તેમને સુધારવાને તથા તેમનું ભલું કરવાને સદા કોશીશ કરવી. તેમને ખાનગી નોકર જેવા ગણવા નહિ. તેમની જોડે ન્યાયથી વર્ત્તવું. નિશાળનું કામ સારૂં કરે તે વધારે પ્રીતિને પાત્ર છે. શિક્ષકનું કામ ઘટતી રીતે કરી શકે માટે તેમના જ્ઞાનમાં વધારો થાય તેમ કરવું. અઘટતી રીતે વર્ત્તે તેવાને ચેતવવા. તેમની ખુશામત વગેરેથી ભુલાવામાં ન પડવું.

૬૬. **પરીક્ષા**—કોઈક મહેતાજી કે ઉપશિક્ષક પોતાના કામ પર આસક્ત હોઈ પરમેશ્વરનો ભય મનમાં રાખી પોતાનો ધર્મ યથાશક્તિ

અને યથાયોગ્ય બજાવે, પરંતુ ઘણું કરીને પરીક્ષામાં જશ મળે તે ઉપર નજર રાખી મહેતાજી વર્ત્તે છે. ટ્રેનિંગ કોલેજમાં ભણાવવાની રીતોનું અને કેળવણી આપવાના નિયમોનું માનસિક અને અનુભવી જ્ઞાન મેળવી નિશાળ ચલાવવા જનારા મહેતાજીઓ થોડા કાળમાં એ જ્ઞાન કોરે મૂકી કે ભૂલી જઈ માત્ર પરીક્ષાને અનુસરે છે. મોનિટરો, પ્યૂપિલ ટીચરો, અને આસિસ્ટંટો મુખ્ય મહેતાજી તેમના વર્ગોની તપાસ રાખે, અને વખતે વખતે જે રીતે પરીક્ષા લે તે રીતે ભણાવે; પરીક્ષામાં જે પૂછે તે શીખવે; ઘણું કરીને જેવા પરીક્ષા લેનારા તેવા તેમના હાથ નીચેના શિક્ષકો હોય છે. નિશાળીઆના હંમેશના લાભ ઉપર લક્ષ રાખી દરેક વર્ગની પરીક્ષા કરવી ઘટારત છે. જેમ સઘળી નિશાળોમાં અભ્યાસનાં એકસરખાં ધોરણ કર્યાં છે, તેમ પરીક્ષાનાં પણ હોવાં જોઈએ. જેમ શીખવવાના નિયમો છે તેમ પરીક્ષાના પણ છે. શીખવેલા વિષયની પરીક્ષાની સાથે શીખવવાની રીતોની પરીક્ષા મહેતાજીએ કરવી તથા શિક્ષકે નોટો લખી હોય તે જોવી. જેને એ રીતોનો ઉપયોગ કરવાનો મહાવરો હશે તેજ એમાં જશ પામશે. વળી હર રોજ પાઠ શીખવ્યા પછી ટુંકામાં પુનરાવર્ત્તન કરવું.

૬૭. માસિક, ત્રિમાસિક, છમાસિક આદિ પરીક્ષા કરવાના નિયમોઃ-

૧. આંકની પરીક્ષા વખતે પલાકાંની જોડે તેના અર્થ પૂછવા. ઉદાહરણ—વીસે દાન બસેં એટલે શું? પંદર બારાં એંશીસો એટલે શું? છાનો પા એટલે શું? ૪૫નો દોઢ શા વાસ્તે? એમાં સવાયાં, દોઢાં, અઢીઆં, ઊઠાં, પાણ વગેરે જે પૂછવામાં આવે તેના અર્થ પૂછવા. વખત થોડો હોય તો થોડાં પલાકાં પૂછવાં, પણ તેની હારે અર્થ જરૂર પૂછવા.

૨ અંકગણિતના દાખલાની જોડે તેની રીતો અને રીતોનાં કારણ પૂછવાં. વખત થોડો હોય તો દાખલા થોડા પૂછવા. બધા દાખલાની રીતો અને કારણો પૂછવાની જરૂર નથી. હર કોઈ એક પૂછવામાં આવે તો શીખવનારને રીતો અને કારણો શીખવવા પર કાળજી રહે. નાની ઉંમરનાં છોકરાં કરતાં મોટી ઉંમરનાં છોકરાંમાં આ

વિષે સમજ વધારે જોઈએ માટે નાંની ઉંમરનાંને કંઈક છૂટ આપવી. બધા દાખલા બહુ અઘરા કે બહુજ સહેલા ન આપવા. ઘણી કઠણ નહિ ને અતિ સહેલી નહિ એવી મધ્યમ પરીક્ષામાં ઘણા નિશાળીઆ પાસ થાય એ હેતુ મનમાં રાખવો. ચાર દાખલા આપવા તેમાં એક કઠણ, બે મધ્યમ એટલે ઘણા અઘરા નહિ ને છેક સહેલા નહિ એવા ને એક સહેલો રાખવો. દોકડા (માર્ક)ની વહેંચણ એવી કરવી કે એ ચારમાંના બે જે ખરા કરે તે પાસ થાય; ત્રણ કરે તે વધારે સારો, ને ચારે કરે તે તેથી સરસ. જેમના ચારે ખરા હોય તેમને હર કોઈ દાખલાની રીતનાં કારણ પૂછવાં. ચારે કોઈના ખરા ન હોય તો ત્રણવાળામાંથી કોઈને પૂછવાં. ચારે દાખલા અને પૂછેલાં કારણો જેને આવડે તે પુરા દોકડા મેળવી સર્વોત્તમ ગણાય. રીત ન આવડે તો દાખલો ખોટો ગણવો, પણ રીતનાં કારણ ન આવડે તો ખોટો ન ગણવો. પરંતુ ઘણાને તે ન આવડે, હોશિયાર છોકરાને પણ ન આવડે તો શેરામાં શિક્ષકને ઠપકો લખવો.

૩. લેખાંના ચાર દાખલા આપવા, ને તેમાંના હરકોઈ એકની કુંચી-નાં કારણ પૂછવાં. દરેક દાખલાના દોકડા એટલા રાખવા કે ચારમાંના બે ખરા તે માત્ર પાસ થાય; ત્રણ ગણે તે તેથી સરસ અને ચારે ગણે ને કુંચીનાં કારણ બતાવે તે સર્વોત્તમ. કુંચીનાં કારણને માટે દોકડા રાખેથી એમ થઈ શકે.

૪. ગઈ પરીક્ષા પછી લખેલી ગુજરાતી તથા બાળબોધ કોપી બુકો જોવી. એને માટે દોકડા આપવામાં લખાણની ચોકખાઈ, ને વધતા સુધારા તથા ધોરણને મળતા આવતા અક્ષર પર નજર રાખવી. અર્ધા દોકડા તેને માટે આપવા. પોતાની રૂબરૂ પરીક્ષાસમે પાંચ પાંચ લીટી લખાવી તેનો નમુનાના અક્ષરને મળતો મરોડ, શબ્દેશબ્દનું છુટું પાડવું, કલમ ઝાલતાં આવડવી, નાના અક્ષરવાળાએ વગર આંકણીએ લીટી દોરવી, સાહીથી આંગળીઓ કે કાગળ ન ખરડવો ને લખતાં સાહી ન છાંટવી, એ પર નજર રાખી દોકડા આપવા. પહેલા વર્ગના નિશાળીઆને લેખણ ઘડતાં આવડે છે કે નહિ તે તપાસવું.

૫. ડિક્ટેશન ગુજરાતી અક્ષરમાં લખાવવું, કેમકે બાળબોધ અક્ષર ચીપીચીપીને લખવાના છે, ઉતાવળે લખવાના નથી. ઉપલી કલમમાં પરીક્ષકે પોતાની રૂબરૂમાં લખાવી જોવાનું કહ્યું તેમાં ગુજરાતી અક્ષર લેવા. એથી ઝડપથી સારા દસક્ત લખી શકે છે કે નહિ તે જણાશે. ધોરણના જે ચોપડીની પરીક્ષા આપે તેમાંથી હર કોઈ પાઠ જેથી તેમનું હ્રસ્વ દીર્ઘ, અને જોડાક્ષરનું જ્ઞાન માલમ પડી શકે તેવો લઈ તેના હર કોઈ ભાગમાંથી પાંચ લીટીઓ નિશાળીઆના સાંભળ્યામાં આવે એવે સાદે તથા ઉતારી લેવાય તેમ હળવે હળવે શબ્દેશબ્દ શુદ્ધ ઉચ્ચારથી વાંચવી, પાંચમી ચોપડીથી કાગળ ઉપર સાહીથી લખાવવું અને ત્યાર પહેલાં એટલે ચોથી સુધી સ્લેટ ઉપર લખાવવું. એક વાર એમ ધીમે વાંચી સ્લેટ કે કાગળ તુરત લઈ લેવા. ચોપડીમાં લખ્યા પ્રમાણે જોડણી જોવી પરંતુ ચોપડીમાં ભુલ હોય તે સુધારી લખ્યું હોય તો તેને પણ ખરૂં ગણવું. તેજ શબ્દ એકથી વધારે વાર આવે તેની જોડણી ઉપર કહેલી બેમાંની એકે રીતે ખરી ન લખી હોય તો ભૂલ તેની એકજ ગણવી. પાંચ ભૂલે ડિક્ટેશનમાં નપાસ કરવો. અનુસ્વારની આખી ચૂક ગણવી. એમ જોડણીની ભૂલો બધી નિશાળોમાં એકસરખી અને નક્કી રાખવાથી ઘણો લાભ થશે.

૬. વ્યાકરણને વાચન જોડે ભેળી ન દેવું. નીચલાં અને ઉપલાં ધોરણે માં એ વિષયની જુદી પરીક્ષા કરવી. વ્યાકરણના પ્રશ્નોમાં વ્યાખ્યા અને નિયમો, પદચ્છેદ, અને વ્યાકરણ પુરૂં કર્યું હોય ત્યાં ટુંકો નિબંધ જોઈએ. લખેલા સવાલ ઉપરાંત મોઢે પરીક્ષા લેવી, ને અર્થ તથા કારણો પૂછવાં. નીચલાં ધોરણોમાં વ્યાખ્યા અને કારણ પૂછવાં નહિ, ઉપલાં ધોરણોમાં પૂછવાં. ઉદાહરણ, વિભક્તિ શીખેલા છોકરાને વિભક્તિની જરૂર શી છે તે પૂછવું. ચોપડીમાં વિભક્તિની વ્યાખ્યા લખી છે તે તો અનાડી મહેતાજીના નિશાળીઆ પણ ગોખી રાખે તો કહે, પણ તેની સમજણ માગીએ તો તેના જવાબ શીખવનારની ચતુરાઈ અને પદ્ધતિ પ્રમાણે શીખવ્યું છે કે નહિ તે દેખાડી આપે.

૭. ભૂગોળવિદ્યાના સવાલમાં એવા પણ હોવા જોઈએ કે તેથી નિશાળીઆનું નકશાનું જ્ઞાન નકશો મોઢા આગળ ન છતાં જણાય. આ

તથા હરેક વિષયની પરીક્ષા પરીક્ષક નિષ્પક્ષપાત હોય તોજ જોઈએ તેવી થાય. અયોગ્ય મહેરબાની રાખી બધા પ્રશ્ન એવા સહેલા હોઈ શકે કે નિશાળીઆને છેક ઉપલક અને અલ્પજ્ઞાન છતાં તેઓ પાસ થાય. મૂર્ખ કે અપ્રાણિક કે આળસુ પરીક્ષકોના તાબાની નિશાળોમાં ભણનારને ભૂગોળવિદ્યા, વ્યાકરણ, ઇતિહાસ વગેરે વિષયોનું વાસ્તવિક જ્ઞાન મળતું નથી તથા કેળવણીથી મળતા લાભ થતા નથી. પરીક્ષા લેવી એ શું શીખવવું તેનો શિક્ષકને પાઠ આપવા જેવું છે. ઉદાહરણ, મુખ્ય મહેતાજી દર રોજ દરેક વર્ગમાં તેના શિક્ષકની જોડે રહી શકતો નથી. વખતે થોડી વાર માત્ર ત્યાં હોઈ શકે છે તેથી તે શિક્ષકનું કરેલું કામ પરીક્ષામાં જોઈ શકે છે. મહેતાજી પરીક્ષામાં જેવી તરેહનું પૂછશે તેવી તરેહનું તે શિક્ષક શીખવી બીજી પરીક્ષા માટે વર્ગને તૈયાર કરશે. નકશો, દેશની અવસ્થા, પ્રજાનાં લક્ષણ વગેરેનું જ્ઞાન જણાય તેવા પ્રશ્ન પૂછવા.

૮. ઇતિહાસમાં પણ નિશાળીઆની સ્મરણશકિતની જોડે તેમની અવલોકન, તુલના, વગેરેની શકિતઓ કેટલી ખીલી છે, તથા તેઓ નીતિનો બોધ કેટલો પામ્યા છે તથા રાજકાજ સંબંધી જ્ઞાન તેમણે કેટલું સંપાદન કર્યું છે તે જણાય તેવા પ્રશ્નો ઉપલાં ધોરણો શીખનારને પૂછવા. પ્રજાની ચડતીપડતી, ઉદયઅસ્ત, તથા હારજીતનાં કારણ, લોકના સ્વભાવ, લક્ષણ, વગેરે પૂછવાં.

૯. વાચનની પરીક્ષા ચોપડીમાંનાં એક બે કે વધારે વાકયો વંચાવવાથી ને પછી ચોપડી બંધ કરી તે બોલાવી જઈ તેમાંના બે ત્રણ શબ્દના અર્થ અને મૂળ પૂછયાથી બરોબર થતી નથી. શું વાંચ્યું તે કહો એ પ્રશ્નથી વાંચનારની સ્મરણશક્તિની માત્ર પરીક્ષા થાય. એવી પોપટીઆ પરીક્ષાથી કેળવણીની પરીક્ષા થતી નથી. વાકયો બોલી શકે તેથી તેમાંનો અર્થ સમજ્યા એમ માનવું નહિ. કેટલાક પરીક્ષકો કહે છે કે મતલબ કહી જાઓ, ત્યારે નિશાળીઆ વાકયોનો કંઈક ભાગ બોલે છે. એમાં એ ભાવાર્થ સમજ્યા છે એ નક્કી જણાતું નથી. કોઈ કોઈને એમ પૂછયું તો ફીકર નહિ, પણ બધાને સદા એમ પૂછવાથી શિક્ષકોને અર્થ સમજાવવાની ગરજ

રહેતી નથી; માટે વંચાવીને તેમાંથી અર્થના સવાલ પૂછવા. શબ્દોના સંબંધ, એ ઠેકાણે અર્થ તથા બીજા અર્થ હોય તે, તે શબ્દોને ઠેકાણે બીજા શબ્દો, ભાવાર્થ કાઢવાના પ્રશ્નો, કોઈ અભિપ્રાય હોય તો તેનાં કારણ, શબ્દોનાં મૂળ, તે મૂળ પરથી થએલા બીજા કુટુંબી શબ્દો, વગેરે પૂછી ભણનારનું મન કેટલું કેળવાયું છે તથા તેના જ્ઞાનનો ભંડાર કેટલો છે તેની શોધ થાય તેમ કરવું. છટ્ટી અને સાતમી ચોપડીવાળાને ચોપડી-માંના વિદ્યા તથા નીતિના પાઠમાંથી પ્રશ્ન કાગળ ઉપર લખાવવા. એ વર્ગમાં વાચનના દોકડાનો અર્ધો ભાગ લઈ એના ઉત્તરને માટે વાપરવો. કવિતા મોઢે કરી હોય તેમાંથી થોડી બોલાવી તેનો અન્વય, અર્થ, માપ, તાલ, રસ, અલંકાર, વગેરે પૂછી તેમની શીખેલી કવિતાના જ્ઞાનની ખોળ કરવી. ગદ્ય વાંચવામાં જેમ શુદ્ધ ઉચ્ચાર, ઘટતી ઉતાવળ, ખરી ઢબ, વગેરે તપાસીએ છીએ તેમ કવિતામાં પણ કરવું. તાલ કે ઢાળ પ્રમાણે અને રસાલંકાર દર્શાવે તેમ ખરી રીતસર કવિતા વાંચે કે બોલે તે પ્રમાણે નિશાળીઆને વધારે દોકડા આપવા.

૧૦. એ સર્વ ઉપરાંત વર્ગ અને નિશાળીઆની સામાન્યાવસ્થા જોવી. નિશાળીઆની સભ્યતા, તેમના અંગની સ્વચ્છતા, તેમની વાણીની શુદ્ધતા, અદબ, છાના રહી પોતાના કામમાં ધ્યાન આપવાની અને શિક્ષકનો ઝટ હુકમ માનવાની ટેવ, નિશાળીઆનાં આચરણ તથા શિક્ષકોની રહે-ણીની તપાસ કરવી. આ પુસ્તકમાં દર્શાવ્યા પ્રમાણે ભણાવ્યું છે, કે જુની અનાડી રીતે માત્ર ચોપડીનાં પાનાં ગોખાવવામાં કાળ કાઢ્યો છે, તે યુક્તિથી શોધી કાઢવું કે શિક્ષકોની મહેનત અને યોગ્યતા જણાય. ચોપડી-માંથી ગોખેલું તો નિશાળીઆની મહેનત, તથા શીખવનારની જાગૃતિ અને ધાક દેખાડે છે. એથી આપણો મોટો હેતુ જે મનને કેળવવું તે પાર પડતો નથી. એકલા ગોખવા પરથી મનની બધી શક્તિઓની કેળવણી જણાતી નથી. નિશાળીઆ કેળવણી કેટલી પામ્યા છે તે પરીક્ષકે અવશ્ય જાણવું જોઈએ ને તે પ્રમાણે તેને ફળ મળવાં જોઈએ.

प्रकरण ७मुं.

કન્યાશાળાને માટે સૂચના.

૬૯. કન્યાશાળાને માટે ભણાવવાના નિયમ જુદા નથી. આ ચોપડીમાં લખેલા નિયમો કન્યાશાળાના શિક્ષકે લક્ષમાં રાખવા અને તે પ્રમાણે વર્તવું. છોડીઓની નિશાળોને સારૂ ધોરણ નોખાં કર્યાં છે તેનાં કારણ ત્યાંના શિક્ષકોએ જાણવાં જોઈએ. પુરુષ અને સ્ત્રીનાં કામ સંસારમાં ભિન્ન છે, તે ધ્યાનમાં રાખી છોકરાની અને છોકરીઓની નિશાળોમાં શીખવવાની બાબતોનાં ધોરણ ઠરાવ્યાં છે. માણસની એ બે જાત પોતપોતાનાં સંસારી કામકાજ સુનીતિએ કરી શકે અને સુખી થાય એ હેતુ કેળવણી આપવાનો છે. દરેક વર્ગને ભણાવવાના વિષયો ધોરણોમાં લખ્યા છે, તે ઉપરાંત બીજી બાબતો પર શિક્ષકે ધ્યાન આપવાની જરૂર છે. નિશાળમાં દાખલ થાય ત્યારથી બાળકીઓની તંદુરસ્તી, સુઘડતા, અને સુનીતિ વધે તેવા ઉપાય કરવા. રમતથી તંદુરસ્તી સુધરે છે, નીતિ શીખવવાનો લાગ મળે છે, અને નિશાળે આવવામાં ઓછો અભાવ થાય છે. માટે નિશાળના મકાનમાં, તેના આંગણામાં, કે તેને લગતી જગામાં સોઈ હોય તો બાળકીઓ થોડી વાર રમી શકે એવી ગોઠવણ કરવી અને યોગ્ય સાધન પુરાં પાડવાં. બીજું મોટું કામ તેમનું લક્ષ સુઘડતા પર લગાડવાનું છે. નિશાળમાં નિત્ય નિર્મળ તાજા પાણીનુ કુંડું ભરાવવું. જે છોડીઓ ગંદી આવે તેના હાથ, પગ, ને મોઢું તે પાણી વડે ધોવડાવી વર્ગમાં બેસાડવી. માથાનાં લટીઆં લબડતાં હોય અને વાળ વીખરાએલા હોય તો તે ઠીક કરાવવા. છોડી બાળક હોય ને પોતાને હાથે કરતાં ન આવડે તો વર્ગની મોટી છોડી પાસે જરા પાણીનો હાથ લગાડી માથાના કેશ સુઘડ સ્થિતિમાં મુકાવવા. એમ કરવાથી બાળપણથી તેમનું લક્ષ સુઘડતા પર ચોટશે, ને સારી ટેવ પડશે. મેલાં લુગડાં પહેરી આવનાર છોડી મોટી હોય તો તેને શિખામણ દેવી કે પોતાને હાથે ધોઈને પહેરે. વગ લાગે તો નાની છોકરીની માને

મિઠાશ અને યુક્તિથી મેલ વગરનાં લુગડાં પહેરવાનો બોધ કરવો. ફાટેલાં વસ્ત્ર પહેરીને આવે તો તેનો ઉપાય તો નિશાળમાં થઈ શકે. કન્યાશાળામાં શીવતાં શીખવવાનાં સાધન હોવાં જોઈએ. દોરો ભરાવી આપવો કે છોડીને હાથે શીવતાં આવડે તો તેનીજ પાસે તેનું વસ્ત્ર સંધાવવું. વેતરતાં ને શીવતાં શીખવવું. બની શકે તો થીગડાંનું લુગડું છોડીને ઘેરથી મંગાવવું, અથવા કાંઈ બીજી તદબીર કરવી. આરોગ્યતાનાં મૂળતત્વો પર તેમનું લક્ષ પ્રસંગોપાત્ત લગાડવું. ચોટલો મેલો ન રાખવો, તેમાં જૂઓ અને લીખ ન રાખવી, અંગના કોઈ પણ ભાગ પર મેલ ના રાખવો, ઘર ચોકખું રાખવું, લુગડાં, ઘરેણાં, વાસણ ચોકખાં રાખવાં, વગેરે સુઘડ સ્ત્રીનાં લક્ષણ શીખવવાં તથા સદાચરણનો બોધ કરવો. આ બધી બાબતો નારીજાતિને અતિ ઉપયોગી છે. ભણેલી સ્ત્રીમાં એ લક્ષણો હોવાં જોઈએ. નિશાળમાં કેળવાએલી સ્ત્રીઓ સુઘડ, સદ્‌ગુણી, અને આરોગ્યતાનાં મૂળતત્વો જાણનારી ને પાળનારી હોવામાં નિશાળની આબરૂ છે. એજ નિશાળનો આધાર છે. માટે શિક્ષકોએ એ ઉપર ખૂબ લક્ષ આપવું એ તેમનું કર્તવ્ય છે. લનો ર, તનો ટ. વગેરે ખોટા ઉચ્ચાર કરવાની ટેવ ઘણી છોડીઓને હોય છે. તે હર વખતે ટોકીને મુકાવવી. બાયડીઓમાં પોતાની છોડીઓને રાંડો, મુઈ વગેરે ગાળો દેવાની નઠારી ચાલ છે, તે ઉપર ઉપલા વર્ગોમાં ચર્ચા કરવી, અને વખતે વખતે બોધ કરવો કે પોતાનાં છોકરાંને અને બીજાંને ગાળો દેવી એ અવિવેક તથા અનીતિનાં બીજ રોપવાનો ઉપાય છે માટે કેળવણી પામેલી સ્ત્રીએ તેમ ન કરવું. છોકરાંને ઘરેણાં પહેરાવવાની તથા બાળલગ્નની રુઢિથી થતી હાનિ પ્રસંગોપાત્ત છોકરીઓના મન પર ઠસાવવી ભાર્યાના ધર્મ, માના ધર્મ, વગેરે સ્ત્રીનાં કર્તવ્યો મોટી ઉંમરની ભણનારીઓને યોગ્ય રીતે સમજાવવાં. ઘર ચલાવવામાં જે ગુણોની જરૂર છે, ને કામો કરવાનાં છે તે તેમને શીખવવાં. આળસુ, અડિયેલ, ગંદી, લડકણી, તાઢું અને ગોજું ખાનારી ફુઅડ નારીઓ વિષે ઉપલા વર્ગોમાં નિબંધ લખાવવા, ને તેમાં તેમનો ને સદ્‌ગુણી, સુઘડ ને સદાચરણી સ્ત્રીઓને તેમની જોડે સરખાવી બેનો ભેદ લખાવવો. સાસુએ વહુ જોડે, નણંદે ભોજાઈ જોડે, વેવાણે વેવાણ જોડે કેમ ચાલવું

જોઈએ તે વિષે, તથા સ્ત્રીઓને બીજા લગતા સંસાર વહેવારની બાબતો પર વિચાર કરતાં શીખવવું. નિશાળેથી ઊઠ્યા પછી વાંચવાનો મહાવરો રાખવાની જરૂર સમજાવવી. ઘરનો ખર્ચ ચલાવવા વિષે ચર્ચા કરવી. ઘરખર્ચનો હિસાબ રાખવાની બે રીતના નમુના આ સાથે છે તે સમજાવવા, અને તેવા લખાવી મંગાવવા. ઘરખર્ચનો હિસાબ સ્ત્રીએ પોતે રાખવો જોઈએ તેનાં કારણ સમજાવવાં. એ નમુનામાં સમજણ પડ્યા પછી સહજ ખતવતાં શીખવવું, કે હર વરસે અમુક બાબતમાં શો ખર્ચ થાય છે તે જણાય. જેમકે અનાજખાતે કેટલો ઘીખાતે કેટલો, લુગડાંખાતે કેટલો ખર્ચ થયો તે જાણવાને ખાતાવહી કરતાં શીખવવું. સાદી રીત રાખવી. સરવૈયાં, ને ખાતાં માંડી વાળવાની ભાંજગડમાં નાંખવાં નહિ. સારી રીતે ઘર ચલાવવાને જેટલું ઉપયોગનું છે તેટલું જાણવાની માત્ર જરૂર છે. ધોબીને ધોવા આપવાનાં લુગડાં નોંધી રાખવાની ચોપડી રાખવી, તે મેળવી લેવાં, છોકરા કે ભાયડાનાં અને પોતાનાં લુગડાં ફાટે તે સાંધવાં, અને ચોળી, કાંચળી, ટોપી, વગેરે નવરાશની વેળાએ શીવવાં, પોતાનાં બાળકની સંભાળ લેવી, તેમને ઉછેરવાં, ભૂત વગેરે વહેમથી દૂર રાખવાં, તેમને સુઘડ રાખવાં, ટેવથી સુનીતિ શીખવવી; તેમને ભણાવવા પર લક્ષ આપવું અને ખર્ચ કરવો, વગેરે સંભાળીને કરવું એ ઘટે તેવી વાતચીતથી ચર્ચા કરાવીને તથા ઉપદેશ કરીને ઉપલા વર્ગની મોટી છોડીઓના મન પર ઠસાવવું. સારી કેળવણીની અસર રુઢિઓમાં સુધારો થવાથી જણાવી જોઈએ. ઉદાહરણ, હવે જેમ કેળવણી પામેલા પુરુષો હોળીમાં ભુંડું બોલતાં લજવાય છે, તેમ કેળવાએલી સ્ત્રીઓ લગ્નમાં ફટાણાં ગાતાં અને માંહોમાંહે ભુંડી વાતો કરતાં શરમાઈ તેમાં સામીલ ન થાય.

સ્ત્રીઓએ ઘરનો હિસાબ રાખવાની ચોપડીનો નમુનો.

સંવત્ ૧૯૩૪. સને ૧૮૭૭.

રોજમેળ.

કારતક સુદ ૧ વાર મંગળ. નવેમ્બર તા. ૬ઠ્ઠી.

જ		ઉ	
રૂ. આ. પા.		રૂ. આ. પા.	
૨૫—૦—૦	ગયા દિવસની સીલક.	૧—૦—૦	રવીચંદ ખેમચંદ કંદોઈને બરફી શેર ૭નો.
		૦—૬—૦	સોપારી શેર બે.
		૦—૦—૯	શાક કારેલાં શેર ૧ાા.
		૦—૧—૬	દહીં શેર બેના.
		૦—૦—૬	પાન નંગ, ૧૫.
		૧—૮—૯	
			આજનો ખર્ચ ૧—૮—૯
			આવતી કાલને માટે સીલક ૨૩—૭—૩
			૨૫—૦—૦

કારતક સુદ ૨ વાર બુધ. નવેમ્બર તા૦ ૭મી.

જ		ઉ	
૨૩—૭—૩	ગયા દિવસની સીલક.	૦—૧૦—૦	ચિ. મોતીભાઈને સારૂ ટોપી લીધી તેના.
૩૫—૦—૦	ચૌટાની દુકાનના ભાડાને પેટે.	૦—૧—૩	શાક, આદું, કુદીનો, જીરૂં.
૫૮—૭—૩	કુલ જમા.	૦—૧૧—૩	
			આજનો ખર્ચ રૂ. ૦—૧૧—૩
			આવતી કાલને માટે સીલક. રૂ. ૫૭—૧૨—૦
			રૂ. ૫૮—૭—૩

કારતક સુદ ૩ વાર ગુરુ. તા. ૮મી નવેમ્બર.

જ	ઉ
૫૭—૧૨—૦ સીલક.	૦—૧—૩ દૂધ.
	૦—૧—૬ ગોળ.
	૦—૨—૦ મરી, ધાણા, હીંગ.
	૦—૧—૦ દળનારીને દસ શેર બાજરી દળ્યાનો,
	૦—૫—૯
	આજનો કુલ ખર્ચ ૦—૫—૯
	આવતી કાલને સારૂ સીલક. ૫૭—૬—૩
	૫૭—૧૨—૦

કારતક સુદ ૪ વાર શુક્ર. તા. ૯મી નવેમ્બર.

જ	ઉ
૫૭—૬—૩ સીલક ગઈ કાલની.	૦—૨—૦ મોતીભાઈની નિશાળની ફી.
	૦—૧—૦ મણીબેનને સારૂ પહેલી ચોપડી.
	૫—૦—૦ ઘીકાંટેથી ઘી શેર ૧૨॥ આણ્યું.
	૧—૦—૦ ઘાંચી જેઠા વીઠલને દિવેલ શેર ૬નો.
	૦—૦—૮ શાક તથા પાન ને કાથો.
	૬—૩—૮
	આજનો ખર્ચ. ૬—૩—૮
	આવતી કાલને સારૂ સીલક. ૫૧—૨—૭
	૫૭—૬—૩

કારતક સુદ ૫ શનિવાર. તા. ૧૦મી નવેમ્બર.

જ	ઉ
૫૧–૨–૭ સીલક.	૫—૦—૦ ધોબીને ગયા વરસની ધોલાઈના.
	૫—૦—૦ બાજરી મણ પાંચના.
	૦—૦—૭ શાક તથા મસાલો.
	૦—૦—૯ દૂધ શેર ૧॥.
	૦—૦—૫ શેરડી છોકરાંને સારૂ.
	૧—૦—૦ મીઠું મણ પોણો.
	૩—૦—૦ ચાકર નરસઈનો ગયા માસનો પગાર.
	૧૪—૧—૯
	આજનો કુલ ખર્ચ. ૧૪—૧—૯
	આવતી કાલને માટે સીલક. ૩૭—૦—૧૦
	૫૧—૨—૭

ઘરનો હિસાબ રાખવાની રીતનો બીજો નમુનો.

જમા.	તારીખ.	આસો સંવત્ ૧૯૩૪. નવેમ્બર સને ૧૮૭૭.	રૂ.	આ	પા.
૩૦–૦–૦ સીલક	૧	કંસારને સારૂ ગોળ	૦	૩	૦
	,,	શાક, આદું, કોથમીર તથા મેથી.	૦	૨	૪
ખર્ચને	,,	વાડકી એક પિત્તળની આણી તેના	૦	૫	૦
	૨	લેખણ કરવાને જવાઈના બરૂ...	૦	૧	૦
સારૂ	,,	ગાંયજાને વરસુતના ગયા વરસના.	૩	૦	૦
	,,	તમાકુ તથા પાન	૦	૪	૩
	,,	શાક	૦	૦	૨
	૩	દહીં શેર બે	૦	૧	૩
	,,	સોપારી શેર પાંચ	૦	૧૫	૦
	,,	ચુનીલાલની પાઘડી રંગાવી તેના.	૧	૪	૦
	,,	શાક, ધાણા, મરી, વગેરે મસાલો.	૦	૨	૬
	૪	ઘરમાં પહેરવાના સાલ્લા બે. ...	૨	૧૨	૦
	,,	ચુનીભાઈનાં તથા તેના બાપનાં અંગરખાં સારૂ જગન્નાથીનું થાન એક	૮	૦	૦
	,,	દૂધ, શાક, પાન	૦	૧	૭
	૭	ચોખા મણ ૦॥...	૧	૦	૦
	,,	દિવેલ શેર દસ...	૧	૮	૦
	,,	શાક, પાન, ને મસાલો	૦	૦	૧૦
	,,	ચુનીભાઈની સ્કૂલનો પગાર ...	૦	૮	૦
	,,	કંકુ તથા સુખડ	૦	૨	૦
	૮	સાબુ દેશી...	૦	૧	૦
	,,	કમળાબેનને સારૂ ઓઢણી ...	૦	૧૧	૦
	,,	,, ,, ,, બીજી ચોપડી	૦	૩	૦
			૨૧	૫	૧૧

જમા,	તારીખ.	આસો સંવત્ ૧૯૩૪. નવેમ્બર સને ૧૮૭૭.	રૂ.	આ	પા.
૮-૧૦-૧ પાછલે પાને બાકી રહેલી સીલક.	૮	ઘઉં મણ એક	૨	૦	૦
૫૦-૦-૦ ગઈ સાલનો પગાર	૯	બાજરી મણ એ...	૨	૦	૦
	,,	શાક, પાન	૦	૦	૯
	,,	એળચી, લવીંગ...	૦	૩	૦
	૧૦	શા. મૂળજી મકનજીની દુકાને ભર્યા	૨૫	૦	૦
	,,	વાસણને કલાઈ કરામણી... ...	૦	૪	૩
	,,	પાણી કાઢવાને દોરડું કાથાનું ...	૦	૧	૬
	,,	સુડીને જડ નવી કરાવી તેની ...	૦	૦	૩
	,,	આંધળા ભિખારીને દાન	૦	૦	૧
	,,	કોળું શેર એક...	૦	૦	૨